ગુજરાતનું પાક્ષિક વિચારપત્ર

# નિરીક્ષક

૧૬ ફેબ્રુઆરી ૨૦૧૨ અંક ૪ સ્થાપના : ૧૯૬૮ પાક્ષિક પૃ. ૨૪ કિં. રૂ. ૬/-

Reg.under RNI No. GUJGUJ/2009/29656, PSO on F/N 1st & 16th of every month under Postal Reg. No. GAMC777/2012-2014 Ahmedabad, valid upto 31-12-2014

'નિરીક્ષક' : ૨૦૦૨ના ઘટનાક્રમ દરમ્યાન

અનુક્રમ


- પ્રકાશ ન. શાહ : નમોને નૈતિક અધિકાર નથી ૩
- સુવર્ણા : માનવધર્મ જ્યારે પ્રગટવા કરે છે ૪
- મહેશ દવે :અહેસાન જાફરી ૫
- સઈદ નકવી : હજુ આગલી રાતે ૬
- ઈલા પાઠક : શાંતિ માટે સ્ત્રીઓ ૭
- ગુજરાતી સાહિત્ય પરિષદ : સૌની ગુજરાત ૮
- પી. ખરસાણી અને અન્ય : રંગભૂમિ દિન ૮
- પ્રકાશ ન. શાહ : કેકા, ઉંમર વરસ સત્તાણું ૯
- રંજના અરગડે : 'સુલહ કુલ'ના શાયર વલી ૧૧
- બટુક વોરા : વડાપ્રધાનની મુલાકાત ૧૨
- દિનેશ શુક્લ : આંતરરાષ્ટ્રીય પરિમાણ ૧૩
- મુંબઈના સાહિત્યરસિકો : અમે નાગરિકો ૧૪
- નારાયણ દેસાઈ : કે. કા. શાસ્ત્રીને ૧૪
- મહેબૂબ મકરાણી : હિંદુત્વ અને મુસ્લિમો ૧૫
- સાદિક નૂર પઠાણ : 'મુસ્લિમ' ૧૫
- દિનેશ શુક્લ : ગુજરાતી અને અંગ્રેજી વચ્ચે ૧૬
- રમેશ બી. શાહ : અખબારોની ભૂમિકા ૧૭
- ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી લંડનનો પત્ર ૧૯
- પ્રકાશ ન. શાહ : નમો અને કલિંગ ? ૨૦
- અદિતિ દેસાઈ : તને મારા સમ ૨૨
- પ્રવીણ ગઢવી : વેરઝેર વેરઝેર ૨૨
- પ્રીતિ સેનગુપ્તા : જે છે છે ને છે તેની ગઝલ ૨૨
- ગુજરાતી લેખક મંડળ : વલીનું સ્મારક ૨૨
- હિમાંશી શેલત : ગુજરાત દર્શન : ૨૦૦૨ ૨૩


+ 'નિરીક્ષક' દર માસની પહેલી તથા સોળમી તારીખે પ્રગટ થાય છે. લવાજમાનાં દર : વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫૦/-, વિદેશમાં રૂ. ૨૫૦૦/-, લવાજમની રકમ 'નિરીક્ષક પ્રકાશન'ના નામના બેન્ક ડ્રાફ્ટથી અથવા મ.ઓ.થી શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઇન્કમટેક્ષ, અમદાવાદ-૧૪ને મોકલવામાં આવે તે અપેક્ષિત છે. આજીવન સભ્યો માટે : રૂ. ૧૫૦૦/-, વિદેશમાં રૂ. ૨૫૦૦૦/- નિરીક્ષક ફાઉન્ડેશનનાં નામના અમદાવાદની બૅન્ક ઉપરના ડિમાન્ડ ડ્રાફ્ટથી નીચેના સરનામે મોકલવા : શાર્દૂલ પ્રેસ, રંભા કોમ્પ્લેક્સ, ઇન્કમટેક્ષ, અમદાવાદ-૧૪ સંપાદકીય પત્રવ્યવહાર : 'પ્રકાશ', નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૯. (ફોન : ૨૬૫૬૨૮૦૬)

E-mail : prakash.nirikshak@gmail.com

તંત્રી : પ્રકાશ ન. શાહ

સહયોગી તંત્રી (દેશાવર): વિપુલ કલ્યાણી

'Holly Cottage' 13 Ferring Close, HARROW, Middlesex, HA2 0AR, UK

e.mail : vipoolkalyani.opinion@btinternet.com

પરામર્શક : નિરંજન ભગત

## રે, ગૌરવ !

કહો નાખુદાસે વો લંગર ઉઠા લે, હમ તુફાન કી જિદ્દ દેખના ચાહતે હૈ : આ રણરંગી કવોટેશનિયા ઉદ્ગારો અંબાજીના સદ્ભાવના રાવણામાં મુખ્યમંત્રી મોદીના છે. વારાફરતી, સરકારી નહીં તો સંદિગ્ધ એવા નાણાસ્રોતે કેબીડી ધાટીએ ચલાવાઈ રહેલા આ ચુનાવી પ્રચારદોરમાં એકદમ જ તુફાન કી જિદ્દ જોવાનો ઘોરનાટકી સોલો કેમ ઉપડ્યો હશે આ જણને ?બારમી ફેબ્રુઆરીના એમના આ ભાષણનું તત્કાળનિમિત્ત તંત્રીને એ જ તારીખે ઈન્ટરનેટ પર ફરતા થયેલા એક તહલકા હેવાલમાં જણાય છે. ગુલબર્ગ કેસમાં એસ.આઈ.ટી. નમોને ક્લીન ચિટ આપતો ક્લોઝર હેવાલ અમદાવાદની કોર્ટને આપશે એવા સંકેતો આગલા અઠવાડિયાથી હવામાં હતા, અને નિસબત ધરાવતા નાગરિકને નાતે આ લખનાર સહિત સંખ્યાબંધ સાથીઓએ સર્વોચ્ચ અદાલતના વડા ન્યાયાધીશ જોગ ન્યાયની પ્રક્રિયા રખે નંદવાય એ આશંકાએ આરતભરી ધા પણ નાખી હતી. હકીકતે સર્વોચ્ચ અદાલતને ખુદને એસ.આઈ.ટી.ની કારવાઈ બાબતે કોઈક તબક્કે આઘાપાછીની બૂ આવતાં એણે એમાઈક્સ ક્યુરી (અદાલતમિત્ર) લેખે રાજુ રામચંદ્રનની સેવા માગી લીધી હતી. છેવટે, એસ.આઈ.ટી.એ અદાલતને પોતાનું તપાસપોટકું સુપરત કીધું છે. સંબંધિત પક્ષને નાતે ઝકિયા જાફરી વગેરે તે જોવાને હકદાર હોવા બાબતે અદાલત પંદરમી ફેબ્રુઆરીએ એટલે કે આ અંક ટપાલમાં આપને પહોંચશે તે પૂર્વે પોતાનો ચુકાદો આપી ચૂકી હશે.

પણ વાત આપણે બારમી ફેબ્રુઆરીની કરતા હતા. અંબાજીના રાવણામાં વળી એકવાર ગર્જનતર્જનનો ખેલ કદાચ એટલા માટે વિશેષરૂપે પડ્યો કે અદાલતમિત્ર રાજુ રામચંદ્રને બહુધા એસ.આઈ.ટી. તપાસ પરથી જ તારણો બાંધીને મુખ્યમંત્રી મોદી ઉપર ભારતીય દંડસંહિતા મુજબની ન્યાયિક નસિયત કારવાઈની સંભાવના ચીંધી બતાવ્યાનો તહલકા હેવાલ ઈન્ટરનેટ પર રમતો થઈ ચૂક્યો હતો. દેખીતી રીતે જ, ક્લીન ચિટની હરખ-હેંગઓવરી પણ કર્કશ કર્ણકટુ કિલકારીઓ વચ્ચે કબાબમાં હડ્ડી જેવી બાતમી એ હતી. માટે સ્તો તુફાનની જિદ્દ ઉર્ફે દિલ્હીની તીસહજારી કોરટમાં સંજય ગાંધીના નમૂનાઓ 'જબ તક સૂરજચાંદ રહેગા'ની નારાબાજી કરતા હતા એવો તાશેરો.

હશે ભાઈ, નાખુદાની તો ખબર નથી, પણ ખુદાની છે. કહે છે કે ઈશ્વરની ઘંટી ધીમું દળે છે, પણ દળે છે જરૂર. જોગાનુજોગ, આ લખતી વેળાએ તંત્રીને ૨૦૦૨ના એ આતંકિત દિવસરાત સાંભરે છે જ્યારે 'ન્યૂ સ્ટેટસમેન'ના વિશેષ સંવાદદાતાએ એને કહ્યું હતું કે રાજ્યના બે મંત્રીઓએ (પોતાનાં નામ જાહેર નહીં કરવાની શરતે) એ મતલબનું કહેલું કે અમે તો કંઇ કરી શકતા નથી, પણ ઈશ્વર જેવું જો કંઈક હશે તો મોદીને (નૃશંસ નરસંહારની રાજનીતિ સબબ) પાપનો બદલો જરૂર મળશે : પાછળથી જાણવા મળ્યું તેમ જસ્ટિસ ક્રિષ્ણા અય્યર પંચ સમક્ષ હરેન પંડ્યાએ બેબાક જુબાનીમાં આ બધી વાતો કહી હતી. ક્રિષ્ણા પંચના એક સિનિયર સભ્ય, પ્રેસ કાઉન્સિલના પૂર્વ અધ્યક્ષ ન્યાયમૂર્તિ સાવંતે એક વાતચીતમાં તંત્રીને કહ્યું હતું કે અમે એ રીતે બધી વિગતો હેવાલબદ્ધ કરી છે કે એફ.આઈ.આર.ને ધોરણે આગળ જઈ શકાય - અલબત્ત, તંત્ર ચાહે તો.

ગમે તેમ પણ, જ્યારે રાજુ રામચંદ્રનની સાફ ભૂમિકા-નમો નસિયત લાયક હોઈ શકે છે - કાનૂની બુનિયાદ પર સામે આવી છે ત્યારે અગાઉના 'ઓપરેશન કલંક' સહિતના તથ્યબોધથી નહીં હલેલ ધોરણસરની કાનૂની પ્રક્રિયા કેમ આગળ ન ચાલી શકે ? એસ.આઈ.ટી. ના વકીલબહાદુર (બચાડા રોટીઓશિયાળા) અજબ જેવી માસૂમિયતે માંજો પાયેલ પૃચ્છા કરે છે, તીસ્તા કોણ ? એનું શું લોક્સ સ્ટેન્ડાઈ છે? ભઈલા મારા, રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે અસંદિગ્ધ શબ્દોમાં કહ્યા છતાં તમારાં તંત્રો હાલતાં નહોતાં ત્યારે હલાવનારાં તો તીસ્તાબહેનથી માંડીને હી- ઓલ્સો-રેન જેવા આ નાચીજ

⇨

સહિત સૌ હતાં અને છે. તમારાં તંત્રોએ અને જો 'ન્યાયની કસુવાવડ' માં મૌનભાગી થતું હોય તો ન્યાયતંત્રે પણ, પોતાનું લોક્સ સ્ટેન્ડાઈ પુરવાર કરવાની ઈતિહાસ ઘડી આ તો છે. અણ્ણા હજારે અને સિવિલ સોસાયટીના લોકસ સ્ટેન્ડાઈનો પરચો આટલી જલદી ભૂલી ગયા ?

જવા દો, જીવદયા જેવુંયે કાંક છે અને તંત્રીસ્થાનેથી 'જીભાજોડી' ઠીક નહીં એટલે અહીંથી અટકું. માત્ર, અંબાજીના ગિરિતળેટી પ્રવચનમાં મુખ્યમંત્રીએ તુફાનની જિદ્દ સાથે એવી જે આગાહી કરેલી કે હવેનો મહિનો આ બધા 'ગુજરાતવિરોધીઓ' મારા પર તૂટી પડશે એના ક્ષ-પરીક્ષણ રૂપે આટલી પ્રતિક્રિયા આપી વાતનો બંધ વાળું કે 'આઈ એમ ધ સ્ટેટ' માં મત્ત ફ્રાન્સના લુઈ અને 'ઇંદિરા ઈઝ ઈન્ડિયા' જેવા ખયાલોમાં રાચતા દેવકાન્ત બરુઆની જોડાજોડ ઈતિહાસમાં ગુજરાતનું એક ગૌરવવંતુ પ્રદાન હોઈ શકે છે. રે ગૌરવ, તું ક્યાં ક્યાંથી કેવે કેવે રૂપે ફૂટી નીકળે છે !

(૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૨) પ્ર.ન.શા.

## આ અંક વિશે

ગોધરા-અનુગોધરા દસવરસીના પૂર્વ પખવાડિયે આ અંકમાં વધુ પાનાં જોગવી એનો સિંહભાગ ૨૦૦૨માં ચાલુ ઘટનાક્રમે સૌ સચેત, સચિંત, સહૃદય લેખકોએ અને તંત્રીએ જે બધું લખવાનું બન્યું હતું એની ઝલકરૂપે આપવો મુનાસીબ માન્યું છે. વધુ પાનાં આપી એ મહિનાઓમાં ખાસી સામગ્રી આપવાનું બન્યું હતું. જોકે શતસહસ્ર નકલોના દેમાર દૈનિક ધોધમારા વચ્ચે 'ભૂમિપુત્ર', 'નયા માર્ગ', 'નિરીક્ષક' છેકજ તનુકાય હતાં અને છે. પણ બધી મર્યાદાઓ વચ્ચે પણ જેમ ત્યારે તેમ અત્યારે પણ એ વિશ્વાસ બરકરાર છે કે મસમોટા બલકે દૈત્યકાય ફુગ્ગાઓને સારુ એક તનુકાય ટાંકણી પૂરતી છે. અહીં ત્યારના અગ્રલેખો, લેખો અને હેવાલોમાંથી થોડું એટલે કે બહુ જ થોડું આપી શક્યા છીએ. ઘણુંબધું નથી અહીં. સંજય શ્રીપાદ ભાવે અને સુવર્ણાબહેનની ત્યારે સતત કુમક રહેતી ઈયત્તા અને ગુણવત્તા બેઉ ધોરણે. બીજાં પણ નામો ગણાવી શકું. વિવેક ખાતર નહીં પણ કૃતજ્ઞતાથી ગણાવી શકું. પણ એમાં નહીં જતાં એક હૃદયભાવ વ્યક્ત કરું, અને પછી એક જાહેરાત.

આ બધું એ આશાએ અહીં આપ્યું છે કે ત્યારના જુદા જ માહોલમાં ગુજરાતના એક વિશાળ વર્ગને આખી વાતને સમ્યક્પણે જોવા જેટલી સુધબુધ નહોતી રહી તે સૌ હવે એના ઉજાસમાં પાછળ નજરને ધોરણે જાત સાથે સંવાદ થકી (કમ્પેરિંગ નોટ્સની ઢબે) નિરક્ષીરવિવેક અને નીરમ લાભી શકશે. (નમૂના દાખલ, ચીંધું કે રમેશ બી. શાહ અને દિનેશ શુક્લની મીડિયા ચર્ચા અતિમહત્ત્વની છે.)

*અને હવે પેલી જાહેરાત. સદ્ભાગ્યે ૨૦૦૨ના અંકોમાંથી કેટલીક નકલો હજુ સચવાયેલી છે. જેમને તે મેળવવામાં રસ હોય તેમને વાજબી સહયોગ રાશિને ધોરણે એ મળી શકશે. (સંપર્ક : નયના શાહ, ૦૭૯-૨૬૫૬૨૮૦૬)*

આગામી અંક પણ ૧૬ને બદલે ૨૪ પાનાંનો હશે અને દસ વરસને અંતે આકલનરૂપ નવેસર લખાયેલી વિશેષ સામગ્રી એમાં હશે. છૂટક નકલ મેળવવાનું પાછળથી અઘરું બનતું હોય છે એટલે વેળાસર વ્યવસ્થા કરી લેવા સૌને વિનંતી.



## નિસબતને નાતે / ડૉ. કલ્પના ઘનશ્યામ શાહ

'નિરીક્ષક' નાણાં ભીડ અનુભવે છે તે જાણ્યું. આમ ના બને તે જ નવાઈ. નિસબત ધરાવતા લોકો સમાજમાં ઓછા જોવા મળે છે એની ચિંતા પ્રકાશભાઈ તમારા લખાણમાં અવાર-નવાર દેખાઈ આવે છે. 'નિરીક્ષક'ના લેખોમાં સમાજ પ્રત્યેની નિસબતના સૂર ઉઠે છે.

વાત-પ્રતિવાત, વાદ-વિવાદ, સંવાદ-પ્રતિસંવાદ, ચર્ચા-વિચારણા, મત-મતાંતર, સંમતિ-અસંમતિ, ટીકા-ટિપ્પણી, વિરોધ વગેરે અભિવ્યક્તિ જેના થકી સમાજની માનસિક તંદુરસ્તી જળવાઈ રહે છે તે 'નિરીક્ષક'ના સોળ પાનામાં સમાવી લેવાય છે. આજે વિરોધ, ટીકા-ટિપ્પણી, મતાંતર કે ભિન્ન દૃષ્ટિ રજૂ કરવા સ્પેસ મર્યાદિત છે. ફક્ત મારું જ સાચું નહીં પણ તે જ બ્રહ્મ-સત્યવાળા સામાજિક માહોલમાં એક-રાગ, એક-સૂરથી અલગ વાત કરનારાઓને 'નિરીક્ષક' સ્પેસ આપે છે.

'નિરીક્ષક'નાં સોળ પાનાં બહુમૂલ્ય છે. તે ફક્ત આશાનું કિરણ નથી પણ સમાજમાં મૂળ સાથે જડાયેલું બીજ છે. એને મુરઝાવા દેવાય નહીં. નિસબત ધરાવનારા અમારા સૌએ એને નાણાં વડે સ્તંચવુ જરૂરી છે. આ લાગણી સાથે યથાશક્તિ રૂ. ૧૦,૦૦૦/-નો ચેક મોકલું છું જે સ્વીકારશો.

૨૦૪, સંતૂર એપાર્ટમેન્ટ, પરિમલ ક્રોસિંગ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬

## અજંપ આત્માઓની મંડળીમાં / રમેશ કોઠારી

મારા પુત્ર ચિ. વૈભવ (પ્રો. વૈભવ કોઠારી, ગાંધીનગર)ના જન્મદિન નિમિત્તે, તેને ભેટ સ્વરૂપે 'નિરીક્ષક'ના આજીવન સભ્યપદની રકમનો ચેક મોકલી રહ્યો છું. જે સ્વીકારી ઉપકૃત કરશો.

જાહેરજીવન સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંવેદનાના તાંતણે જોડાયેલા સૌ કોઈએ, નિરીક્ષકની પડખે યથાશક્તિ તતિ ખડા રહેવાનો આનંદ હોય જ અંગત રીતે મને લાગે છે કે, 'નિરીક્ષક' સાથે અનુબંધ હોવો એ તો, being a member of the club of the restless souls બરાબર છે. ચોમેર પથરાયેલા હતાશાના રણ વચ્ચે આ દ્વીપ મોટા આશ્વાસન સમ છે.

કેટલાંય કર્મશીલો અને અભ્યાસીઓના વિચારો, અનુભવો, મૂંઝવણોથી અવગત કરાવતા આ વિચારપત્રની વાચક-સભ્ય સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય એમ ઈચ્છું છું. 'નિરીક્ષક' દ્વારા તેના પ્રારંભકાળથી આદરવામાં આવેલી, જાહેરજીવનને શુદ્ધ અને સમૃદ્ધ બનાવવાની ઝુંબેશને વેગ મળી રહો એ સભ્યર્થતા સાથે વિરમું છું.

૧૦૨, ઇલાક્ષ એપાર્ટમેન્ટ, દક્ષિણી સોસાયટી પાસે, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮

## આટલાં વર્ષો બાદ / ડેનિયલ એફ. મેકવાન

વર્ષોથી, વાર્ષિક ગ્રાહક તો છું જ. પણ આ સાથે હવેથી આજીવન ગ્રાહક તરીકે રૂ. ૧૫૦૦નો ચેક મોકલું છું. હાલના સંજોગોમાં, તમારી પરિસ્થિતિને સમજતાં, આટલાં વર્ષો બાદ આજીવન સભ્ય બનું છું એટલું જ નહીં બીજા મિત્રો-પરિચિતોને પણ વાત કરતો રહું છું. એ મુજબ આ સાથે એક મિત્ર મારફતે વાર્ષિક લવાજમ મેળવી મોકલી રહ્યો છું તે સ્વીકારશો.

મણિનગર,અમદાવાદ.

## 'નિરીક્ષક' : ૨૦૦૨ના ઘટનાક્રમ દરમ્યાન

**આ અગ્રલેખ પ્રેસમાં જઈ રહ્યો છે ત્યારે ગોધરાનો અમાનુષી કાંડ નવ-લાઈસન્સપ્રાપ્ત નરેન્દ્ર મોદી સમક્ષ શુચિર્દક્ષ યથાર્હ દંડનો પડકાર લઈને આવ્યો છે. વડાપ્રધાને વિહિંપને પરિસ્થિતિની ગંભીરતા સમજીને આંદોલન સ્થગિત કરવા અપીલ કરી, એ બરનો ગરવોનરવો શાસનવિવેક નમો દાખવી શકશે ?**

**(૧માર્ચ, ૨૦૦૨) પ્ર.ન.શા.**

### નમોને નૈતિક અધિકાર નથી

ગુજરાતમાં મુદતવહેલેરી ચૂંટણી યોજવાના ભણકારા વાગ્યા ન વાગ્યા ત્યાં તો ભાજપ પ્રમુખ જન કૃષ્ણમૂર્તિએ અને વડા પ્રધાન વાજપેયીએ એ શક્યતા નકારી કાઢી છે, કેમ કે ''અમે અત્યારની પરિસ્થિતિનો રાજકીય લાભ લેવા માગતા નથી.''

આ પરિસ્થિતિ, તે કઈ પરિસ્થિતિ વારુ ? ૨૭મી ફેબ્રુઆરીએ પહેલી માર્ચના અંક માટેનો અગ્રલેખ પ્રેસ પર ચડી રહ્યો હતો ત્યારે ગોધરાના (હજુ એ જ સવારના) આરંભિક અહેવાલોને અંગે ટાંપ મારવાનું થયું હતું કે રાજકોટના પરિણામ સાથે નવ-લાઈસન્સપ્રાપ્ત નમો માટે શુચિર્દક્ષ યથાર્હ દંડનો પડકાર લઈને આ અમાનુષી કાંડ આવ્યો છે ત્યારે જોવાનું રહે છે કે વાજપેયીએ જે રીતે વિહિંપને એનું આંદોલન સ્થગિત કરવાની અપીલ કરી એ બરનો નરવોગરવો શાસનવિવેક નમો દાખવી શકશે કે કેમ.

૨૮મીના બંધને રોકવાની અપીલ તો બાજુએ રહી, પણ રોમ-નીરો-ફિડલ ઇતિહાસના પુસ્તકમાંથી બહાર નીકળીને સીધા ૨૦૦૨ના આનર્તમાં ચાલી આવ્યાં. આ નવી ત્રયી ગુજરાત, નમો અને ન્યૂટનના ત્રીજા નિયમની હતી.

સેંકડો માણસો, માણસ જેવા માણસ, ભૂંજાઈને ભડથું થઈ રહ્યા હતા, જાનમાલની હાણ અને બાળઝાળનો દોર જંગલના દવ પેઠે મત્ત મહાલતો હતો ત્યારે મુખ્યમંત્રી ન્યૂટનનો નિયમ ટાંકતા હતા કે એકોએક આઘાત પ્રત્યાઘાત જગવે છે.

ગોધરાના અસહ્ય, અક્ષમ્ય, અમાનુષી કાંડ પછી ગુજરાતમાં જે ચક્ર ચાલ્યું તે વિશે નમોની આશ્વસ્ત અગર સ્વયંતુષ્ટ મુદ્રા દિવસો લગી એ રહી કે પાંચ કરોડની જનતાએ પ્રમાણમાં સારો સંયમ દાખવ્યો છે. જ્યોર્જ ઓરવેલ હવે અલબત્ત જૂની જણસ થઈ છે : સફેદ જૂઠ (વ્હાઈટ લાઈ) જેવા જે પ્રયોગો નિતાન્ત ઓરવેલીય મુદ્રાવાળા આપણે સાંભળ્યા હતા એ બધાનો જેને આ 'સંયમ' કહેવામાં આવે છે એની સામે કોઈ ક્લાસ નથી. આ સંયમ અને એનું સર્ટિફિકેટ, બેઉ કેટલાં ખાલી ખાલી ખખડતાં હશે તે વડા પ્રધાને ગુજરાતના ઘટનાચક્રમાં એક તબક્કે જે 'કલંક' જોયું હતું અને મોડે મોડે પણ ગૃહપ્રધાન અડવાણીએ ''આપણે (ભાજપે-રાલોગે) જે કંઈ સારાં કામ કર્યાં હોય તે કર્યાં ન કર્યાં થઈ જાય એવો બટ્ટો જોયો હતો'' તે પછી મારે કે તમારે જુદેસર બોલી બતાવવાની જરૂર નથી.

અગનખેલ બાબતે સરકાર અને પોલીસની કામગીરી જ્યારે સીધા મેળાપીપણાની ન હોય ત્યારે પણ આંખ આડા કાન સહિતના વિલક્ષણ સમર્થનની રહી. બીજી બધી તાત્ત્વિક ચર્ચા તો ખેર છોડો, પણ માણસ માટે જેમ ''હું વિચારું છું એથી છું'' (આઈ થિન્ક ધેઅર ફોર આઈ એમ) કહેવાય છે તેમ સરકારની સાદી વ્યાખ્યા તો એ જ ને કે ''તે શાસન ચલાવે છે એથી સ્તો તે શાસન છે'' (ઈટ ગવર્ન્સ ધેઅરફોર ઈટ ઈઝ ગવર્ન્મેન્ટ). નમો પ્રધાનમંડળના કોઈ પણ સભ્ય આ દિવસોમાં સુશાસન અને પ્રશાસન તો શું નામ કે વાસ્તે કહી શકાય એવા શાસન સુધ્ધાંનો દાવો કરી શકે એવો રેકોર્ડ ગુજરાત સરકારનો નથી.

ગમે તેમ પણ, મેળાપીપણા અને જાણીબૂજીને નકો નકો સરકારના આ દોરમાં નમો અને સાથીઓ કોઈક તબક્કે જરૂર એવા તાનમાં આવી ગયા કે આજકાલ આપણો રુક્કો દોડે છે અને આપણે કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુજા સમર્થ છીએ. એમણે મુદત પહેલાં ચૂંટણીનો જે વિચાર કર્યો એમાં આ જ મનોગણિત હશે.

તો પછી પાછા કેમ પડ્યા ? ગુજરાતમાં ચૂંટણી અપાય તો રાષ્ટ્રીય સ્તરે પણ એવી કોઈક માંગ ઊઠે અને રાલોગમાં વિઘટન ને પુનર્ગઠનની પરિસ્થિતિ ઊભી થાય એવું બની શકે એ તર્ક છેક ખોટો નથી તેમ જ આવી સંભાવના નિવારવા સારુ જન કૃષ્ણમૂર્તિ અને વાજપેયીએ ગુજરાતમાં મુદતવહેલેરી ચૂંટણી નહીં એ પ્રકારનો પવિત્રો લીધો હોવાનું અનુમાન અસ્થાને નથી.

...

ગમે તેમ પણ, જેણે સરકારને સરકાર ન રહેવા દીધી અને નાગરિક માત્રની સુરક્ષાના પ્રાથમિક કર્તવ્યની દરકાર સુધ્ધાં ન કરી તેને ગાંધીનગરની ગાદીએ રહેવાનો નૈતિક અધિકાર નથી તે નથી જ.

પ્ર.ન.શા.
(અગ્રલેખ, ૧૬-૩-૨૦૦૨)


અમન, એખલાસ, ઈન્સાફ માટે

**નાગરિક સંમેલન**

**(કોમી સંહાર-૨૦૦૨નો એક દાયકો)**

**તારીખ : ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૨, રવિવાર**

**સ્થળ : મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી, અમદાવાદ.**

**સમય : બપોરના ૨.૦૦ કલાકે**

*નિસબત ધરાવતા સૌને સહભાગી થવા વિનંતી*

સેક્યુલર લોકશાહી આંદોલન (M.S.D.)

નાગરિક સ્વાતંત્ર્ય સંગઠન (P.U.C.L.)

## માનવધર્મ જ્યારે પ્રગટવા કરે છે / સુવર્ણા

ગોધરામાં થયેલા અમાનુષી હત્યાંકાડને એક વાર નહીં સો વાર વખોડવો જોઈએ અને જવાબદાર તત્ત્વો સાથે સખતાઈથી કામ લેવું જોઈએ. પણ એના પ્રત્યાઘાતમાં 'આપણે' અમદાવાદ સહિત પૂરા ગુજરાતમાં સો ગણા હિંસક થઈ નિર્દોષ મુસ્લિમો પર તૂટી પડ્યા એનું શું. ગોધરાની હિંસાખોરી, અમદાવાદનું હિંસક તાંડવ અને ગુજરાતભરમાં હિંદુ-મુસ્લિમ એખલાસનું જમીનદોસ્ત થઈ જવું એ બધાંએ ભેગાં મળીને મનને બેહદ ખિન્ન, અરે લાચાર પણ, કરી મૂક્યું ત્યારે ઓગણીસમી સદીમાં ગોરા કાળા વચ્ચે અમેરિકામાં થયેલ આંતરિક યુદ્ધમાં ખૂબ ખૂનામરકી થયા પછી ત્યારના મહાન રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકન એક વાક્ય બોલેલા તે યાદ આવ્યું. 'અત્યારે મારા હૃદયમાં એટલું બધું દુઃખ છે કે જો હું એ દુઃખ દુનિયાના બધા માનવોમાં વહેંચી દઉં તો દુનિયાનો એક પણ માનવ હસી ન શકે.' માત્ર મારી જ નહીં ગુજરાત ને ભારતની દરેક શાંતિપ્રિય અને હિંદુ-મુસ્લિમના કોમી એખલાસમાં માનતી એકેએક વ્યક્તિની આવી મનોદશા થઈ ગઈ છે તેવું હું માનું છું.

પણ જ્યારે આપણું શહેર ને પૂરું ગુજરાત ભડકે બળી રહ્યું છે ત્યારે કિંકર્તવ્યમૂઢ બની નિષ્ક્રિય બેસી રહેવાય ? ને એમાંય અમે તો મુવમેન્ટ ફૉર સેક્યુલર ડેમોક્રસી (એમએસડી)ના કાર્યકર્તાઓ છીએ. એ નાતે વિજય ચાર રસ્તા પર (જ્યાં હું રહું છું) ઘરથી સાતેક મિનિટને રસ્તે એક મુસ્લિમ બંધુની રેસ્ટોરન્ટ બળી રહી હતી ને કેટલાંય બાળકો (!) એ જોવાય ગયાં હતાં ત્યારે મારે ત્યાં જઈ ટોળાને રોકવાની કોશિશ નહોતી કરવી જોઈતી ? જિંદગીમાં આવી લાચારી ને શરમ મેં ક્યારેય અનુભવ્યાં નથી. જોકે તરત પછી થોડાક મુસ્લિમ મિત્રો સાથે ફોન પર આ પીડા શેર કરી ત્યારે તેમણે કહ્યું, 'ટોળા પાસે જવાય જ નહી. કોમી એખલાસની વાત કરવા માટે પણ થોડીક શાંતિની જરૂર છે.'

સાચું, શાંતિની વાત આમ તો યુદ્ધ વખતે સૌથી વધુ પ્રસ્તુત હોય છે, પણ એ માટેય થોડી શાંતિની જરૂર હોય છે ! અને એવી શાંતિ જળવાઈ રહે એ જોવાની જવાબદારી પ્રત્યેક નાગરિકની તો છે જ, પણ સૌથી વધુ પોલીસ અને સરકારની છે. પણ એ લોકો પોતાની જવાબદારી ચૂકે તોય આપણાથી બનતું બધું જ આપણે કરી છૂટવું જોઈએ એવી ઉમદા ભાવના ધરાવતા થોડાક નાગરિકો ને ઘણી બધી સંસ્થાઓ, એનજીઓએ બે શાંતિયાત્રાઓ યોજી. એમાં ચુનીકાકા તથા વેડછીથી ખાસ આવી પહોંચેલા નારાયણભાઈ દેસાઈ, ઈલાબહેન અને પ્રકાશભાઈ, બિશપ ફર્નાન્ડીઝ, કૃષ્ણકાન્ત વખારિયા, મૃણાલિનીબહેન સારાભાઈ, ડૉ. અલઘ, જસ્ટિસ રવાણી, બટુકભાઈ વોરા, વિવિધ સંગઠનોના કર્મશીલો, ભચાઉની ભૂકંપ રાહત છાવણીમાં બે દિવસ માટે જઈ ખાસા દોઢબે માસ રહી કામમાં મચી પડેલા મુસ્લિમ બિરાદર ગાંધીચાચા તથા એક દસ વરસના શાંતિદૂત સહિત પાંચસો જેટલાં નાગરિક ભાઈ-બહેનો શિસ્તબદ્ધ ને શાંતિથી કોચરબ આશ્રમેથી નીકળ્યા અને હરિજન આશ્રમે પહોંચ્યા ત્યારે તો સહેજે ૧૨૦૦થી ઉપર એમનો આંક પહોંચી ગયો હતો. હૃદયકુંજના પવિત્ર પરિસરમાં ઢળતા સૂરજની સાખે, સર્વધર્મ પ્રાર્થનાના સમવેત સૂરો પછી 'મસ્જિદ ભી લે લો, મંદિર ભી લે લો' તરેહના ભદ્રા સવાઈના હૃદયગાન સાથે નવો સૂરજ જાણે ઊગવા કરતો હતો.

શાંતિયાત્રા દરમિયાન મને ગાંધીબાપુ તો નતમસ્તક યાદ આવ્યા જ. પણ તે સાથે નોર્મન કઝિન્સ પણ યાદ આવ્યા. ૧૯૩૮માં વિશ્વયુદ્ધની શરૂઆત થતાં એમનો સંવેદનશીલ આત્મા તરફડી ઊઠ્યો હતો. શાંતિ માટે શું કરવું ? કેવી રીતે કરવું ? ને એમના હાથમાં ગાંધીજીનો એક લેખ આવ્યો, જેમાં અહિંસક સત્યાગ્રહની વાત હતી. એક વ્યક્તિ પોતાથી જ શરૂઆત કરે ને કામ પોતાના દાયરામાં કરે પણ નજર સૌ તરફ રાખે. નોર્મન કઝિન્સમાં નવસંચાર થયો પછી તો એમણે શાંતિ ને માનવતા માટે જે સેવા કરી છે તેના આપણે સૌ સાક્ષી છીએ.

એ જ ભાવનાથી દોરવાયેલી હું ગાંધી શાંતિ પ્રતિષ્ઠાનનાં નયનાબહેન જોડે બેઘર થઈ ગયેલાં મિલ્લત કોલોની, ગુપ્તાનગરનાં મુસ્લિમ ભાઈ-બહેનો સાથે વાત કરવા ગઈ હતી. નાના લારીગલ્લાવાળા, ધોબી, બંગડી બનાવનારા છૂટક મજૂરી કરનારાં બહેનો, બધાંના ઘર રાખ થઈ ગયાં છે, લૂંટાઈ ગયાં છે. જાહેરાબહેન, મહેમૂદભાઈ, શમીનાબાનુ, હસનખાનચાચા, અનવરભાઈ બધાંએ પોતાની વરાળ ઠાલવી, ને કહ્યું, 'અમારે લડવું નથી, રોજનું રોજ રળીએ છીએ. ગોધરામાં થયું એનો બદલો અમારાં પર કેમ ?' મુસ્લિમ વસ્તીના આ જ ભાઈઓ શાંતિપ્રિયતાનું ઉદાહરણ આપી રહ્યા છે. થોડાક હિંદુ ભાઈઓ હાફિઝભાઈ કે જેમનું ઘર રસ્તા પર છે તેમના રક્ષણ માટે ત્યાં બેસે છે. વૉશર રીપેર કરનાર નાસીરભાઈએ પોતે હિંદુ-મુસ્લિમ એકતાના પ્રખર હિમાયતી છે તેની વાત વિગતે કરી : 'બંને કોમોએ શાંતિ જાળવવી જ રહી. અહીં રહેતા રીક્ષાવાળા, પેડલ રીક્ષાવાળા, નાનાં કામ કરનાર, કોઈને ઝઘડામાં રસ નથી.'

સવારે મિલ્લત કોલોનીમાં નયનાબહેન સાથે બે-એક કલાક ગાળ્યા પછી બપોરે ગણપતભાઈ કે જે શાહપુરમાં રહે છે તેમની સાથે સંવેદનશીલ ગણાતા શાહપુર વિતારમાં મુસ્લિમ ભાઈબહેનો સાથે ચારેક કલાક ગાળ્યા ત્યારે ફરી ખાતરી થઈ કે મુસ્લિમો ખરેખર હિંદુઓ સાથે એખલાસથી રહેવા માગે છે. ને તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ત્યાં રહેતા ડૉ. મહમ્મદહુસેન મન્સુરી છે. તેમણે કહ્યું : ''ગોધરાનો બનાવ હિચકારો છે જ. પણ નરોડાનો નથી ? પણ હું તો ત્યાં સુધી કહીશ કે હિંદુ-મુસ્લિમોમાં શાંતિ સ્થપાય તે માટે મુસ્લિમો બાબરી-મસ્જિદની વાત પર આ રીતે વિચાર કરે : બાબરી મસ્જિદનો મામલો પચાસ વર્ષથી વધુ સમયથી કોર્ટમાં છે .આ મામલા પર વારંવાર ધાર્મિક ભાવનાઓને ભડકાવવામાં આવે છે. ભારત દેશના બંધારણ અને ન્યાયને પણ ગણકારવામાં આવતું નથી ત્યારે મુસ્લિમ સમાજે બાબરી મસ્જિદની વાતને જતી કરવી જોઈએ અથવા સરકાર પર દબાણ લાવવું જોઈએ કે તાકીદે સુપ્રીમ કોર્ટ આ અંગેનો ફેંસલો આપી દે જેનું સૌ પાલન કરે જેથી મસ્જિદ અને મંદિરના નામ પર જે ભયંકર હિંસાચાર થાય છે અને અસંખ્ય મસ્જિદો તેમ જ મંદિરોને જે નુકસાન થાય છે તે અટકે ને ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ચાલુ ન રહે. આ મતલબનો એક પત્ર હું સતર્ક મુસ્લિમ ભાઈ-બહેનોની સહી સાથે મુસ્લિમ પર્સનલ લૉ બૉર્ડ તથા બાબરી મસ્જિદ એકશન કમિટીને લખી મોકલવાનો વિચાર કરું છું.''

**અને છેલ્લે**

સૌની બળતી આંતરડી ઠરે તેવી થોડીક વાતો.

બાપુનગર-નરોડા વિસ્તારમાં શ્રી મોરારિબાપુ ને લોકસમિતિના ચુનીકાકા તથા 'અવાજ'નાં ઈલાબહેનની નેતાગીરી નીચે શાંતિયાત્રા નીકળી (૧૦/૩/૨૦૦૨) જેમાં સ્થાનિક લોકોએ સાથ આપ્યો.

માંગરોળ (જૂનાગઢ)માં હિન્દુ, મુસ્લિમ, દલિત, કોળી, વણકર, વાઘરી, બ્રાહ્મણ,મીર મુસ્લિમ, સીપોઈ-મુસ્લિમ એમ બધી જાતિઓનાં સમૂહલગ્ન સર્વોદય સેવા સમિતિના શ્રી શરદ યાદવના સાથથી શાંતિપૂર્વક સંપન્ન થયાં.

અમદાવાદ ને ગુજરાત ભડકે બળતાં હતા ત્યારે અમદાવાદના રામ-રહીમ નગરમાં હિદુ-મુસ્લિમ શાંતિથી રહ્યા ને બહારના કોઈ પણ હિંસક તત્ત્વની ચાલમાં ન આવ્યા.

વડોદરા પાસેના તરાજા ગામમાં પણ હિંદુ-મુસ્લિમો શાંતિથી રહી એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડી રહ્યા છે.

ગુજરાતમાં શાંતિ સ્થપાય તેની ચિંતા પૂરા ભારતના સંનિષ્ઠ નાગરિકોને હતી. શ્રી બટુકભાઈના પ્રયત્નોથી ભૂતપૂર્વ પ્રધાનમંત્રીઓ આઈ.કે. ગુજરાલ, વી.પી.સિંહ અને નિર્મલા દેશપાંડેએ અમદાવાદની મુલાકાતે આવી શાંતિ-સ્થાપનાની હાર્દિક અપીલનું કામ કર્યું.

અમદાવાદના મિલ્લત કોલોની-ગુપ્તાનગરમાં વસતા વંચિત મુસ્લિમો ઘરબાર વગરના થઈ ગયા છે. આ વિસ્તારમાં નયનાબહેને છેલ્લાં ત્રણ વર્ષથી જન શિક્ષણ સંસ્થાનના સહકારથી વ્યાવસાયિક તાલીમના વર્ગો શરૂ કરવા વગેરે સંઘર્ષ કરી મેળવવાની શરૂઆત કરેલી છે.

હજુ હમણાં પ્રજાતંત્રના દિવસે ૨૬મી જાન્યુઆરીએ નજીકની ભરવાડ-વસ્તી સાથે મુસ્લિમ બહુમતીએ સાથે મળી ‘સારે જહાંસે અચ્છા’ ગાયું ને પ્રકાશભાઈએ રાષ્ટ્રધ્વજના રંગોની વાત માંડીને આપણા લોકોનો રંગ લીલો, કેસરી કે વાદળી નથી પણ ખૂનનો રંગ લાલ ને લાલ જ છે, આપણે સહુ એક છીએ- ની વાત સાદી ને સ્પષ્ટ રીતે કહી. એ વખતે બહેનોના જૂથે પાણી ને ગટર માટેનો નાગરિક અધિકાર માંગેલો એના બદલે રહેવાનો અધિકાર રાતોરાત છીનવાયો. વળી પાછું એકડે એકથી શરૂ કરવાનું આવ્યું!

એમએસડી (મુવમેન્ટ ફૉર સેક્યુલર ડેમોક્રસી)માં નક્કી થયું કે દરેક સાથી વ્યક્તિગત રાહે કે સમૂહમાં સંવેદનશીલ વિસ્તારોમાં ને અન્યત્ર શાંતિના તેમ જ રાહતના પ્રયાસો કરી બે સમુદાયો વચ્ચે વાતચીત -વિશ્વાસ જાળવવા મથે. તેના ભાગ રૂપે શાહપુર મહેસાણિયા વાસમાં રહેતા દલિત કાર્યકર ગણપતભાઈના સાથથી આ લખનારે શાહપુરનાં મુસ્લિમ ભાઈ-બહેનો સાથે ચારેક કલાક ગાળી કાયમી ધોરણે એ વિસ્તારમાં કોમી એખલાસનું વાતાવરણ કઈ રીતે કરી શકાય તે માટે સાબીરાબહેન, નાઝબહેન, ઇબ્રાહિમભાઈ, ડૉ. મન્સુરી, આસીફભાઈ, તારીકભાઈ ને બીજાં થોડાંક ભાઈ-બહેનો સાથે વાત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો.

આવા શાંતિ માટેના નાના મોટા સંનિષ્ઠ પ્રયાસો કેટલાય થયા હશે ત્યારે સેમ્બલન્સ ઑફ પીસ કહેવાય તે થયું છે.

(૧૬-૩-૨૦૦૨)

અંજલિ

## અહેસાન જાફરી, ન પયગંબર મદદે આવ્યા ને ન અલેકઝાન્ડર / મહેશ દવે

અહેસાન જાફરી સાથે પ્રત્યક્ષ સંબંધ નજીવો, પણ ઝાઝા બધા પરોક્ષ પરિચયને કારણે એમની સાથે હું ઘનિષ્ઠતા અનુભવતો. બેઠી દડીના, ખાદીનાં કપડાં પહેરતા, શ્યામલવર્ણા અહેસાન જાફરી વિનોદી ને હસમુખા હતા. એ મારા સમાનધર્મા ગણી શકાય. ૧૯૭૪થી ૧૯૮૫ સુધી મેં ધારાશાસ્ત્રીની હેસિયતથી અમદાવાદમાં કામ કર્યું, જાફરીસાહેબ વ્યવસાયે જીવનભર એડવોકેટ રહ્યા. મારી જેમ જ ધર્મનાં જડ વિધિવિધાન અને ક્રિયાકાંડમાં રસ નહીં, પણ ભાઈચારો, સમાનતા, વૈચારિક ઉદારતા, પરોપકાર, માનવકલ્યાણ, શુભ અને માનવતા જેવાં ધર્મનાં આધ્યાત્મિક મૂલ્યોમાં તે માનતા અને ચુસ્તીથી એ મૂલ્યોને પાળતા. અને છેલ્લે મારી જેમ એમણે પણ થોડીક-સો-દોઢસો જેટલી -કવિતાઓ (ઉર્દૂમાં) લખેલી. (એમના બે કાવ્યસંગ્રહ થયેલા છે.) જાફરીસાહેબ કાવ્યપ્રેમી અને કાવ્યરસિક હતા. અલી સરદાર જાફરી, મજરૂહ સુલ્તાનપુરી અને જાવેદ અન્સારી જેવા મોટા ગજાના અને બીજા નાના-મોટા કવિઓ તેમના અંગત મિત્રો હતા. જાફરીસાહેબ ઉર્દૂના બહુ સારા વક્તા પણ હતા.

મેં અમદાવાદમાં હરુભાઈ મહેતા સાથે રહી વકીલાત કરી. જૂના સામ્યવાદી બિરાદર હોવાના નાતે હરુભાઈ અને જાફરીસાહેબને બહુ સારું. તે કારણે જાફરીસાહેબને મળવાનું થતું. ગુજરાતમાં સામ્યવાદી રંગે રંગાયેલા શરૂઆતના બિરાદરોમાંના જાફરીસાહેબ એક. સિન્ડિકેટ-ઇન્ડિકેટમાં ભાગલા પડ્યા ત્યારે બીજા કેટલાક સામ્યવાદીઓ સાથે હરુભાઈ અને જાફરીસાહેબ ઇન્દિરા કૉંગ્રેસમાં જોડાયા. ઇમરજન્સી નાખવાને કારણે ૧૯૭૭ની ચૂંટણીમાં કૉંગ્રેસ સાફ થઈ ગઈ. ઉત્તર ભારતમાં એકે બેઠક ન મળી. ઇન્દિરા ગાંધી પણ હારેલાં. તે વખતે અમદાવાદ શહેરની લોકસભા-બેઠક જાફરીસાહેબ કૉંગ્રેસ માટે જીતી લાવેલા, તે જાફરીસાહેબની લોકપ્રતિષ્ઠા બતાવે છે.

જાફરીસાહેબ હાજી-હા કરનારા ચાપલુસિયા (સાઈકોફન્ટ) રાજકારણી હોત તો રાજકારણમાં તેમને પુષ્ટિ અને સિદ્ધિ મળી હોત, પણ એ હતા આદર્શઘેલા કવિહૃદય. તેથી જ રાજકારણમાં જોઈએ એટલી તેમની કદર ન થઈ. તેનો તેમને રંજ પણ ન હતો. ૧૯૮૪માં અમદાવાદની લોકસભાની ટિકિટ એમને નહીં, પણ નવા નિશાળિયા હરુભાઈને મળી. એ છતાં જાફરીસાહેબે દિલોજાનથી હરુભાઈને મદદ કરી હતી, તેનો હું સાક્ષી છું. એ જ વખતે ગાંધીનગર બેઠક પર કૉંગ્રેસના જી.કે.પટેલ ચૂંટણી લડેલા. જી.કે.પટેલની મતગણતરી અને ફેરમતગણતરી વખતે મને આખો દિવસ જાફરીસાહેબ સાથે કામ કરવાની તક મળી હતી ત્યારે વિશેષ પરિચય થયો. અત્યંત સરળ સ્વભાવ, નાની-નાની હલકી-ફુલકી રમૂજો કર્યા કરે, વિનોદવૃત્તિ સૂક્ષ્મ, આખો દિવસ કામ કર્યું પણ ચહેરા પર થાક, ગુસ્સા કે કડવાશનું નામ નહીં. જાફરીસાહેબનું એ ચિત્ર હંમેશાં યાદ રહેશે.

અધ્યાપકમિત્ર જી.આર.મનસુરીને જાફરીસાહેબ સાથે પહેલેથી નાતો. મનસુરી એમની ઘણી વાતો કહે. જાફરીસાહેબ મધ્યમવર્ગમાંથી ઊંચા આવેલા સૌમ્ય વહોરા સજ્જન હતા. એટલે જ કદાચ મોટપનું નામ નહીં. શરૂઆતના ગાળામાં મનસુરી, જાફરીસાહેબ અને અન્ય મિત્રો નાસ્તાપાણી લઈ અમદાવાદની આજુબાજુ સહેલગાહે જતા. નિર્દોષ મજાઓ માણતા. એ સમયની મનસુરીએ કરેલી વાતો પરથી જાફરીસાહેબની છાપ મનમાં બંધાયેલી. જરાય અંગત સ્વાર્થ કે મોહ વગર ચૂંટણીઓ દરમ્યાન અદના કાર્યકર તરીકે તેમને કામ કરતા નિહાળી તેમની સહજ સરળતાની છાપ દૃઢ થઈ.

તાજેતરમાં ‘ટાઇમ્સ ઓફ ઇન્ડિયા’માં પત્રકાર મહેન્દ્ર વેદે જાફરીસાહેબની સહજ સાલસતાની વાત લખી છે. વેદ એ વખતે સામાન્ય ‘રિપોર્ટર.’ સ્કૂટર પર ફરી દિલ્હીમાં ‘રિપોર્ટિંગ’ કરે. પાર્લામેન્ટ હાઉસની બહાર વેદનું પાર્ક કરેલું સ્કૂટર ચાલુ થતું નહોતું. કિક મારી-મારીને પરસેવો વળી ગયો. ત્યાં જાફરીસાહેબ પાર્લામેન્ટમાંથી બહાર નીકળ્યા. એમણે વેદની

પરેશાની નિહાળી. કશું બોલ્યા વગર હસતાં હસતાં જાફરીસાહેબે સ્કૂટર પર હાથ અજમાવ્યો. એક-બે કિક મારી. પછી 'સ્પાર્ક-પ્લગ' ખોલ્યો, સાફ કરી પાછો જોડ્યો ને સ્કૂટર એક કિકમાં ચાલુ થઈ ગયું. વેદના સાથી રિપોર્ટરે વેદને ટોણો માર્યો, 'એમ.પી.સે સ્કૂટર ઠીક કરવાતે હો !' પણ જાફરીસાહેબને તો કંઈ નહીં. એ તો અભિવાદન ઝીલતાં ઝીલતાં, હસતાં હસતાં રવાના. મહેન્દ્ર વેદ જાફરીસાહેબનો 'અહેસાન' કદી ભૂલ્યા નથી. સંતાનો સારી જગાઓએ ગોઠવાતાં પાછલી ઉંમરે જાફરીસાહેબ સહેલાઈથી સલામત જગાએ બંગલો કે લક્ઝુરીયસ ફ્લેટ રાખી સુખચેનથી રહી શક્યા હોત. ૧૯૬૯માં ચમનપુરાની ગાંધી ચાલીમાં હિંદુઓ વચ્ચે રહેતા. તે સમયનાં રમખાણોમાં ઘર બળ્યું તોયે તેમણે હિંદુ વસતી વચ્ચે ચમનપુરામાં 'ગુલબર્ગ સોસાયટી' રચી ત્યાં રહેવાનું રાખ્યું. આદર્શઘેલા જાફરીસાહેબ હિંદુમુસ્લિમ ભાઈચારાનો દાખલો બેસાડવા માગતા હતા. ગુલબર્ગ સોસાયટીમાં ઓગણીસ બંગલા ને આઠ ફ્લેટ્સ હતા. મુશ્કેલીના સમયમાં બચવા માટે બધાં જાફરીસાહેબના બંગલે એકઠાં થઈ જતાં. ત્યાં રક્ષણ મળશે એવો તેમને વિશ્વાસ રહેતો. ૧૯૯૨માં હુલ્લડ વખતે ટોળું આવ્યું હતું. જાફરીસાહેબે તે વખતે હુલ્લડખોરોથી સોસાયટીને બચાવેલી. આ વખતે પણ સિત્તેર-એંશી રહીશોએ તેમના ઘરમાં આશ્રય લીધો હતો, પણ ન જાફરીસાહેબ બચ્યા કે ન બીજાઓને બચાવી શક્યા.

આ વખતનાં રમખાણોમાં પણ બચવા માટે સોસાયટીના સભ્યો તેમનાં ત્યાં એકત્રિત થયેલા. તેમાં દારા મોદીનું પારસી કુટુંબ પણ હતું. તેમનાં પત્ની રૂપાની આંગળીએ પુત્ર અઝર અને પુત્રી બીનાયફર હતાં. સાતથી આઠ હજારના ટોળાએ સોસાયટીનાં મકાન સળગાવ્યાં. જાફરીસાહેબનું મકાન પણ જલાવાયું. આ વખતે આગમાં ભૂંજાઈને મરવા કરતાં છરી-ચપ્પા કે લાઠીથી મરવું સારું એમ માની રૂપા મોદી, અઝર ને બીનાયફરને આંગળીએ વળગાડી બહાર નાઠાં. જાફરીસાહેબના બંગલાનો દાદર ઊતરતાં, સાતમા ધોરણમાં ભણતો તેર વર્ષનો અઝર આંગળીએથી છૂટી ગયો. રૂપાબહેન ને દીકરી તો બચી ગયાં, પણ હજી અઝરનો પત્તો નથી. રૂપાબહેનને આશા છે કે અઝરને કોઈક બચાવી લઈ ગયું હશે, અઝર પાછો આવશે. તેમની આશા ફળે તો સારું. બાકી ખોદાયજીની ઈચ્છા !

તેમને ત્યાં ભેગાં થયેલાંઓને બચાવવા જાફરીસાહેબે પૂરો પ્રયત્ન કર્યો હતો. અઠ્ઠાવીસમી ફેબ્રુઆરીની સવારથી વાતાવરણ કથળતું જતું હતું. ટોળાં જામતાં જતાં હતાં. પરિસ્થિતિ તંગ હતી. રક્ષણ મેળવવા જાફરીસાહેબે ચારેબાજુ તમામને ફોન કર્યા. તેમના પત્નીના કહેવા પ્રમાણે તેમણે પોલીસ અધિકારીઓ અને રાજકીય નેતાઓને બસો જેટલા ફોન કર્યા, પણ બપોરના બે-અઢી વાગ્યા સુધી કોઈ કુમક ન આવી અને સોસાયટી જલાવાઈ. જાફરીસાહેબે પ્રાઈવેટ ફાયરિંગ કર્યું હતું કે કેમ તે અંગે મતભેદ છે. તેમનાં પત્ની કહે છે, તેમણે ફાયરિંગ નહોતું કર્યું. અહેવાલોને આધારે મુખ્યમંત્રી કહે છે, ''તેમણે ફાયરિંગ કર્યું હતું. અને તે ઉપરાંત સોસાયટીમાંથી ટોળા પર એસિડ ફેંકાયો એટલે ઉશ્કેરણી થઈ અને આગ લગાવાઈ.'' દલીલ ખાતર માની લઈએ કે તેમણે ફાયરિંગ કર્યું હતું, પણ ટોળાંઓથી બચવા માટે નાગરિકને ફાયરિંગ કરવાનો નૈતિક જ નહીં, 'સેલ્ફ ડિફેન્સ'નો કાનૂની અધિકાર પણ છે. પચાસ જેટલા માણસો અને ઓગણીસ મકાનો બાળી નાખનાર ટોળાનો મુખ્યમંત્રી બચાવ કરે તે શોભતું નથી. હજારોનું ઝનૂની ટોળું જાફરીસાહેબનું સન્માન કરવા કે તેમને હાર પહેરાવવા એકઠું જ નહોતું થયું!

મુસ્લિમ રાજકારણીઓના બે વર્ગ પાડી શકાય. એક છે, કટ્ટરવાદ ચાતરતો, સૌમ્ય, ઉદારમતવાદી મૂલ્યોપરસ્ત વર્ગ. બીજો છે, ઓછું ભણેલી મુસ્લિમ પ્રજાની જડ ધર્માંધતા બહેકાવી રાજકીય રોટી શેકનારો હાડોહાડ કટ્ટર વર્ગ. પહેલા વર્ગના સૌથી મોટામાં મોટા પ્રથમ પ્રતિનિધિ હતા સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાન. આજના જાફરીસાહેબ, અસગરઅલી એન્જિનિયર, જે.એસ.બંદૂકવાલા વગેરે એમના જ રાહે ચાલનારા ગણાય. કમનસીબી એ છે કે ઉદારમતવાદીઓને બંને બાજુથી સહન કરવાનું આવ્યું. કટ્ટર મુસલમાનોએ તેમને 'કાફર' ને કોમદ્રોહી ગણ્યા અને બહુમતી પ્રજાના રાજકીય નેતાઓએ તેમને અવગણી કટ્ટરવાદીઓને મહત્ત્વ આપ્યું. આથી જ મહંમદઅલી ઝીણા જેવા લોકો 'મહાન નેતા' ગણાયા અને સરહદના ગાંધી જેવાને ભાગલાથી અન્યાય થયો અને તેમણે કેટલાંય વર્ષો પાકિસ્તાનની જેલોમાં કાઢવાં પડ્યાં. આજે પણ રાજકીય પક્ષો ઈમામ, સૈયદ શાહબુદ્દીન અને બનાતવાલા જેવાઓને મહત્ત્વ આપે છે, પણ સુધારાવાદી મુસ્લિમોને અવગણે છે. આથી જ જાફરીસાહેબને જીવતા બળવું પડે છે. ભાઈચારા માટે હિન્દુ વિસ્તારમાં રહેનાર બંદૂકવાલા જેવાઓને મકાન-માલ-મિલકત ગુમાવવા પડે છે. (આ વખતે વડોદરામાં બંદૂકવાલાના મકાનની ચાર દીવાલો જ બચી છે. બાકી બધું લૂંટમાં ગાયબ !)

જાફરીસાહેબ કવિ હતા. કવિ આર્ષદ્રષ્ટા હોય છે. તેમના કાવ્યસંગ્રહ 'કંદિલ'(ફાનસ)ના એક કાવ્યમાં તેમણે પૂછ્યું છે : 'મસીહા(ઉદ્ધારક), તું સત્ય હોય તો તારી જાતને ખુલ્લી પાડી સામે કેમ નથી આવતો ? જે મીણબત્તી રોશની નથી આપતી તેને બુઝાવી કેમ નથી દેતો ?' બીજા એક કાવ્યમાં અફસોસ વ્યક્ત કર્યો છે : 'ન પયગંબર મદદે આવ્યા ને ન અલેકઝાન્ડર(રાજકર્તા); વ્યસ્ત શેરીઓમાં આવી છરીઓ ધારદાર. બધાં પોતાને મસીહા કહેડાવતાં હતાં, પણ જ્યારે તેમના બુરખા ઉતારી નાખ્યા ત્યારે બધાં દેખાયાં ખવીસ. રસ્તે રખડે છે સડી રહેલાં શબ. કાગડાઓ પણ મનુષ્યો કરતાં રહે છે સારી રીતે.' જાફરીસાહેબની કવિતામાં આવનારા દિવસોનાં એંધાણ હતાં કે શું.

(૧૬-૩-૨૦૦૨)

## હજુ આગલી રાતે

હજુ આગલી રાતે તો હું ગુજરાતમાં હતો. ગોધરા-અમદાવાદના ભસ્માવશેષ, અને અમદાવાદ તો હજીયે બળતું, નજરોનજર નિહાળ્યા પછી લંડનમાં હોવું - અને તે પણ 'ફેસ્ટિવલ ઑફ બ્રિટિશ ઈસ્લામ'માં સામેલ થવા સારુ. અને વિધિનું વૈચિત્ર્ય તો જુઓ, લંડનનો કાર્યક્રમ સ્થાનિક ફાયર બ્રિગેડ દ્વારા પ્રાયોજિત હતો.

અર્ રમ આર્ટ ગેલેરીમાં જલાલુદ્દીન રુમી પરની ફિલ્મ જોયા પછી એક અંગ્રેજ અભ્યાસીને રુમી વિશે સાંભળવાનું બન્યું. એ રુમીની રચનાઓ ટાંકે છે અને નાનું શું શ્રોતાવર્તુળ ઝૂમી ઊઠે છે.

પાછળથી કોઈક મારે ખભે હાથ મૂકે છે ને કહે છે, ''હું ધારું છું, એમણે અમદાવાદમાં વલીની મજાર બાળી મેલી, નહીં ? '' મારી શરમિંદગી છૂપાવવાની કોશિશ કરતાં હું જાણે મનમાં મનમાં બોલતો હોઉં તેમ કહું છુંઃ ''હા.''

આ વલી, મીર તકી મીરના દાયકાઓ પૂર્વે થયેલો પહેલો મોટો ઉર્દૂ શાયર હતો. ગુજરાત ને સુરત પરની એની રચનાઓ અદ્વિતીય છે.... પણ હું, પેલા મને પૂછનાર જણનું નામ જાણવાનીયે દરકાર વગર ચાલતી પકડું છું. એણે એ જખમ ફેર દૂઝતો કરી મેલ્યો છે જેના પર મેં ચહીને પોપડી વળવા દીધી હતી.

(૧-૪-૨૦૦૨) સઈદ નકવી (ઇન્ડિયન એક્સપ્રેસ, ૨૯-૩-૦૨)

# આંતરરાષ્ટ્રીય નારી દિને, શાંતિ માટે સ્ત્રીઓ / ઈલા પાઠક

૨૦૦૨ના માર્ચની આઠમીએ, આંતરરાષ્ટ્રીય નારી દિને સ્ત્રીઓ દ્વારા માગણી ઉઠાવવાની થઈ તે શાંતિની. 'સ્ત્રીઓ માગે શાંતિ શાંતિ માટે સ્ત્રીઓ !' જેવાં સૂત્રો સાથે એક જાહેર સભાનું આયોજન કરવાનું થયું કેમકે ગુજરાતમાં અત્યંત અશાંતિભરી પરિસ્થિતિ સર્જાઈ. ૨૭ ફેબ્રુઆરીએ સવારે ગોધરા સ્ટેશને જે અગનલીલા ખેલાઈ અને અનેક માનવીઓ ભડથું થઈ ગયાં તેને પગલે પગલે ગુજરાતમાં ભડકી ઊઠેલા દાવાનળમાં અનેકાનેક મૃત્યુ પામ્યાં, પારાવાર નુકસાન થયું.

આ સૌની યાતનાના સમાચારોએ સૌ શાંતિચાહકોનાં હૃદય પર ઊંડા ઘા કર્યા. ત્યારે કરવું શું ? જનસમુદાયનો એક ભાગ અશાંતિ ફેલાવે ત્યારે શાંતિચાહક શું કરે ? મારતા, દઝાડતા, જુલમ વરસાવતાં ટોળાંમાં અમે નથી, અમે તેમનાથી અળગા પડીને કશુંક વિચારીએ છીએ તે કહેવું છે એવું શાંતિચાહકો વિચારે છે. તે જ વાત પોકારી પોકારીને કહેવી જોઈએ તેવું સર્વ શાંતિચાહકોને લાગે છે.

સ્ત્રીઓને સામાન્યતઃ સંહાર ખપતો નથી, માનવીયતાભર્યો વ્યવહાર તેને રૂચે છે. સ્ત્રીઓ સર્જકતા સ્વીકારે છે, તેમને આવા અગનખેલો, સંહારલીલાઓથી ત્રાસ થાય છે. એ બધું રોકાઈને શાંતિ થાય એવું સ્ત્રીઓની સાથે અનેક પુરુષો પણ ઇચ્છે છે. સૌ શાંતિચાહકો આવે સમયે સંગઠિત થાય અને સાથે મળીને શાંતિની માગણી ઉઠાવે તે પણ જરૂરી લાગે છે. શાંતિચાહક જૂથે ઊઠાવેલી શાંતિની માગણી જેઓ અશાંતિનાં, હિંસાનાં અને ધિક્કારનાં વમળોમાં સપડાયા છે તેમને પહોંચે ત્યારે સધિયારો મળે છે કે શાંતિમાં, અહિંસામાં, પરસ્પર પ્રત્યેના સમભાવમાં માનનારા અન્ય છે. પરસ્પરમાં આથી વિશ્વાસ ટકી રહે છે.

શાંતિચાહકો ભેગા થઈ શકે તો તે શાંત વિસ્તારમાં. કેટલાક આ વિશે પ્રશ્નો ઉઠાવીને પૂછે છે કે અશાંત વિસ્તારોમાં. શાંતિનો સંદેશો પ્રસરાવવા કેમ નથી જતાં ? શાંત વિસ્તારમાં શાંતિ માગ્યાથી શું મળે? અમને લાગે છે કે શાંતિની ચાહના પ્રગટ કરવાની મોકળાશ શાંત વિસ્તારોમાં જ મળે, ત્યાં જ સંગઠિત થઈ શકાય. અશાંત વિસ્તારોમાં મોટાં જૂથોએ જૂથ તરીકે જવું શક્ય નથી. પત્રકારો, દાક્તરો, ફર્ફ્યુ પાસ ધરાવનારાઓ અશાંત વિસ્તારોમાં અવરજવર કરી શકે. શાંતિકૂચ માટે અશાંત વિસ્તારોમાં પરવાનગી માગીએ તો ન મળે. આવા સમયે શાંત વિસ્તારોમાં શાંતિકૂચ માટે મંજૂરી મેળવવી પણ મુશ્કેલ બને છે; કેમકે કાયદો અને વ્યવસ્થા જાળવનારા પૂછે છે કે તમને શી ખાતરી છે કે તમારી પર હિંસક હુમલો નહીં થાય. ખાતરી કાંઈ નથી પણ અમે એવું માનીએ છીએ કે શાંતિકૂચ કર્યાથી, શાંતિચાહના જાહેર કરવા સભા કર્યાથી શાંતિનો સંદેશો પ્રસારી શકીએ, અમારી વાત પહોંચાડી શકીએ.

જો એમ માનીએ છીએ કે સ્ત્રીઓની સાથે અન્ય સંવેદનશીલ, માનવીય વ્યવહારના પુરસ્કર્તા પુરુષો પણ શાંતિ માગે છે તો 'શાંતિ માટે સ્ત્રીઓ' એવી અલગ સભાનું આયોજન કેમ એવો પ્રશ્ન પણ ઉઠાવાય છે. અલગતા માટે અલગ નહીં, જુદો ચોકો કરવા માટે જુદી સભાનું આયોજન નહીં, નાગરિકોની શાંતિચાહનાના કાર્યક્રમોમાં એક આ કાર્યક્રમ પણ જોઈએ કેમકે સ્ત્રીઓની વાતો પણ ભાર દઈને કહેવી છે. આ સભાનું આયોજન સ્ત્રીઓ અને પુરુષો, બંનેને માટે છે તેવું આમંત્રણમાં પણ કહ્યું જ છે.

ગુજરાતની સ્ત્રીઓ સવિશેષપણે કૈંક કહેવા માગે છે. ગુજરાતનું વાતાવરણ એવું હતું કે મધ્યરાત્રિએ પણ એકલાં બહાર નીકળતાં સ્ત્રીઓને સંકોચ નહોતો થતો. જેમ ઉદ્યોગો માટે ગુજરાતમાં સલામતી હતી તેમ સ્ત્રીઓ માટે પણ ગુજરાત સલામત હોવાનો અનુભવ હતો. ગુજરાતનાં શહેરોમાં રાત્રે સહેલાણી સ્ત્રીપુરુષો વિચરે અને દિવસે વેપાર-ધંધામાં મગ્ન લોકો દોડાદોડ કરે તેવું હતું. આજે ગુજરાતભરમાં સોપો પડી ગયો છે. અમને સ્ત્રીઓને આ સુરક્ષિતતાનું ગૌરવ હતું કે ગુજરાતમાં સલામત છીએ.

આજે અમારી એ સલામતી વિદારાઈ ગઈ છે. ગુજરાતની સ્ત્રીઓ છાવણીઓમાં પડી છે ત્યારે તેમને સંહાર જ નજરે ચઢે છે. સામાન્ય દિવસોમાં સ્ત્રીઓને કુંટુંબમાં ઓછું પહોંચતું હોય છે. આજે કટોકટીભર્યા દિવસોમાં ઓછું જ મળતું હોય ત્યારે સ્ત્રીઓને બધું ઓછું પહોંચે અને તેનો કોઈને વિચાર પણ આવે નહી તેવી પરિસ્થિતિ છે. ઘરમાં છે તેવી સ્ત્રીઓને સમજાય છે કે પુરુષો રોજગાર પર જઈ શકતા નથી ત્યારે વ્યસનો અને દુર્વ્યવહાર વધે છે. તેનો ભોગ સ્ત્રીએ બનવું પડે છે. સ્ત્રી પોતે રોજગાર પર જઈ શકતી નથી કેમકે ડરના માર્યા બૂમો પડે કે તરત દોડવું, ભાગવું પડે છે. ત્યારે બાળકો સાથે દોડભાગ થઈ શકે નહીં અને જીવ જોખમાય તેવો ડર રહે છે.

સ્ત્રીઓ સંદર્ભે ભવિષ્યમાં એક જ મુદ્દે ડોકિયું કરીએ તો સમજાય છે કે અનેક દીકરીઓ હવે શાળાએ નહીં જઈ શકે. આવાં તોફાનો પછી સ્થળાંતરો અનિવાર્ય છે, દીકરી અજાણ જગ્યામાં એકલી જાય તે હિતાવહ લાગતું નથી તેથી તેનું શિક્ષણ અટકાવી દેવાય છે. અમે ૧૯૮૯-૯૦ના અરસામાં કરેલા એક સર્વેક્ષણમાં જણાયું હતું કે માતાઓ પુત્રીઓ કરતાં વધુ ભણેલી હતી ! સામાન્ય સંજોગોમાં તેથી વિપરીત હોય કે ભણેલી નાની પોતાની દીકરીને પોતાનાથી વધુ ભણાવે અને તે દીકરી માતા બને ત્યારે પોતાની દીકરીને તેથી વધુ ભણાવે. પણ તે સામાન્ય સંજોગોમાં. આપણા ગુજરાતમાં 'સામાન્ય સંજોગો' બહુ ઓછાં વર્ષ ટકે છે તેથી વિકાસની આ કડી રૂંધાયા જ કરે છે.

આંતરરાષ્ટ્રીય નારી દિને આ સભાનું આયોજન કર્યું ત્યારે તે સંદર્ભ ગુજરાતની આજની દુઃખદ પરિસ્થિતિ સાથે જોડીએ. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નારો છે 'વિમેન ફૉર પીસ,' 'શાંતિ માટે સ્ત્રીઓ.' અફઘાનિસ્તાનની સ્ત્રીઓની કે સપ્ટેમ્બર ૧૧, ૨૦૦૧ પછી અમેરિકાની કે પેલેસ્ટાઈન - ઈઝરાએલની સ્ત્રીઓની પરિસ્થિતિ અસાધારણ હિંસક વિસ્ફોટોને લીધે નીપજેલી છે, જેવી ગુજરાતમાં. સ્ત્રીઓ માટે તે અકળાવનારી, તેમના માનવઅધિકારો ડૂબાડનારી, તેમના વ્યક્તિત્વને રૂંધનારી પરિસ્થિતિ બની રહી છે. સ્ત્રીઓની તેથી માગણી છે કે નિઃશસ્ત્રીકરણ થાય, જાતિવાદને ડામી દેવાય અને શાંતિની સંસ્કૃતિ 'કલ્ચર ઑફ પીસ' સ્થપાય.

જ્યાં હિંસાનો વિસ્ફોટ ત્યાં સ્ત્રીઓને સહેવું તે તો ખરું જ પણ ગુજરાતના આંકડા વિગતે જોતાં અને સમાચારો જાણતાં સવિશેષે સમજાયા કરે છે કે સ્ત્રીઓનાં અપમૃત્યુ જ વધુ થયાં છે. સ્ત્રીઓ પર આક્રમણ ન થાય એમ કહીને તેમને ઘરમાં કે અન્યત્ર ભેગી કરીને પૂરી દેવાય છે. પછી થતા ધીંગાણામાં પુરુષો નાસભાગ કરી લે છે. સ્ત્રીઓને તે જ્યાં આશ્રય લઈ રહી હોય ત્યાં બાળકો સાથે જીવતી જલાવી દેવાય છે. આમાં એમને બે જુદી જુદી વાતો સમજાય છે. એક જૂની વિચારણા હતી કે 'રખેને અમારી સ્ત્રીઓ દુશ્મનના હાથમાં પડે તેથી તેમને એક સાથે ચિતાએ ચઢી જવા દો.' આને 'જૌહર' કહેતા. હજી આજે પણ સ્ત્રીને સ્વતંત્રતા અપાતી નથી કે નાસી

છૂટવું હોય તો નાસી છૂટે. તેણે મરવું જ રહ્યું ! બીજી વાત છે ક્યાંક કશેક મર્યાદાની રેખા આંકવાની. નાના હતા ત્યારે શાળાના પાઠ્યપુસ્તકમાં વાંચેલુંઃ ગોબ્રાહ્મણપ્રતિપાળ કહેવાતા રાજાઓ લશ્કરે બંદી બનાવી હોય તેવી સ્ત્રીઓને છોડી મૂકતા. છત્રપતિ શિવાજી મહારાજ વિશે વાંચેલું કે આવે પ્રસંગે તેમણે તેમના સેનાપતિને કહેલું કે મારી મા પણ આવી સુંદર હોત તો હું દેખાવડો હોત. તેમણે એ સ્ત્રીને સન્માનભેર સુરક્ષિત સ્વસ્થાને પહોંચાડી હતી. હવે તે કેમ સ્મરણમાં નથી આવતું ?આજે સશસ્ત્ર ટોળાઓ સ્ત્રીઓને અને બાળકોને મારે છે, જીવતાં ભૂંજી નાખે છે. કોઈ આચારસંહિતા હવે સંહારકો પાસે બચી જ નથી શું ? વધુ દુઃખદ વાત એ પણ લાગે છે કે આ મર્યાદા લોપાઈ તેનો કોઈને જાહેરમાં વસવસો કરતાં પણ સાંભળ્યા નથી.

આ ૨૦૦૨ના આંતરરાષ્ટ્રીય દિને અમે માન્યું હતું કે અમારું સૂત્ર હશે 'સ્ત્રીઓને જીવવા દો,' 'વીમેન ફૉર સર્વાઈવલ.' આવું કહેવાનાં બે મુખ્ય કારણો છે. ૨૦૦૧ના વસતી ગણતરીના અહેવાલમાં જણાયું કે ૦ થી ૬ વર્ષની ઉંમરની વસતીમાં ૧૦૦૦ દીકરાઓએ ફક્ત ૮૭૮ દીકરીઓ છે. દીકરીને જન્મતાં પહેલાં ગર્ભમાં જ મારી નાખવામાં આવે છે અને ૧થી૫ વર્ષની ઉંમર દરમ્યાન દીકરીને ભાણાભેદ અને ઈલાજભેદનો ભોગ બનવું પડે છે. માનાં ધાવણ પરથી ઉતરેલી દીકરી કુપોષિત રહે છે. અને માંદી પડે ત્યારે રસોડાનાં ઓસડિયાં તેને સાજી કરવા પર્યાપ્ત નીકળતાં નથી તેથી આ વિષમતા સર્જાઈ છે.

ભારતનો માતૃત્વ મૃત્યુ દર ઘટ્યો નથી. આંકડા કહે છે કે રોજ ભારતમાં ૩૦૦ સ્ત્રીઓ બાળજન્મને કારણે મૃત્યુ પામે છે. આ આંકડામાં ગુજરાતનો ફાળો ખરો જ. ગુજરાતનો જાણીતો આંક છે કે રોજ અહીં ઓછામાં ઓછી પંદર પરિણીતાઓ અગ્નિસ્નાન કરે છે અથવા ઝેર પીને મૃત્યુ પામે છે.

ગુજરાતની સ્ત્રીઓ આમ ઘરખૂણે બળી મરે છે તે જાણતાં હતાં. પતિને હાથે કે પતિની હાજરીમાં તે મૃત્યુને શરણ થતી આવી છે. હવે જાણ્યું કે અજાણ્યાઓ આક્રમણ કરીને સ્ત્રીઓના જૂથોને મોટી સંખ્યામાં બાળી મૂકે છે. આ નારી દિને તેથી વાત તો 'સ્ત્રીઓને જીવવા દો' પર જ આવીને ઊભી રહે છે.

આજના ડહોળાયેલા વાતાવરણમાં સ્ત્રીઓના પગમાં ફરીથી બેડીઓ પડી રહી છે ! બહાર ન જશો, સમો ખરાબ છે એવું વારંવાર કહીને સ્ત્રીને ઘરમાં બેસાડી દેવાય છે. દીકરીનાં ભણતર તેમ સ્ત્રીની સ્વતંત્રતા ઝૂંટવાતાં જ રહે છે. તેમાં વાંક કોનો ? પુરુષોને દરેક વાતમાં સ્ત્રીનો વાંક કાઢતાં આવડે જ છે. કહે છે કે ૩૩ % વાળી અનામત આપી તેથી સ્ત્રીઓ બહાર નીકળતી થઈ. તેથી જ તેમના પર અત્યાચાર વધ્યા છે ! ક્યાં એ ૩૩% વાળી ગ્રામીણ સ્ત્રીઓ, ક્યાં આજના આતંકના સમાચાર ? ગોધરાની સાબરમતી એક્સપ્રેસના એસ-૬ ડબ્બામાં સ્ત્રીઓ વધુ બળી ગઈ કેમકે બહાર નીકળી હતી એવું કહેવાય છે. ઘરમાં રહી હોત તો મરી ન ગઈ હોત, એવું છેલ્લા દિવસોના સમાચાર જાણ્યા પછી કહેવાય નહીં. છતાં જાણીતું છે કે ભક્તિ પ્રદર્શિત કરવામાં સ્ત્રીઓ હંમેશાં મોટી સંખ્યામાં હોય તેવું ગુજરાતમાં પહેલેથી જ છે. આ સંહારલીલાને અને ૩૩ % અનામતને શો સંબંધ ? સ્ત્રીને અધિકાર મળ્યો તે જ ખૂંચે ?

અશાંતિ હોય ત્યાં સ્ત્રીના અધિકારો પર તરાપ પડે. અમને સ્ત્રીઓને શાંતિ જોઈએ. શાંતિની ચાહના પ્રગટ કરવા આઠમી માર્ચે સ્ત્રીઓ ભેગી થઈ તેની સાથે અનેક પુરુષો પણ ભેગા થયા તે માનવીય વ્યવહારો માગવા. શાંતિની ચાહના પ્રગટ કરવા. સર્વએ સભામાં 'હું શાંતિચાહક છું' તેવું જાહેર કર્યું હતું. અને એવી જ રીતે સંદેશો ફેલાવ્યો હતો કે 'અમને શાંતિ જોઈએ,' 'ગુજરાતનો નાગરિક શાંતિ માગે છે,' 'સ્ત્રીઓ માગે શાંતિ, શાંતિ માટે સ્ત્રીઓ.'

(૧-૪-૨૦૦૨)

## સૌની ગુજરાત

(ગુજરાતી સાહિત્ય પરિષદનું નિવેદન)

તાજેતરના દિવસોમાં ગુજરાત જે દોરમાંથી ગુજરી રહ્યું છે તેને અંગે ગુજરાતી સાહિત્ય પરિષદ ઊંડી વેદના સાથે ચિંતા અને નિબસતની લાગણી પ્રગટ કરે છે. સાહિત્ય પરિષદનો તો ઉદ્ભવ જ નાતજાતકોમને ઓળાંડી જઈને જેના દ્વારા સંવાદિતા અને માનવતાનાં મૂલ્યોની પ્રતિષ્ઠા થતી હોય એવી વ્યાપક વિશ્વગુજરાતી અસ્મિતાના યુગાનુસારી ઉચ્ચાભિલાષમાંથી થયેલો છે. કોમી માનસથી રક્તરંજિત માહોલ આ ઉચ્ચાભિલાષને સ્થગિત કરી પ્રગતિને પાછો પાડનારો છે. અસ્મિતા, માનવતા, બંધુતા અને સંવાદિતાની તરફેણમાં પરિષદ સૌ ભાઈબહેનોને કોમી ખયાલોથી ઉપર ઊઠી શાંતિપ્રયાસોને આગે બઢાવવા અપીલ કરે છે. આ દિવસોમાં જેઓ ઘરબાર વગરનાં બન્યાં, જેમણે જાન ખોયો, તે સૌ આપણા અને આપણા જ લોકો છે. ભોગ બનેલાઓને શાંતિ પ્રાર્થવા સાથે તેમ સાર્વત્રિક પુનર્વસનની પ્રક્રિયામાં સહભાગી થવાના અનુરોધ સાથે પરિષદ ઇચ્છે છે કે સંવાદિતાની દિશામાં ગુજરાતના ભાવજગતનુંયે સમ્યક્ શોધનપૂર્વક પુનર્વસન થાય અને કોની કોની છે ગુજરાત એ કવિપ્રશ્નનો ઉત્તર સૌની ગુજરાત રૂપે મળી રહે.

(૧-૪-૨૦૦૨)

## વિશ્વ રંગભૂમિ દિન ૨૦૦૨નો ઠરાવ

આજે વિશ્વ રંગભૂમિ દિન (૨૭/૩) નિમિત્તે અમે અમદાવાદ શહેરના કલાકર્મીઓ ગુજરાતભરમાં શાંતિ અને કોમી સંવાદનું વાતાવરણ પુનઃ સ્થપાય તે માટે પદયાત્રા યોજી એકત્ર થયા છીએ. અમે ગુજરાતભરનાં કોમી તોફાનોથી આઘાતની લાગણી અનુભવીએ છીએ તથા મૃત્યુ પામેલા-ઇજાગ્રસ્ત થયેલા અને ઘરબારવિહોણા બનેલા લોકો તરફ સહાનુભૂતિ વ્યક્ત કરીએ છીએ. અને એમને સહાયભૂત થવા તત્પર છીએ.

૧૯૪૭માં સ્વતંત્ર થયા પછી અવારનવાર ફાટી નીકળતાં કોમી તોફાનો જાનમાલની મોટા પાયે ખુવારી સર્જી ગુજરાતના સર્વાંગી વિકાસને તહસનહસ કરતાં રહ્યાં છે. અમે ગુજરાતની જનતા તથા રાજકીય પક્ષોને ધર્મ તથા જાતિના મતકારણ અને ઉશ્કેરાટથી દૂર રહી ગુજરાતની ગરિમા જાળવવા વિનંતી કરીએ છીએ.

અમે ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકારને તોફાનોનો ભોગ બનેલા લોકોની સારવાર - સહાય તથા પુનઃવસવાટ માટે કટિબદ્ધ થવા અનુરોધ કરીએ છીએ અને આશા સેવીએ છીએ કે સમગ્ર ગુજરાતમાં ફરીથી શાંતિ અને કોમી એખલાસનું વાતાવરણ ઝડપથી સ્થપાશે.

*- પી. ખરસાણી, મનીષી જાની, રાજુ બારોટ, અમિત ભાવસાર, દિનાઝ કલવચવાલા, મહેશ શાહ, પંકજ એમ. સોની, પ્રો. નરેશ જીટર, પ્રવીણ પંડ્યા અને અન્ય.*

(૧-૪-૨૦૦૨)

## કેકા, ઉંમર વરસ સત્તાણું / પ્રકાશ ન. શાહ

શતાયુ થવા ભણી જઈ રહેલા કેશવરામ કાશીરામ શાસ્ત્રી (જ. ૨૮-૭-૧૯૦૫) આજકાલ નહીં પણ છેક ૧૯૬૪થી વિશ્વ હિંદુ પરિષદ સાથેના એમના સંબંધથી સુકીર્તિત નહીં તોપણ સુખ્યાત તો છે જ. પણ ગોધરાઉત્તર ગુજરાતમાં જે કંઈ બન્યું એટલે કે ન બનવા જોગ બન્યું એને અંગે એમણે જે પ્રતિભાવ બલકે મનોભાવ પ્રગટ કર્યો છે તે પછી ઉંમર સિવાય કશી વાતે કદાચ એમનો લિહાજ કરવાપણું રહ્યું નથી. જે બધું બન્યું એને વિશે પરમ આશ્વસ્ત મુદ્રામાં એમણે કહ્યું છે કે " કરવું જ પડે, કરવું જ પડે." શીલા ભટ્ટ સાથે રિડિફ ડૉટ કૉમ માટેની ધ્વનિમુદ્રિત મુલાકાતમાં પ્રગટ થયેલો આ કેકારવ મને નોંધપાત્ર એ વાતે લાગ્યો છે કે જે પણ ન બનવાનું બન્યું એ અણજાણમાં થઈ ગયું એમ નથી. જે કરવું પડે, જેણે કરવું પડે, તે તેણે કર્યું છે. કર્મ સાથે કર્તાની સંડોવણી વિશે કહેવામાં આપણા વ્યાકરણીએ લગારે દિલચોરી દાખવી નથી.

રિડિફ (૧૨/૩), ટાઈમ્સ ઑફ ઈન્ડિયા (અમદાવાદ-૧૫/૩) અને ગુજરાત સમાચાર (અમદાવાદ-૧૭/૩)માં શાસ્ત્રીજીનાં જે વિધાનો પ્રકાશિત થયાં છે એ બધાંમાંથી પસાર થતાં ઊઠતી છાપ એ છે કે એમને સારુ હિંદુત્વ કેવળ એક ખયાલ માત્ર નથી. એ હણહણતું સત્ય છે, હડહડતું સત્ય છે. ૨૮મી ફેબ્રુઆરીએ અને પહેલીબીજી માર્ચે લોકોને ભૂંજીને ભડથું કરવા સમેતનું જે સત્ર ચાલ્યું, તે શાસ્ત્રીજીની સમજ પ્રમાણે 'હિંદુત્વનો જુવાળ' છે. ગોધરાનો અમાનુષી કાંડ જે અર્થમાં 'પ્રીપ્લાન્ડ' હતો તે અર્થમાં વળતે દિવસે અમદાવાદમાં ને અન્યત્ર જે દોર શરૂ થયો એ 'પ્રીપ્લાન્ડ' નહોતો એમ કહેવા સાથે કે.કા. શાસ્ત્રીએ શીલા ભટ્ટને બ્રહ્મસત્ય પરત્વે વિશ્વાસમાં લીધાં છે અને કહ્યું છે કે અમદાવાદમાં મુસ્લિમ માલિકોની દુકાનોની યાદી ૨૮મીએ સવારે જ કરી હતી, અને તે પછી એનો 'ફોલો અપ' શરૂ કરવામાં આવ્યો હતો. અને એ કરનારા કોણ હતા અને વિશે પણ કેકા સ્પષ્ટ છે કે ભાઈ, એ તો બધા "કેળવાયેલા હિંદુ છોકરા"હતા.

કેળવાયેલા હોવું તે શું એવો પાયાનો સવાલ કેશવકોશમાં અલબત્ત અસ્થાને છે. પણ એક તબક્કે આ તે વંશીય સફાયો (એથ્નિક ક્લીન્ઝિંગ) ચાલી રહેલ છે કે શું એવી ફાળ પડેલી એ વિશે એમનું કહેવું છે કે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળને બદનામ કરવાનું બંધ કરી દેવું જઈએ. " આ તો હિંદુત્વનું મોજું ફરી વળ્યું છે.... અને એમાં વીએચપીનો કોઈ કોઈ કાર્યકર પણ સામેલ હોઈ શકે તેમાં બેમત નથી. લોકોમાં જે જુવાળ ઊભો થયો છે તેમાં ડૉક્ટરો, વકીલો સહિત બુદ્ધિજીવી લોકો પણ જોડાયા હતા" એમ કહેવા સાથે કેકાએ રિડિફ જોગ વધામણી પણ ખાધી છે કે આ વખતે વાઘરી ભાઈઓએ રંગ રાખ્યો છે. વળી ઉમેર્યું છે કે " અમે નથી માનતા કે છોકરાઓએ કંઈ ખોટું કર્યું છે. જોકે એટલું ખરું કે એમણે આ હદે જવું જોઈતું નહોતું... પણ એમની ટીકા કેવી રીતે કરીએ ? આખરે છે તો અમારા છોકરા. ધારો કે મારી છોકરી કંઈ આવું તેવું કરે તો હું ઓછો એને વખોડવાનો હતો?" એમણે રિડિફને એવું પણ કહ્યું છે કે આ બધા (રમખાણ, આગજની, લૂંટફાટ સબબ પકડાયેલા) છોકરાઓને છોડાવવા માટે વિશ્વ હિંદુ પરિષદે પચાસ ધારાશાસ્ત્રીઓની પેનલ રચી છે અને આ ધારાશાસ્ત્રીઓ ફી લેવાના નથી કેમકે તે સૌ આરએસએસની વિચારાધારામાં માને છે.

તમે જુઓ કે આપણા છોકરાઓ, કેળવાયેલા છોકરાઓ, જેમણે આ હદે જવું જોઈતું નહોતું, એમને એ સીમાભંગ સબબ મળવી જોઈતી સજામાંથી બચાવવા વિચારધારાકીય કાળા ડગલાઓ મેદાને પડવાના છે. કાયદાના શાસનનો વકીલસાહેબોનો ખયાલ અને આપણા વ્યાકરણીનું વિશ્વદર્શન આટલા આલા દરજ્જાનાં છે તે સંજોગોમાં નાગરિક સમાજ નામની કોઈ વિભાવના વાસ્તે આ ક્ષણોમાં એમને અવકાશ નથી. ખરું જોતાં, કેન્દ્ર સરકારમાં ભલે રાલોગની પણ એમના વડપણ હેઠળની સરકાર છે અને ગુજરાતમાં તો સુવાંગ ભાજપી સરકાર છે ત્યારે તો એમની વિચારરૂખ કંઈક ઠેકાણાસરની હોવી જોઈએ છે. આગલી એટલે કે બિનભાજપી સરકારો હિંદુ હિતરક્ષક સરકારો નહોતી એવી એમની સતત ફરિયાદ રહેતી. ગોધરામાં જે પણ અમાનુષી ને અક્ષમ્ય બન્યું એની સાથે કેન્દ્ર અને રાજ્યમાં જે રાજકીય નેતૃત્વે તપાસથી માંડી નસિયત સુધીની કામગીરી કાયદાના શાસનને અન્વયે કરવાની છે તે ભાજપી વડપણવાળું હોઈ એણે હિંદુહિતરક્ષક નહીં હોવાનું નથી. ખરેખર તો સરકારે નાગરિકમાત્રની હિતરક્ષા કરવાની છે, પણ છેલ્લાં વરસોમાં વિહિંપ-બજરંગે ધર્મસભા નામના રાજકારણ તળે બિનભાજપી સરકારોને જુદી રીતે જોવાનું પસંદ કર્યું છે ત્યારે વર્તમાન સરકારને વિશે તો એ આશ્વસ્ત રહી શકે છે. એટલે બંધના એલાન સાથે કાયદો હાથમાં લેવાનું એને સારુ કોઈ કારણ નહોતું. સડક પર આવવાની કશી જરૂર એને માટે નહોતી.

અને ગોધરા પછીનો જે એકતરફી હિંસ્ર દોર ચાલ્યો જે એ તો પીઢ સનદી સેવક હર્ષ મંડેરના શબ્દોમાં કહેવું હોય તો એવો હતો કે "આઈએએસ કેડરમાં બે દાયકાથી વધુ સમય કામ કરનાર તરીકે મારું માથું, મુલકી અને પોલીસ તંત્રના મારા સાથીઓએ જે રીતે પોતાની જવાબદારી ફગાવી દીધી હતી તે જોઈને શરમથી ઝૂકી જાય છે." પોલીસ કેમ આ હદે નિષ્ક્રિય રહી એના કેકા પાસે બે ખુલાસા છે. એક તો, " એને મોતનો ડર હતો." બીજી વાત કેકાના શબ્દોમાં એ છે કે "એમના પૈકી કેટલાક હિંદુ હતા જેમને થયું કે ટોળાને જે કરવું હોય તે કરવા દો." પોલીસને ટોળાં વિશે હતો એવો જ ભાવ સરકારને પોલીસ વિશે હશે. ("એને જે કરવું-એટલે કે ન કરવું-હોય તે કરવા દો.")

પોલીસની નિષ્ક્રિયતા અને ટોળાંની સક્રિયતા વિશે આમ "કરવું જ પડે, કરવું જ પડે" સરખી શાસ્ત્રીમુદ્રાના સંદર્ભમાં પછી તો પેલું કેરેક્ટર સર્ટિફિકેટ જ આવી પડે ને કે "નરેન્દ્ર નિર્દોષ છે." જે કંઈ બન્યું, ન બનવાનું બન્યું તે એક 'સ્વાભાવિક પ્રતિક્રિયા' હતી એવી સીધીસાદી સમજૂતી (એક્સપ્લેનેશન) બારોબાર વાજબીપણાનો તર્ક (જસ્ટિફિકેશન) બની જાય છે. શાસ્ત્રીજી તો સદી આખી જીવ્યા છે એટલે ૧૯૪૮માં ગાંધીહત્યા (સૉરી, ગાંધીવધ-જેમ કંસવધ) વખતે પણ 'સ્વાભાવિક પ્રતિક્રિયા'નો હવાલો અપાયાનું એમના સ્મરણમાં હોય જ. અદાલત સમક્ષ પોતાનું બયાન આપતાં ગોડસેએ કહ્યું હતું કે ગાંધીજીએ એ વાત લક્ષમાં લીધી નહોતી કે હિંદુ માનસ બદલો લેવાની રીતે વિચારે તે એક 'સ્વાભાવિક પ્રતિક્રિયા' હતી. મુદ્દે, આ આખી મંડળીને જે એક વાત કદાપિ સમજાઈ નથી તે એ છે કે સરહદની બંને બાજુએ લઘુમતીઓની સંભાળ લેવાને માટે ચિંતા સેવતા ગાંધીજીની ચાલના છતે ભાગલે અખંડ ભારતીય હતી, જ્યારે હિંદુ હોવાને ધોરણે રાષ્ટ્રની વ્યાખ્યા ૧૯૪૭ પહેલાં અને પછી ખંડિત હતી અને છે.

આ લખી રહ્યો છું ત્યારે મને સાંભરે છે કે થોડાં વરસ પર વડોદરાના પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી પ્રકાશિત થતા અભ્યાસ સામયિક 'સ્વાધ્યાય'માં શાસ્ત્રીજીએ કોઈક સાન્કો પાન્ઝાના સહયોગમાં એક લેખ લખેલો કે હિંદુત્વ એક જીવનરીતિ છે, કોઈ ધર્મ નથી. (સુપ્રીમ કોર્ટે પણ અન્ય સંદર્ભમાં આવું

વિધાન કરેલું છે.) પણ સમજવાનો મુદ્દો એ છે કે અડવાણી-સિંઘલ ધરીએ હિંદુત્વનો પુરસ્કાર એક જીવનરીતિ તરીકે નહીં પણ રાજકીય વિચારધારા રૂપે વિશેષે કરીને કર્યો છે. હિંદુત્વ કહેતાં જે રાજકીય વિચારધારાનો બોધ થાય છે તે મુજબ 'અમે' (હિંદુઓ) અને 'તમે' (બીજાઓ) વચ્ચે ચોક્કસ ભેદ છે. આ 'બીજા'ને (ખાસ તો મુસ્લિમને) આપણા દેશમાં નાગરિક અધિકાર ન હોઈ શકે અને એમને અંગે રાષ્ટ્રીય શુદ્ધિની રીતે હિટલરનો (યહૂદીઓ સામે) હતો એવો અભિગમ સુદ્ધાં ન્યાય્ય હોઈ શકે એવું પ્રતિપાદન દ્વિતીય સરસંઘચાલક ગોળવલકરનું હતું. સાવરકરે હિંદુત્વની એમની અવધારણામાં હિંદુ કોણ એ સ્પષ્ટ કરતાં 'પુણ્યભૂ'ની કસોટી દાખલ કરી છે - એટલે કે જેનાં પવિત્ર ધર્મસ્થાનો ભારત બહાર છે તે હિંદુ નથી, ઇતર છે, 'ધ અધર' છે.

સ્વરાજ્યના નવા પર્વમાં, પૂર્વે કદાપિ નહોતા એટલા મોટા સ્વતંત્ર રાજકીય એકમરૂપે ભારતે ગાંધીનેહરુસરદારની પ્રાતિનિધિક સ્વરાજત્રિપુટીના નેતૃત્વમાં સંકલ્પપૂર્વક બિનસાંપ્રદાયિક રાજ્યનો રાહ લીધો. હિંદુ અગર મુસ્લિમ અગર ખ્રિસ્તી કે બીજા એવી નહીં પણ બંધારણ હેઠળના નાગરિક તરીકે નવી નાગરિક ઓળખનો એ રાહ હતો. નાગરિક અને એના અધિકારોની ભેદભાવ વગરની માવજત એટલે કે માનવીય ગૌરવનો મહિમા કરવા ઉપર ઊભેલું આ સૌનું રાષ્ટ્ર હતું. પાકિસ્તાનનાં અખબારોમાં તમે જોશો તો આ દિવસોમાં ચાલતી ચર્ચામાં ભારત સાથેનો એક મહત્ત્વનો તુલનામુદ્દો એ રહ્યો છે કે આપણે (પાકિસ્તાન) વિખરાવ અનુભવીએ છીએ જ્યારે ભારત એકસૂત્ર રહ્યું છે એનું કારણ એ છે કે ભારતે બિનસાંપ્રદાયિક એવા બંધારણીય રાષ્ટ્રવાદનો રાહ લીધો છે.

એકતાના પરંપરાગત ધાર્મિક-સાંસ્કૃતિક ખયાલની રીતે સામાજિક સ્તરે સર્વધર્મસમભાવ તો રાજકીય સ્તરે એના જ એક નવ્ય સંસ્કરણરૂપે બિનસાંપ્રદાયિકતાને સ્થાપિત કરવાનું વલણ આપણી સ્વરાજ સંક્રાંતિનો એક વિશેષ છે. જે લોકો આ સંક્રાંતિને સમજી અને જીરવી શક્યા નહીં, શાસ્ત્રીજી એ સૌને સારુ પૂજાર્હ અગ્રપદે છે. વીસમી સદીનો પૂર્વાર્ધ પતવામાં હતો એ દસકા લગી પહોંચતે પહોંચતે એવું તો શું બન્યું હતું કે ગાંધી અને કૉંગ્રેસ (સવિશેષ અલબત્ત ગાંધીજી) એક છેડેથી હિંદુ મહાસભા તો બીજે છેડેથી મુસ્લિમ લીગ, બેઉનાં ટીકાભાજન બની રહ્યાં હતાં ? સ્વરાજ લડતમાં અંગ્રેજો સામે લડવા કરતાં વખતોવખત મુસ્લિમો સામેની હિંદુલડાઈની અગર હિંદુઓ સામેની મુસ્લિમ લડાઈની અપીલ આગળ પડતી જણાતી, અને એ રીતે અંગ્રેજી હકૂમત સામે હિંદુમુસ્લિમ સૌની ગાંધીલડાઈ હિંદુવાદીઓ તથા મુસ્લિમવાદીઓને રાસ નહોતી આવતી. પોતે પાક્કા મરજાદી રહ્યા એથી શું , શાસ્ત્રીજી હજી લગણ આ હૅંગઓવરની બહાર આવી શક્યા નથી. અને આ હૅંગઓવર આમ તો સદીઓથી ચાલ્યો આવે છે. ગિરિરાજ કિશોર સતી પ્રથાનું બેબાક બચાવનામું પોકારતા કે અસ્પૃશ્યતાનિષેધની ચર્ચામાં વર્ણવાદનું સમર્થન કરતી વેળાએ 'અમારા માનવ અધિકાર'ની ભાષામાં બોલતા ખચકાતા નથી. આ જ હૅંગઓવર ૨૮મી ફેબ્રુઆરીએ બંધના એલાન સાથે બહાર આવ્યો અને 'હિંદુત્વનો જુવાળ' પ્રગટ થયો. જોકે શાસ્ત્રીમાન્ય આ જુવાળ ઘટનાનો વાંસો વખત છે ને દેખાઈ આવે તો એમાંથી નકરી હેવાનિયત વગર કદાચ કશું જ પ્રગટ થતું નથી. રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધીના હિંદુધર્મને જો મારે આવા 'જુવાળ'રૂપે (ખરું જોતાં, જ્વર રૂપે) જોવાનો હોય તો એની સાથે અદબભેર અસમ્મત થવા સિવાય બીજો કોઈ ધર્મ મને વસતો નથી.

વાલ્મીકિએ વર્ણવ્યા પ્રમાણે રામને હનુમાનની કદર એક એ વાતે પણ હતી કે એમનું વ્યાકરણ શુદ્ધ હતું. શાસ્ત્રીજીના એટલે કે વિશ્વ હિંદુ પરિષદના જાહેર જીવનના વ્યાકરણ વિશે આવું પ્રમાણપત્ર આપવાનું ગજું વાલ્મીકિ, તુલસીદાસ, કંબન, ગિરધર અને રાજાજી એકેના રામનું નથી. હું સમજું છું ત્યાં સુધી મોરારિબાપુના રામનોયે અભિગમ આવો તો ન જ હોય. હા, અશોક સિંઘલ, ગિરિરાજ કિશોર અને વિનય કટિયારની રામ આવૃત્તિ આવી હોઈ શકે. (કદાચ એટલે જ ૧૯૯૨માં એક તબક્કે અટલબિહારી વાજપેયીએ કારસેવકોને ટકોર કરી હતી કે તમે અયોધ્યા જઈ રહ્યા છો, નહીં કે લંકા.)

ગમે તેમ પણ, કલાપી અને કાન્ત નસીબના મહાબળિયા તે આવો નવ્ય કેકારવ સાંભળવા લગી એમનો જીવનકાળ લંબાયો નહીં.

***તા.ક.*** કેકા કહે છે કે મેં યાદી થયા વિશે કંઈ કહ્યું નથી. શીલા ભટ્ટે દોહરાવ્યું છે કે મારી પાસે તે ટેપરેકોર્ડ થયેલું છે. અન્યથા પણ, કેકાનાં બાકી બધાં વિધાનો તો જેમનાં તેમ ઊભેલાં જ છે- માત્રમાં રિડિફમાં કેમ, ટાઇમ્સ અને ગુજરાત સમાચારમાં પણ.

આ અંક પ્રેસમાં જવામાં છે ત્યારે 'ઇન્ડિયન એક્સપ્રેસ' અમદાવાદ (૨૯-૩-૨૦૦૨) કેકા સાથેની એકદમ ભટ્ઠીતાજી વાતનો હવાલો આપે છે : " જો ભાજપ હિંદુ કાર્ડ બરાબર ખેલે તો એનો લાભ એને જ મળવાનો છે. અને આ જ તો એ વાત છે જે અમે એમને લાંબા સમયથી કહી રહ્યા છીએ." વિધાન સભાની હવેની ચૂંટણી પર ડોળો રાખીને ભાજપ હાલ રાજ્યને બળતું રાખી હિંદુ કાર્ડ ખેલી રહ્યો છે એવું તો નથીને એનો શાસ્ત્રીજીનો ઉત્તર સ્પષ્ટ એટલો જ નિખાલસ (કૅન્ડિડ) છે : "હું તમને એક વાત કહી દઉં કે હિંદુ કાર્ડ ખેલવાથી ભાજપને નફો થશે, પછી એનો તમારે મન જે અર્થ હોય તે." અને ઉમેરે છે : 'જુઓ, ભાજપશાસિત બીજાં રાજ્યોમાં ચૂંટણી પછી શું થયું? તેઓ સત્તા જાળવી શક્યા નથી." જો ભાજપ હિંદુકાર્ડ ખેલવાનું બંધ કરે તો હિંસા અટકી જશે કે કેમ એવા સીધા સવાલના જવાબમાં જરી રોકાઈને છેવટે શાસ્ત્રીજી કબૂલતા હોય તેમ કહે છે કે " અમે પરિસ્થિતિને કાબૂમાં લાવવા કોશિશ કરી રહ્યા છીએ. અમારા મોટા ભાગના માણસોને અમે પાછા ખેંચી લીધા છે. જે થોડાક બાકી છે તે પણ તરતમાં પાછા ફરશે. અને ત્યારે બધું થાળે પડી જશે. "

વાચક જોશે કે ભાજપ-વિહિંપ સંધાન વિશે, ધર્માનુરાગી સંશોધક ને સાહિત્યસેવી કેકાના મનોરાજ્ય વિશે અને એમાંથી નિઃસ્રવતા ગુનાઇત મેળાપીપણા વિશે, આપણે કોઈ પણ ટીકાટિપ્પણ કરીએ એના કરતાં કેકાનાં ખુદના વિધાનો જ પૂરતાં છે.

એક વાત, છેવટ જતાં સૂચન રૂપે કહ્યા વગર રહી શકતો નથી. રણજિતરામ પ્રેરિત ગુજરાત સાહિત્ય સભા સરખી સંસ્થાએ પોતાના સુકાની બાબત તત્કાળ પુનર્વિચાર કરવાનો આ પ્રસંગ છે. કેકાના વિચારસ્વાતંત્ર્યનો, અસંમતિના અવાજમાત્રનો આદર કરનારને નાતે તંત્રીને બાધ નથી. પણ એમનો ગુનાઇત મનોમેળાપ ? અક્ષમ્ય. નિતાન્ત અક્ષમ્ય.

આ મુદ્દો છેક છેવટે કર્યો છે તે એટલા માટે કે તેને એક તાર્કિક નિષ્પત્તિ રૂપે જોઈ શકાય. બાકી, ગુજરાતના સંસ્કાર-ધર્મ-અને-જાહેર-જીવનની દૃષ્ટિએ સક્રિય સહચિંતન અને સમ્યક્ કૃતિની કસોટીએ તો એ નિઃશંક શીર્ષસ્થ મુદ્દો છે.

(૧-૪-૨૦૦૨)

## 'સુલહ કુલ'ના શાયર વલીની મજાર ધ્વસ્ત / રંજના અરગડે

*દિલ લીયા મેરા વલી દિલ્લીને છીન*

*કોઈ જા કહિયો મોહમ્મદ શાહ સોં*

વલીનું દિલ દિલ્લીએ છિનવી લીધેલું જેની અરજી એમણે મોહમ્મદ શાહને મોકલેલી, પણ જ્યારે વલી ગુજરાતી (અવસાન ઈ.સ.૧૭૪૨)ની મજારને તોફાનીઓએ કોમી હુલ્લડોમાં ધ્વસ્ત કરી છે ત્યારે અરજી કોને મોકલીશું ? શું આ મજારમાં રહેલી વલીની રુહ એમ નહીં કહેતી હોય કે

*મજાર દી મેરી દંગઈયોંને તોડ*

*કિસે જા કહું - ઓ મેરે શાહજી ?*

પણ, સત્તાના શાહજી તો બહેરા થઈ ગયા છે. અલંકૃત થયેલા કાન સાથે ભાવહીન બેઠા છે. ક્યારેક રડે છે, ક્યારેક મલકે છે, ક્યારેક ચશ્માંની પેલે પાર રહેલી પોતાની ઘૃણાને ન્યાયપૂર્ણ સ્વરમાં બદલતા રહે છે, ક્યારેક ભાર અને ભીંસના કારણે આંખોના પડદા પણ નથી ઉઠાવી શકતા. અમદાવાદ-શાહીબાગ ખાતે ૨૮-૨-૨૦૦૨ના રોજ વલીની મજાર તોડીને ત્યાં હનુમાનજીની સ્થાપના કરવામાં આવી ત્યારથી વલીના આત્માને કોઈ રાહત નથી, એ પરેશાન લોકોના અજંપ ચિતમાં ઘૂમ્યા કરે છે.

વલી આપણી સગોત્રા બહેન ઉર્દૂના પ્રસિદ્ધ શાયર હતા. એમણે દકન અને ગુજરાત વચ્ચે એક તંતુ જોડેલો. વલી દકની-ગુજરાતી કે ઔરંગાબાદી એ કડાકુટમાં ન પડીએ તોપણ એ વાતમાં બેમત નથી કે વલીની મજાર તોડવામાં આવી છે અને એની રુહને મર્યા પછી પણ ચેન નથી. એ કદાચ કહેતી હશે.

*અપની મીટ્ટીકો છિપાયેં આસમાનો મેં કહાં*

*ઉસ ગલીમેં ભી ન જબ અપના ઠિકાના હો સકા*

એક આમ આદમીની જેમ વિચારતી વલીની રુહને શું કોઈ દિલાસો આપી શકશે ? વલીની ધરોહરને આગળ ધપાવનારાઓએ અત્યારે શું કરવું જોઈએ ? આપણે શું કરીશું, જેમને એક સાહિત્યકાર તરીકે એ વાતનો ગર્વ છે કે વલી અમદાવાદની શાન છે.

વલીનો ગુજરાતી સાહિત્ય, ખાસ કરીને ગઝલ સાથે ખૂબ ઊંડો સબંધ છે. આજે જે ગઝલ લખી લખીને કવિનામ મેળવી રહ્યા છે એમને માત્ર દુઃખ જ નહીં ઉદ્વેગ પણ થવો જોઈએ અને શરમ પણ આવવી જોઈએ કે જે સ્વરૂપમાં રચનાઓ કરી એ કવિ થયા છે. એ સ્વરૂપને જે ભાષામાંથી ગ્રહણ કર્યું છે એ ભાષાના એક નામી કવિની મજાર તોડવામાં આવી છે.

મજાર તોડીને હનુમાનજીની સ્થાપના કરનાર અબુધ હુલ્લડખોરોને ખબર નથી કે વલી જેવા રચનાકારોની મજાર એની સંવેદનાત્મક ઊર્જાના કારણે પૂજાનું સ્થાન બની જાય છે, જો કે આમ તો એ મજાર જ હોય છે. આપણે જે સ્થાને મૃતદેહને અગ્નિદાહ દઈએ છીએ ત્યાં મંદિર નથી બનાવતા. આ મંદિર તોડી મસ્જિદ બનાવવા જેવું નથી, કે નથી બૌદ્ધસ્તૂપ તોડી મસ્જિદ બનાવવા જેવું. સ્તૂપ પણ સ્મૃતિચિહ્ન હોય છે જેના પાયામાં બુદ્ધનો વાળ કે નખ રાખીને એક ઢાંચો ચણવામાં આવે છે. એને તોડીને મંદિર બનાવ્યું તો એ ફળ્યું નહીં, એના પર મસ્જિદ બની. ફરીવાર ત્યાં મંદિર બનાવવાની વાતે એવા વિવાદોને જન્મ આપ્યો છે કે વર્ષોથી આપણે લોહીની નદીમાં નાહી રહ્યા છીએ અને આગની જ્વાળાઓમાં લપેટાઈ રહ્યાં છીએ. જરા વિચારો, આવામાં વલીની મજાર પર સ્થાપિત કરાયેલા હનુમાનજી શું આપણને ફળશે?

ઘણીવાર મને એવું લાગે છે કે આ બિનઅધિકૃત તોફાનીઓના હાથમાં કાયમ હનુમાનજી જ કેમ આવી જતા હોય છે ? આ તો એ હનુમાનજી છે જેમનામાં દુષ્ટ રાવણની લંકા દહન કરવાનું સાહસ હતું અને સાથેસાથે પોતે મહાજ્ઞાની હતા. અત્યારે હનુમાનજી એ મજાર એ પર બેઠા બેઠા વલીના આત્મા સાથે વાતચીત કરતા હશે ! (આત્મા અમર હોય છે, ચાહે હિન્દુનો હોય કે મુસલમાનનો.) બેઉ ભેગા મળીને આપણને કોઈક સંદેશ મોકલવાની તૈયારી કરતા હશે.

આવા સમયે શમશેરજીની એ કાવ્યપંક્તિઓ યાદ આવે છે જેમાં તેઓ સાહિત્યકારોને ધરતીની શાંતિ માટે કુરબાન થવાવાળા માને છે. અત્યંત માર્મિકતાથી પૂછે છે કે શું આપણા નેતાઓ પણ આ જોઈ રહ્યા છે ? એ શાંતિ જે આપણી ધરતીનું પરમ સત્ય છે. ક્યાં છે આપણા નેતા ? શું આપણા નેતા હવે આ બધું જોઈ રહ્યા છે ?

આપણે નેતા જીવે કે ન જીવે, આપણે સાહિત્યકારો શું કરી રહ્યા છીએ ? સાહિત્યમાં ઊધઈની જેમ ફેલાતી સાંપ્રદાયિકતા શું આપણને દેખાય છે ? વલી જેવા કવિની મજાર પર લહેરાવવામાં આવતા ધાર્મિક ઝંડા આપણી ભાષા અને સાહિત્ય ઉપર ફેલાતી સાંપ્રદાયિકતા તથા કટ્ટરતાનો ખુલ્લો એકરાર છે ! જે કબીર પર આપણે લેખ પર લેખ લખીએ છીએ, સેમિનારનો ખડકલો કરીએ છીએ, પુસ્તકો છાપીએ છીએ (આપણી કેરિયર બનાવવા) અને એવું માનીએ છીએ કે મધ્યકાળમાં પ્રકટેલો કબીર એક માત્ર સાંપ્રદાયિકતા વિરોધી સ્વર છે, એ સાહિત્યકારો પોતાના સમયમાં ઘટતી આ શર્મનાક ઘટનાના ચશ્મદીદ ગવાહ જ બનીને રહેશે ? શું આપણે એમ વિચારીને ચૂપ બેઠા છીએ કે આવનારી પેઢીઓ આ વિશે સેમિનારો કરે ? શું આપણી કોઈ ફરજ નથી ? શું આપણે આ જવાબદારી બીજાઓ પર ઢોળી દઈશું ? કવિ કોઈ ભાષા કે અકાદમીનો નથી હોતો, તે એ સમય અને ભૂમિનો હોય છે જેમાં એ જન્મે છે. વલી આપણો કવિ હતો, આપણાં શહેર અને આપણી ભાષાનો કવિ હતો. આ વાત એ સાહિત્યકારોને પણ લાગુ પડે છે કે જે એ એક્ટિવિસ્ટ નથી પરંતુ પોતાને શબ્દ-અર્થ અને સૌંદર્યની સીમારેખામાં બાંધીને બેઠા છે.

ઘણીવાર એવું બને છે કે આપણો ઇરાદો હોય એના કરતા કાંઈક જુદું જ બને, કરવા જઈએ ખરાબ અને થઈ જાય સારું, શરત એ છે કે એ જોવાવાળી આંખ અને સાંભળવા માટેના કાન સાબૂત રહ્યાં હોવાં જોઈએ.

હનુમાજી વાયુપુત્ર હતા, અને વાયુ શબ્દશાસ્ત્રના નિષ્ણાત છે એવો ઉલ્લેખ વાયુપુરાણના બીજા અધ્યાયના ચાળીસમા શ્લોકમાં છે. એવું પણ કહેવાય છે કે હનુમાજી સ્વયં વ્યાકરણવિદ્ હતા! કિષ્કિંધાકાંડના ઓગણત્રીસમા શ્લોકમાં રામચંદ્રજી લક્ષ્મણને આ પ્રમાણે કહે છે :

*નૂનં વ્યાકરણં કૃત્સ્નમ્ અતેન બહુધા શ્રુતમ !*

*બહુ વ્યાહરતાનેન ન કિંચિત અપભાષિતમ્ ॥*

આમણે નિશ્ચિતરીતે સંપૂર્ણ વ્યાકરણ અનેક વખત સાંભળ્યું (વાચ્યું) છે કેમકે આટલું બધું બોલતી વખતે એમણે એક પણ વખત વ્યાકરણદોષ નથી કર્યો.

આવા હનુમાનજીની સૂફી કવિ વલી સાથે કાંઈક એવી વાતચીત હશે જેવી હિન્દી કવિ શમશેરજીએ કલ્પના કરેલી, જેમાં મહાકવિ હોમર હિન્દી કવિ સરદાર જાફરીને ઇશારાથી પાસે બોલાવે છે. ઉજ્જૈનની

ઘાટીઓમાં શેક્સપિયરનું ઊંચે ઊઠતું મસ્તક દેખાય છે. શમશેર માટે ટાગોર, હાફીઝ-તુલસી અને એમનો ગાલિબ હૃદયના ઝળહળતા પાવર હાઉસના કુશળ ઓપરેટરો છે. આ બધા શાંતિનો યુગ ચાહે છે, આપણી મા-દીકરીઓ માટે, ભાઈઓ માટે અને ગુલાબની કળીઓ જેવાં બાળકો માટે.

વલીની રુહ અને હનુમાનજી બેઠા બેઠા હસતા હશે, જે રાજનીતિએ એમને એકબીજાથી અલગ કર્યા હતા એ જ રાજનીતિના હુલ્લડખોરોએ એમને એક કર્યા છે. હનુમાનજીની પૂંછની તાકાત, જ્ઞાનની શક્તિ અને વલીની સંવેદનાત્મક ઊર્જા આપણને એ જ સંદેશ આપે છે કે રાજનેતાઓ, રાજનીતિ અને હુલ્લડખોરોની ગમે તે મંશા હોય પણ આપણે, પ્રજાએ એક બનીને જ રહેવાનું છે.

આ બધા જ કલ્પનાવિહાર પછી પણ એ તથ્યને કેવી રીતે નકારી શકાય જે વલીએ હિન્દુ-મુસ્લિમ એકતા સ્થાપિત કરવા લખેલું.

*હૈ સુલહ કુલ કે જૌહરાં મેરે સુખન સૂં જલ્વાગર*
*અર્જ બસ કે વસાત મુશ્લી સૂં દિલ મેરા દરિયા.*

(સહુનું ભલુ ચાહવાની જે સારપ તથા વિશેષતાઓ છે તે મારા કાવ્યમાં પ્રકટ થાય છે, મારો જે ધર્મપથ છે તે વધુ ને વધુ વિસ્તરતો છે, દરિયાની જેમ)

એ જ વલીની મજાર આ હુલ્લડોમાં ધૂળધાણી થઈ ગઈ છે. આ મજાર તૂટી છે કે.. કુછ તો કહો, મેરે યાર ! (૧-૪-૨૦૦૨)

મુકામ અમદાવાદ

## વડાપ્રધાનની મુલાકાત અને નિદ્રાહીન રાતો / બટુક વોરા

એપ્રિલ ચોથીએ અમદાવાદમાં વડાપ્રધાન સમક્ષ ગુજરાતની ઘટનાઓ અંગે રજૂઆત કરનારા અલગ અલગ પ્રતિનિધિ મંડળોમાં હું સિટિઝન્સ ઈનિશ્યેટિવના પ્રતિનિધિઓની સાથે હતો. ત્યારે સર્કિટ હાઉસ એનેક્સીમાં મેં જે દૃશ્ય જોયું ત્યાર પછી કેટલીક રાત્રિઓની મારી નીંદર હરામ થઈ ગઈ હતી.

બે કલાક સુધી અમારા પહેલાના ૮ જેટલાં પ્રતિનિધિ મંડળોને મળ્યા પછી સત્તાવાર યાદીમાં અમારા પ્રતિનિધિ મંડળનું નામ ન હતું, છતાં મલ્લિકા સારાભાઈના અસરકારક પ્રયત્નોથી અમારાં નામો છેલ્લે વડાપ્રધાન ઓફિસે મંજૂર કર્યાં હતા. જેમાં ઈલાબહેન પાઠક, ચુનીભાઈ વૈદ્ય વગેરેનાં નામો પણ હતાં પણ ૨૦-૩૦ મિનિટ સુધી એનેક્સીના પ્રવેશ દરવાજા બહાર સખત તાપમાં બહાર રાહ જોઈને મંજૂરી નહીં આપે એવું માનીને તેઓ જતાં રહ્યાં હતા. (સેક્યુલર લોકશાહી આંદોલને નાગરિક પ્રતિનિધિ મંડળ રૂપે મળવા માટે માગેલી મુલાકાત વડાપ્રધાનના કાર્યાલયે ક્લીઅર કર્યા છતાં રાજ્ય સરકાર તરફથી તેની જાણ અને અમલ બાબતના ઠાગાઠૈયાને કારણે પૂર્વસૂચના ન મળતાં હું પૂર્વનિર્ધારિત કાર્યક્રમ માટે ત્રીજી તારીખની સાંજે ભોપાલ જવા નીકળી ગયો હતો. - તંત્રી)

અમને જ્યારે વડાપ્રધાનની ચેમ્બરમાં બોલાવ્યા તે પહેલાં ફોયરમાં હજુ પ્રવેશ્યા ત્યારે મારા જૂના મિત્ર આરોગ્ય પ્રધાન અશોક ભટ્ટે ત્યાં જ અમને અધિકારીઓની હાજરીમાં ટોણો માર્યો : ''મને ખબર છે, તમે ૭૦ જેટલી એનજીઓને એકઠી કરી છે... પણ આ બધા ત્યાંનાં રમખાણોમાં ક્યાં હતાં ? અમને એ પણ ખબર છે કે તેમાં ૧૦ જેટલી સંસ્થાઓ વિદેશી નાણાંથી કામ કરે છે. વળી કેટલીક તો નર્મદાવિરોધી ચળવળમાં સામેલ છે...''

અમે તેમના કટાક્ષનો જવાબ આપીએ તે પહેલાં અમને વડાપ્રધાનના હૉલમાં બોલાવ્યા.

મનોમન મને આઘાત તથા આંચકો લાગ્યો જ... જોકે અશોકભાઈએ ટોણાં મારતી વખતે મારા અને મલ્લિકા તરફ રોષથી તથા બનાવટી સ્મિતથી નજર ફેરવી હતી. તેનો ઈરાદો મલ્લિકા ઉપર પ્રહાર કરવાનો હશે કારણ મલ્લિકાએ એપ્રિલની ૭મીએ ઘણી બધી એનજીઓ (બિનસરકારી સંસ્થાઓ)ને શાંતિ માટે એકઠી કરવા નિર્ણય જાહેર કર્યો હતો. તે મોદી સરકારને ખૂંચતું હતું તે દેખીતી વાત છે.

૭ એપ્રિલે બનેલી ઘટના અને મેધા પાટકરની બિનઆમંત્રિત તરીકેની હાજરીથી ત્યાં ઉશ્કેરાટ ફેલાયો તે ઘટના સાથે શું અશોક ભટ્ટના રોષને જોડી શકાય ખરો ?

અમે વડાપ્રધાનની ચેંબરમાં પ્રવેશ્યા ત્યારે પ્રથમ રજૂઆતમાં મલ્લિકાએ હૃદયની તમામ સંવેદનાઓ ઠાલવી.. બંધારણીય અધિકારોને જે રીતે અહીં કચરાટોપલીમાં ફેંકાયા છે તેની વાત કરી.. ત્યારે વચ્ચે તેમણે ''બહાર ઉભેલા એક મંત્રી એનજીઓ સામે વરાળ ઠાલવે છે'' તેનો ઉલ્લેખ પણ કર્યો.... ત્યારે વાજપેયીનો ચહેરો, ઊંડી વેદનાભરી આંખો - દાંત અધ બીડાયેલા અને પારાવાર દુઃખી જણાયો.

...

કદાચ આ મુલાકાતનું એક સારું પરિણામ મેં બીજા દિવસે અખબારોમાં જોયું તે પ્રમાણે વડાપ્રધાનનો આદેશ બહાર પડ્યો કે વડાપ્રધાનના રાહત ફંડમાંથી જે કરોડોની રકમ પીડિતોને આપવાની છે તેનો સીધો વહીવટ કેન્દ્રીય કેબિનેટ સચિવ કરશે...... નહીં કે ગુજરાત સરકાર !

મુખ્યમંત્રીએ આ નિર્ણય માફક ન આવતાં ઉચ્ચ કક્ષાના બે અધિકારીઓને નવી દિલ્હી પોતાનો ''કેસ'' રજૂ કરવા મોકલ્યા પછી શું થયું તે જાણ નથી.

(૧૬-૪-૨૦૦૨)


**'નિરીક્ષક'ના બૅંક એકાઉન્ટમાં**
**સીધું પેમેન્ટ જમા કરાવી શકો છો**
સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા (સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ બ્રાન્ચ)
IFS Code : SBIN0003092
● આજીવન લવાજમ (રૂ. ૧૫૦૦) તથા દાન માટે
**નિરીક્ષક ફાઉન્ડેશન**
SBI A/c No. : 10111977066
● વાર્ષિક લવાજમ (રૂ. ૧૫૦) માટે
**નિરીક્ષક પ્રકાશન**
SBI A/c. No. : 10111977055
બાદ, 'નિરીક્ષક'ને લેખિત જાણ કરવા વિનંતી.
prakash.nirikshak@gmail.com

## ઘટનાઓ ગુજરાતની, પરિમાણ આંતરરાષ્ટ્રીય / દિનેશ શુક્લ

છેલ્લા બે મહિનાથી ગુજરાતમાં ચાલી રહેલી કોમી હિંસા પ્રત્યે કેવળ દેશમાં જ નહિ પણ વિદેશોમાં સારા પ્રમાણમાં ધ્યાન ખેંચાયું છે. એ કોમી હિંસાનો ભોગ મહદંશે દેશની મુખ્ય લઘુમતી-મુસ્લિમો-બની રહ્યા છે, પક્ષપાતી અને પૂર્વગ્રહયુક્ત વલણને કારણે રાજ્ય સરકાર એ કોમી હિંસાને કાબૂમાં લેવામાં નિષ્ફળ ગઈ છે, આવી એક છાપ દેશમાં અને વિદેશોમાં ઊભી થઈ છે. વૈશ્વિક પહોંચ ધરાવતી સેટેલાઈટ ચેનલોના આજના સમયમાં કોઈપણ મોટી હિંસક ઘટનાના રજે રજ સમાચાર દુનિયાના ખૂણે ખૂણે તત્કાળ પહોંચી જતા હોય છે, એ બાબત હજુ આપણા સત્તાધીશો અને રાજકારણીઓને ગળે ઊતરતી નથી.

યુરોપીય યુનિયન તરફથી ગુજરાતની તાજેતરની ઘટનાઓ વિષે એક હેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. યુરોપિયન યુનિયનની પોતાની તપાસ સમિતિ ઉપરાંત રાષ્ટ્રીય માનવ હક કમિશન, રાષ્ટ્રીય લઘુમતી કમિશન, અખબારી હેવાલો, માનવ હકોના ક્ષેત્રે કામ કરતી જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓના હેવાલોને વગેરેનો હવાલો આપીને આ હેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. આ હેવાલ અને સંલગ્ન ઘોષણા પર પંદર રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ પોતાની સહી કરી છે, જેમાં બ્રિટન, ફ્રાન્સ, ઇટલી, સ્પેન, બેલ્જિયમ વગેરે દેશોના રાજદૂતોનો સમાવેશ થઈ જાય છે.

આ હેવાલમાં જણાવવામાં આવ્યું છે કે "ગોધરાની ઘટના પછી રાજ્યમાં જે હિંસક ઘટનાઓ બની છે તે પૂર્વ આયોજિત હતી, અને હિંદુ વિસ્તારોમાંથી મુસ્લિમોની 'સાફસૂફી' કરવાનો તેમાં એક પ્રકારનો વ્યવસ્થિત પ્રયાસ રહેલો છે. રાજ્યના મુખ્ય પ્રધાને સિનિયર પોલીસ અધિકારીઓને દરમિયાન નહિ થવાની સૂચના આપેલી. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર હિંસાનો ભોગ બનેલાઓને તત્કાળ માનવતાવાદી રાહત પૂરી પાડવામાં નિષ્ફળ ગઈ છે, અને દેશના વડા પ્રધાને છેક ચોથી એપ્રિલે ગુજરાતની મુલાકાત લીધી છે".

ઘોષણામાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે વિશ્વ હિન્દુ પરિષદ અને અન્ય ઉગ્રવાદી હિંદુ જૂથોએ હિંસાચારની આગેવાની લીધી છે, હિંસાખોરોને યોગ્ય નસિયત થઈ શકે એ માટે ભારત સરકારે આ બધી ઘટનાઓની સંપૂર્ણ, નિષ્પક્ષ અને પારદર્શક તપાસ કરાવવી જોઈએ. "આ હિંસાને ભારત સરકારે વખોડી કાઢી છે, એને અમે આવકારીએ છીએ", એવું તેમાં જણાવવામાં આવ્યું છે.

યુરોપીય યુનિયન સાથે સંકળાયેલાં વર્તુળોએ જણાવ્યું છે કે માત્ર મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીને દૂર કરવાથી આ દેશોને સંતોષ નહિ થાય. ખરેખર તો, તેમની આખી સરકારને બરતરફ કરવી જોઈએ, કારણ કે કેટલાક પ્રધાનો હિંસાચારમાં સંડોવાયેલા છે, એવો ગંભીર આરોપ તેમના પર છે.

યુરોપીય યુનિયનના આ દેશોનું એવું માનવું છે કે ગુજરાતની ઘટનાઓ, "એ અમારો આંતરિક મામલો છે, એવી દલીલ ભારત કરી શકે તેમ નથી" કારણ કે, ગુજરાતમાં જે કંઈ બન્યું છે તે એક પ્રકારની નરસંહાર ('જેનોસાઈડ') અને 'વંશીય સાફસૂફી' (એથ્નિક ક્લીન્સીંગ) જેવી માનવ હક્કોના સરેઆમ ઉલ્લંઘનની ઘટના છે. અને ભારત પોતે રાષ્ટ્રસંઘના માનવહકના ખતપત્ર પર સહી કરનાર દેશ હોવાથી એવો હિંસાચાર ત્યાં કદાપિ આચરી શકાય નહિ.

આ ઘોષણામાં ગુજરાતના હિંસાચારની રંગભેદ (એપાર્થિડ) અને ૧૯૩૦ના દાયકા દરમિયાન નાઝી જર્મનીના જ્યુઓ પરના અત્યાચાર સાથે કંઈક અંશે તુલના કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ બન્ને સરખામણી આપણને આઘાત પહોંચાડે તેવી છે, એ કબૂલ. આ હેવાલ અને ઘોષણામાં ગુજરાતની ઘટનાઓ પરત્વે અતિશયોક્તિ કરવામાં આવી હોય અને ઉતાવળાં તારણો તારવવામાં આવ્યાં હોય એ બનવાજોગ છે; પણ ગુજરાતમાં માનવહકોનો જે સરેઆમ ભંગ થયો છે, અને લઘુમતી સભ્યો પ્રત્યે સરકાર તરફથી જે ભેદભાવ આચરવામાં આવે છે, જેનો ઉલ્લેખ રાષ્ટ્રીય માનવહક કમિશને પણ તેના હેવાલમાં કર્યો છે, એનો ઇન્કાર કરી શકાય તેમ નથી.

ગુજરાતની ઘટનાઓ પરત્વે વિશ્વ સમાજનું, ખાસ કરીને, પશ્ચિમી દેશોનું ધ્યાન દોરાયું છે, એનું એક બીજું પણ કારણ છે. વિદેશી મૂડીરોકાણની જે પૃચ્છાઓ દેશમાં આવે છે, તેનું એક મુખ્ય સ્થાનક ગુજરાત છે, એ આપણે ભૂલવું ન જોઈએ. અન્ય અનુકૂળતાઓ હોવાથી ( હવે એ અનુકૂળતાઓ કેટલા પ્રમાણમાં છે, એ એક મોટો પ્રશ્ન છે ) ગુજરાતમાં દેશી અને વિદેશી મૂડીરોકાણ મોટા પ્રમાણમાં આકર્ષાય છે. વિદેશી રોકાણકારો જ્યારે કોઈપણ પ્રદેશમાં મૂડીરોકાણ કરે છે ત્યારે ત્યાંની સામાજિક-રાજકીય પરિસ્થિતિ અને પાયાની માળખાકીય સવલતોને ધ્યાનમાં લેતા હોય છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને એકંદર સામાજિક-સંવાદિતાનું વાતાવરણ એ કોઈપણ પ્રકારના મૂડીરોકાણ માટેની પાયાની પૂર્વશરત છે. ગુજરાતની આ ઘટનાઓને કારણે મૂડીરોકાણ ગુજરાતથી વિમુખ થવાનું, એમાં બેમત નથી. પણ એના છાંટા દેશના અન્ય ભાગોમાં થનારા વિદેશી મૂડીરોકાણ પર પણ પડ્યા વિના રહેવાના નહિ. હિન્દુત્વની માનસિકતામાં ગળાડૂબ ભાજપના નેતાઓ ભલે કહે કે ગુજરાતના બનાવોની કોઈ અસર વિદેશી મૂડીરોકાણ પર નહિ પડે, પણ ઔદ્યોગિક અને નાણાં-મૂડીરોકાણના 'નિષ્ણાતો' સ્પષ્ટપણે જણાવે છે કે એની અસર ભાવિ મૂડીરોકાણ પર પડશે. દેશનાં મોટાં ઔદ્યોગિક ગૃહોના કેપ્ટનો હજુ મગનું નામ મરી પાડીને કહેતા નથી, કારણ કે એમને ડર છે કે ગુજરાતના બનાવોની મૂડીરોકાણ પર અસર પડશે, એવું કહીશું તો ભાજપના વિરોધી, અને એટલે 'દેશવિરોધી' ઠરીશું ! ભાજપની ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર પાસેથી એમને ઘણાં કન્સેશનની આશા છે !

ગુજરાતમાં થતા વિદેશી મૂડીરોકાણથી આપણે ખુશ થતા હોઈએ, ગુજરાતના જ અગાઉના મુખ્ય પ્રધાને વિદેશી મૂડીરોકાણને ગુજરાતમાં આકર્ષવા માટે અમેરિકાની મુલાકાત લીધેલી, તો ગુજરાતની ઘટનાઓને આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક અને ટીકાત્મક પ્રસિદ્ધિ મળે એને આપણા સત્તાધીશો વખોડે, "અમારા આંતરિક મામલામાં તમે દખલગીરી ન કરો", એવો એમને ઉપદેશ આપીએ અને તે બદલ વિરોધ વ્યક્ત કરીએ, એ બેઉ બાબતો એકીસાથે કેવી રીતે ચાલી શકે ? અગાઉ ડરબન ખાતેની આંતરરાષ્ટ્રીય પરિષદમાં પણ 'દલિતોની સમસ્યા' એ અમારી આંતરિક સમસ્યા છે, એમ કહીને ભારત સરકારે તેનો વિરોધ કરેલો.

પ્રશ્નો દલિતોના હોય, લઘુમતીઓના હોય, સ્ત્રીઓના હોય કે બાળમજૂરોના હોય, આખરે આ પ્રશ્નો માનવ હકોના છે. અને માનવહકોનાં રક્ષણ, જતન અને સંગોપન માટે ભારત સરકાર બંધાયેલી છે, પછી ભલે એ સરકાર ગમે તે પક્ષની હોય.

(૧-૫-૨૦૦૨)

## અમે સાહિત્યિક જીવો, નાગરિકો પણ છીએ

મંજુ ઝવેરી, સુરેશ દલાલ, દિલીપ ચિત્રે, પ્રબોધ પરીખ, હિંમત ઝવેરી, બળવંત પારેખ, અનિલ જોશી, ગીવ પટેલ, જયંત પારેખ, ઉત્પલ ભાયાણી, સુરેન ઠાકર, મેહુલ, મનીષા જોશી, નીતિન મહેતા, તૈયબ મહેતા, ઉદયન ઠક્કર, ઘનશ્યામ દેસાઈ, ઉત્કર્ષ મઝુમદાર, ઉદય મઝુમદાર, સોનલ શુકલ, અમૃત ગંગર, સુધીર દેસાઈ, પવનકુમાર જૈન, અતુલ ડોડિયા, કાન્તિ પટેલ, અંજુ ડોડિયા, નૌશીલ મહેતા, કમલ વોરા, વિપિન પરીખ, ભરત નાયક, માલતી પરીખ, રમેશ ઓઝા, રસિક શાહ, અમૃતા શોધન, તિસ્તા સેતલવડ, દીપક મહેતા, ધૈર્યબાળા વોરા, કરમશી પીર, હિતેન આતંભરા, અશ્વિન મહેતા, યોગેશ કામદાર, કિશોર મહેતા, મિહિર દેસાઈ, ગૌરાંગ મહેતા, ડૉ. મનોજ પટેલ, અશ્વિન બાપટ, હિતેશ પંડયા, અભય દોશી, દીપક દોશી, તરુ કજારિયા, વીરચંદ ધરમશી, નલિની મડગાંવકર, હેમેન શાહ, શિરીન ગાંધી, શિરીન કુડચેડકર, ઉષા ઠકકર, ઉત્તમ ગડા. ( મુંબઈના સાહિત્યરસિકો )

ગુજરાતની વર્તમાન કોમી વિદ્વેષની પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે. ગુજરાતના તેમ જ ભારતના ભાવિ માટે કેવળ એકતા-એકાત્મતાની દૃષ્ટિએ જ નહીં પરંતુ આર્થિક-સામાજિક વિકાસની દૃષ્ટિએ પણ આપણું રાષ્ટ્રીયત્વ સર્વધર્મસમભાવ પર નિર્માયું તેમ જ વિકાસ પામ્યું છે. આપણા અસ્તિત્વ અને અસ્મિતાનો એ આધાર છે. અમે સાહિત્યિક જીવો નાગરિકો પણ છીએ તેથી અમારી પણ એ જવાબદારી છે કે રાષ્ટ્રના પાયાને હાનિ પહોંચે તેવું કંઈ પણ થતું હોય, રાજકારણમાં કે ધર્મકારણમાં તો એને રોકવું એ અમારું કર્તવ્ય છે. એ પશ્ચાદભૂમાં અમે ગુજરાતી ભાષાના સાહિત્યકારો ગુજરાતની જનતાને, સરકારને અને વહીવટી તંત્રને હાર્દિક અપીલ કરીએ છીએ કે આપણા પ્રદેશના તેમ જ રાષ્ટ્રના પાયાને આઘાત પહોંચાડનારી વર્તમાન પરિસ્થિતિનો તાબડતોડ અંત લાવે તથા કોમી સદ્ભાવ અને સહકાર ફરીથી પ્રસ્થાપિત થાય તેવાં પગલાં લેવા કટિબદ્ધ થાય જેથી સામાન્ય નાગરિક જીવન ફરી ધબકતું અને શાંતિભર્યું બને.

૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ અને તે પછી બનેલી અને બની રહેલી ઘટનાઓએ ગુજરાતમાં વસતાં ગુજરાતી અને અન્યભાષી ભાઈબહેનોનાં આર્થિક - સામાજિક અને ભાવનામય જીવનને ખેદાનમેદાન કરી નાખ્યાં છે. ગુજરાતમાં માનવસહજ એવા મૈત્રીભર્યા સામાજિક સામૂહિક જીવનના પાયા નવેસરથી માંડવા પડશે. ગાંધીજી અને રવિશંકર મહારાજનાં સ્વપ્નોના આધારે રચાયેલા, વિશ્વબંધુત્વની ભાવનાથી પોષાયેલા ગુજરાતનું ફરી નિર્માણ કરવા અનેક પેઢીઓએ કાર્યરત રહેવું પડશે. તેથી આપણે સૌ આર્થિક રીતે ભાંગી પડેલા ભાઈભાંડુઓને યથાશક્તિ મદદરૂપ થઈએ તે જરૂરી છે.

આપનો ફાળો આ સરનામે મોકલવા વિનંતી : મુંબઈ સર્વોદય મંડળ, ૨૯૯, તારદેવ રોડ, નાના ચોક, મુંબઈ-૭.

( વધુ વિગત માટે મુંબઈમાં સંપર્ક : પ્રબોધ પરીખ : ફોન - ૬૩૪૧૮૭૧, ૬૧૮૪૩૫૪, ૬૧૮૪૩૫૫ )

(૧-૫-૨૦૦૨)

એક પત્ર

## કે. કા. શાસ્ત્રીને / નારાયણ દેસાઈ

૧૦-૪-૨૦૦૨

**મુરબ્બી શ્રી શાસ્ત્રીજી,**

જે સભાની સ્થાપના સ્વ. રણજિરામ જેવા વિચક્ષણ પ્રમુખે કરેલી તે ગુજરાત સાહિત્ય સભાના પ્રમુખ તરીકે આપે મને આ વર્ષે રણજિતરામ ચંદ્રક આપવાનો સભાનો નિર્ણય લખી જણાવ્યો ત્યારે મેં પાત્રતા અંગેના સંકોચ છતાં, શ્રી ઝવેરચંદ મેઘાણીથી માંડીને શ્રી ચી.ના. પટેલ સુધીના અનેક વડીલોનાં ચરણોમાં બેસવાની તેને તક સમજી એનો સ્વીકાર કરતાં હર્ષ અનુભવેલો. સાહિત્ય, સંસ્કાર અને સેવા એવાં ત્રણ ક્ષેત્રોનો ઉલ્લેખ ચંદ્રક પ્રદાન વખતે થયેલો. ચંદ્રક આપતી વખતે જ્યારે આપે 'ગાંધીનું કામ કરતા રહેજો' એમ કહ્યું ત્યારે મેં અને આશીર્વાદ માની શિરોધાર્ય કરેલ.

૨૭મી ફેબ્રુઆરીની ગોધરાની ઘાતકી ઘટનાથી આરંભ થયેલી અને ૨૮મીના 'બંધ'ની જાહેરાત પછી ફેલાયેલી ગુજરાતવ્યાપી અમાનવીય હિંસાથી મારું હૃદય ચીરાતું રહ્યું છે. આ બાબત આપનાં કેટલાંક વિધાનો જે સંચાર-માધ્યમો દ્વારા પ્રગટ થયાં છે, અને જેમાંથી એકાદ સિવાય બીજા કોઈનો આપે ઈન્કાર કર્યો એવું મારી જાણમાં નથી, તેનાથી મારું દિલ દુભાયું છે. આ હકીકત જો હું આપને ન જણાવું તો ગાંધીનું કાર્ય કરવામાંથી ચૂકું એમ લાગતાં મારી લાગણી આ પત્ર દ્વારા વ્યક્ત કરું છું.

આ વ્યાપક હિંસાચારથી ગુજરાત સંસ્કારક્ષેત્રે ઘણું હેઠે પડ્યું છે. આપણે જાણે કે માણસાઈના માર્ગથી ચાતરી ગયા છીએ. પ્રતિશોધને સીધી કે આડકતરી રીતે સમર્થન આપવાથી સમાજની કદી સેવા થાય ખરી ? ગુજરાતના એક નાગરિક તરીકે છેલ્લા માસ દરમિયાન ગુજરાતમાં થયેલી સર્વ હિંસા-પ્રતિહિંસાના મહાપાતકનો હું પણ અમુક અંશે ભાગીદાર છું એમ અનુભવું છું. એના પ્રાયશ્ચિત્તના એક પ્રયાસ તરીકે આપની તેમજ સમાજની આગળ મારી આ વેદનાને વ્યક્ત કરું છું.

**પ્રતિ** **લિ.**

**શ્રી કે.કા.શાસ્ત્રી,** **નારાયણ દેસાઈના પ્રણામ**

**ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ** (૧૬-૪-૨૦૦૨)

## હિંદુત્વ, અટલજી, મા. ગો. વૈદ્ય અને મુસ્લિમો / મહેબૂબ મકરાણી

થોડા દિવસ પર દૈનિકોમાં વાંચેલ માજી સંઘપ્રચારક શ્રી અટલજીના વિચારો તથા વર્તમાન સંઘપ્રવક્તા શ્રી મા. ગો. વૈદ્યે મુસ્લિમોને ઉદ્દેશીને કરેલાં ત્રણ સૂચનો મનનીય રહ્યાં. શ્રી વૈદ્ય અંગેની મારી સમજ મવાળ-રચનાત્મક હિન્દુત્વવાદી તરીકેની છે. ખુલ્લા મનથી વિચાર કરીએ તો દરેક પક્ષે કાંઈકને કાંઈક સત્ય જરૂર રહેલું છે. અને આવા સત્યની સંગાથે કોઈપણ સમસ્યાના સમાધાન પર આવવું મુશ્કેલ નથી.

હિન્દુત્વને હાઈજેક કરી રહેલાં કેટલાંક અનિષ્ટકારી બળો તરફ લાલબત્તી ધરતા શ્રી અટલજીએ ભારતીય વૈદગ્ધ્યના સર્વોત્કૃષ્ટ શિખર સ્વામી વિવેકાનંદને હિન્દુત્વના આદર્શ તરીકે યાદ કર્યા. અને ખરેખર ગંદા હિન્દુત્વ નામની કોઈ ચીજ નથી. જેમ અંધકારનું સ્વતંત્રપણે કોઈ અસ્તિત્વ નથી -પ્રકાશનો અભાવ એ જ અંધકાર તેમ દ્વેષધિક્કારથી છલોછલ વ્યક્તિને અહિન્દુ માનીને ચાલવું ઉચિત રહેશે. આવું જ પ્રત્યેક ધર્મના અનુયાયી વિષે કહી શકાય.

આ સિવાય સંઘપ્રવક્તા શ્રી મા.ગો. વૈદ્ય તરફથી મુસ્લિમો સમક્ષ ત્રણ મુદ્દા રજૂ કર્યા - જેવા કે, હિન્દુ વિરોધીઓના હાથમાં ન રમવું ; હિન્દુઓ સામેની તમામ હિંસા વખોડી કાઢવી તેમ જ કાફિર, કુફ્ર અને જિહાદ શબ્દોની વ્યાખ્યા બદલી કાઢવી.

ઉપરોક્ત મુદ્દાઓમાં ઝળકતી સંઘીય શૈલીને બાદ કરીએ તો ત્રણે માંગ પોતાનામાં ખોટી નથી. પહેલા બન્ને મુદ્દાની ભાષામાં સુધારો કરતાં ''રાષ્ટ્રવિરોધીઓના હાથમાં ન રમવું'' તથા ''નાગરિકો સામેની તમામ હિંસા વખોડી કાઢવી'' એ રીતે પ્રસ્તુત કરી શકાય. જાહેર હિતનું સૂચન સમગ્ર રાષ્ટ્રને આવરી લેનારું હોવું જોઈએ. હા, ત્રીજો મુદ્દો યથાતથ સ્વીકારી લેવામાં મુસ્લિમોને વાંધો હોવો જોઈએ નહીં. કાફિર કુફ્રના શબ્દકોષીય અર્થ ભલે ખાસ વાંધાજનક ન હોય, પરંતુ વર્ષો સુધી તેમાં ધિક્કારભાવ ઘુંટાતા ગાળનો પર્યાય બન્યા છે. માટે આવા શબ્દોની વ્યાખ્યા બદલવી કે પછી વાતચીત-વ્યવહારને તેનાથી મુક્ત રાખવા જ ઉચિત રહેશે.

જોકે મુસ્લિમો આટલું કરી બતાવે તે પછી પણ જે ઉદ્દેશોને લઈને સંઘપરિવારનો જન્મ થયો છે તથા આજ સુધી જે દર્શનને તેઓ વળગી રહ્યા છે તેમાં બાંધછોડ કરી શકશે ? હિન્દુરાષ્ટ્રનું પોણોસો વર્ષથી સેવેલું સ્વપ્ન તથા તેના માટે મુસ્લિમો વિરુધ્ધ આક્રોશ જગાવતા રહી હિન્દુઓને સંગઠિત કરવાના પૂર્વનિર્ધારિત માર્ગને તિલાંજલિ આપવાનું પસંદ કરશે ? જો તેઓ આમ કરી શકે તો સુગઠિત - સમરસ રાષ્ટ્રનિર્માણનાં દ્વાર ખૂલી જાય ! પરંતુ સંઘપરિવાર આમ ન કરે તોપણ નાગરિકધર્મને અનુસરવું મુસ્લિમોના હિતમાં રહેશે.

(૧-૫-૨૦૦૨)

## એમને 'મુસ્લિમ' કહેવડાવવાનો અધિકાર નથી / સાદિક નૂર પઠાણ

ગોધરાકાંડ અને ત્યાર પછી તેના પ્રત્યાઘાતે થયેલ હિંસાને હું સખત શબ્દમાં વખોડું છું. બન્ને કોમ દ્વારા આચરવામાં આવેલ જાન અને માલહાનિ માનવતા વિશે પ્રશ્નો ઊભા કરે છે. અમારા ધર્મમાં આવી હિંસાને હંમેશાં વખોડાય છે. ગોધરાકાંડના હત્યારાઓને 'મુસ્લિમ' કહેવડાવવાનો અધિકાર નથી. આ નરસંહારને દરેક સમજદાર મુસ્લિમ ચોક્કસ વખોડે છે.

ગોધરાકાંડની હિંસાને તો આપણે રોકી ન શકયા, પરંતુ તેના પછીની હિંસાને આપણે ચોક્કસ રોકી શકયા હોત. કમનસીબે હિંસાને જાણી જોઈને રોકવામાં આવી નહીં. કયાંય તોફાનોને ડામવાના પ્રયત્નો પણ થયા નહીં. આવી લાગણી બન્ને કોમમાં જોવા મળે છે. શાહઆલમ વિસ્તારમાં અત્યાર સુધી રમખાણોનો એક પણ ગુનો નોંધાયો નથી. આજે પણ અમદાવાદના શાહઆલમ વિસ્તારમાં મારી સોસાયટીમાં (નિર્ભયનગરમાં) બે હિંદુ કુટુંબો નિર્ભય બની, પૂરી સલામતીથી રહે છે. કયારેક બહારથી ઉશ્કેરાયેલાં ટોળાં આવે છે તો અમે મક્કમતાથી સામનો કરીને પાછા વાળીએ છીએ. શાહઆલમની આસપાસ કેટલીક મુસ્લિમોની દુકાનોને બાળી નાંખવામાં આવી, પરંતુ શાહઆલમ વિસ્તારની એક પણ હિન્દુ દુકાનને આંચ આવી નથી. આ જ અમારી કોમી એકતાનો નક્કર નમૂનો છે. તોફાનો દરમ્યાન મારાં ઘણાં હિન્દુ મિત્રોએ ફોન દ્વારા ખબર પૂછયા હતા. જે બતાવે છે કે મોટી સંખ્યામાં હિન્દુઓને મુસ્લિમો માટે કડવાશ નથી. માત્ર મુઠ્ઠીભર તત્વો બન્ને કોમો વચ્ચે વૈમનસ્ય ફેલાવે છે. આ વેરને જો ડામી શકાય તો સમાજમાં કોમી એખલાસ જળવાઈ રહે.

કોમી એખલાસને જાળવી રાખવા માટેનાં મારાં સૂચનો નીચે મુજબ છે :

૧.અગ્નિશામક જે રીતે ઘટના સ્થળ પર પહોંચવાની તત્પરતા દર્શાવે છે, તેવી તત્પરતા અને કટિબદ્ધતા પ્રશાસને દર્શાવી નિષ્પક્ષ રીતે કાર્ય કરવું જોઈએ.

૨.અધિકારીઓ તથા નેતાઓએ માધ્યમ સમક્ષ વિનયપૂર્વક બોલવું જોઈએ. કોમી શાંતિ ભડકાવનારાં વિધાનો કરવા જોઈએ નહીં.

૩.જયાં બન્ને કોમના લોકો સાથે રહે છે ત્યાં બન્ને કોમના આગેવાનોએ શાંતિ જાળવવા સહિયારા પ્રયાસો કરવા જોઈએ. વિસ્તારની શાંતિ માટે વિસ્તારના લોકોના પ્રયાસો હકારાત્મક પરિણામો લાવ્યાના દાખલા મોજૂદ છે.

૪.તોફાની તત્ત્વો બહારનાં (Faceless) છે તેને સદંતર સહકાર આપવો નહીં.

છેલ્લે દરેક વ્યકિતએ જાતે વિચારીને વર્તવું પડશે કે મને વ્યકિતગત રીતે સામેની કોમથી કયારેય નુકસાન થયું છે ? જો વ્યકિતગત નુકસાન થયું ન હોય તો હું કેમ બીજી વ્યકિતને નુકસાન કરું ?

ટૂંકમાં, શાંતિ રાખવા માટે સૌથી મોટી જવાબદારી હું મારી જાતે નિભાવીશ. આ ભાવના રાખવામાં આવે તો શાંતિ જળવાશે તેવો મારો અનુભવ છે.

(૧-૫-૨૦૦૨)

## ગુજરાતી વાચકો અને અંગ્રેજી વાચકો વચ્ચેનું ધ્રુવીકરણ ! / દિનેશ શુક્લ

ગોધરા અને ત્યારબાદ ગુજરાતમાં ઘટેલી હિંસક ઘટનાઓ થકી આપણે ત્યાં જે અનેક ધ્રુવીકરણો થયાં, તેમાં કેવળ ગુજરાતી છાપાંઓ અને મેગેઝિનો વાંચનારો અને તેમાં જે કંઈ છપાયું તેને જ સાચું માની લેનારો ગુજરાતીભાષી લોકોનો એક મોટો સમૂહ, તો બીજી બાજુ કેવળ અંગ્રેજી છાપાંઓ અને સામયિકો વાંચનારો અને તેમાં જે છપાયું તેને જ સાચું માની લેનારો ગુજરાત અને ગુજરાત બહાર રહેતો દેશનો બીજો વિશાળ સમૂહ એવું એક ધ્રુવીકરણ રચાયું છે. ગુજરાતી છાપાંઓ અને સામયિકો ઉપરાંત અંગ્રેજી છાપાંઓ અને સામયિકો વાંચનારો જે એક નાનો સમૂહ ગુજરાતમાં છે, તેનું પરસેપ્શન (આકલન) આ બન્ને સમૂહોથી જુદું પડે છે. કેટલાંક ગુજરાતી છાપાંઓ (બધાં નહિ)એ ગોધરા અને ત્યારબાદ ગુજરાતમાં બનેલી હિંસક ઘટનાઓનું જે પૂર્વગ્રહપ્રેરિત રિપોર્ટિંગ કર્યું, (જેમાં ભડકાવનારાં મથાળાં, ઉશ્કેરણીજનક ફોટોગ્રાફ, અફવાઓને સમાચાર તરીકે ખપાવવાની ચેષ્ટા વગેરેનો સમાવેશ થઈ જાય છે) તેનું ઠીક ઠીક પ્રમાણમાં દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. તે બધાંનું તારીખવાર વિષયવસ્તુ વિશ્લેષણ (કન્ટેન્ટ એનાલિસિસ) પણ કરવામાં આવ્યું છે, એ થકી એક એવી છાપ ઊભી થાય છે કે તેમણે મહદંશે નકારાત્મક ભૂમિકા ભજવી છે. દેશ અને ગુજરાતના મીડિયા-નિરીક્ષકોએ આ વિશે ઠીક ઠીક પ્રમાણમાં લખ્યું છે, વિશેષ તો એ વિશે ચિંતા વ્યક્ત કરી છે.

જે કેવળ અંગ્રેજી છાપાંઓ અને મેગેઝિનો વાંચે છે તેવાં ગુજરાતના અને ગુજરાત બહારના વાચકોના મનમાં ગુજરાતના હિંસક બનાવો વિષે તદ્દન જુદી જ છાપ ઊભી થઈ છે. ગાંધીના ગુજરાતમાં આટલી બધી ક્રૂર, અમાનવીય હિંસા કેવી રીતે થઈ, એ વિશે તે આશ્ચર્ય અને વિશેષ તો દુ:ખ વ્યક્ત કરે છે. કેવળ ગુજરાતી વાંચનાર અને ગુજરાતમાંના શહેરી વિસ્તારોમાં રહેતા સામાન્ય સરેરાશ મધ્યમવર્ગીય ગુજરાતીને એનું બહુ આશ્ચર્ય થતું નથી. એ મહદંશે 'આઘાત-પ્રત્યાઘાત'ને આધારે ગુજરાતની હિંસક ઘટનાઓનો ખુલાસો અને અમુક અંશે તેમને વાજબી ઠેરવવાનો પ્રયાસ કરે છે. ગુજરાતમાં જે કંઈ બન્યું છે, અને 'જે રીતે' બન્યું છે, એ વિશે ગુજરાતમાં રહેતા સરેરાશ મધ્યમવર્ગીય ગુજરાતીને પસ્તાવો થતો નથી, એવું રિબેરો, કે.પી. એસ. ગીલ અને છેલ્લે છેલ્લે ભાજપનાં ઉમા ભારતી જેવાંએ પણ કહ્યું, અને દુ:ખ વ્યક્ત કર્યું, એની આ સરેરાશ મધ્યમવર્ગીય ગુજરાતીએ ઝાઝી નોંધ લીધી હોય કે પરવા કરી હોય એવું પણ લાગતું નથી.

ગુજરાતના શહેરી વિસ્તારો અને ગ્રામીણ વિસ્તારોમાં લઘુમતી કોમના સભ્યોને લક્ષ્યાંક બનાવીને, વ્યવસ્થિત, આયોજનપૂર્વક, સમજી બૂઝીને, તેમની હત્યા કરવામાં આવી, મકાનોને લૂંટવામાં આવ્યાં, બાળવામાં આવ્યાં અને પછી જમીન-દોસ્ત કરવામાં આવ્યાં, તેમનાં ધંધા-રોજગારનાં સાધનોનો નાશ કરવામાં આવ્યો - આ બધી બાબતોથી કેવળ ગુજરાતી છાપાંઓ વાંચનાર મોટો વર્ગ લગભગ અજાણ છે ! ગુજરાતમાં 'ગોધરા' જેવી સામૂહિક અગ્નિકાંડની ઓછામાં ઓછી સાત-આઠ ઘટનાઓ બની છે (બીજી અનેક ઘટનાઓની તો વાત જ જુદી છે), એ વિશે કેવળ ગુજરાતી છાપાંઓ વાંચનાર મોટાભાગે અજાણ છે, એ જાણીને આ લખનારને આશ્ચર્ય અને દુ:ખ થયું. આ ઘટનાઓ બન્યા પછી કોઈ કારણસર આ લખનારને મુંબઈ જવાનું થયું. ત્યાં ગુજરાતમાંથી આવેલા કેટલાક કૉલેજ અધ્યાપકો સાથે રહેવાનું અને વાતચીત કરવાનું થયેલું. જ્યારે આવી ક્રૂર ઘટનાઓ બની છે, તેનો ઉલ્લેખ કર્યો ત્યારે તેમણે જણાવ્યું કે આટલું બધું અને આટલી નિર્દયતાથી બન્યું છે, એની તો અમને ખબર જ નહિ ! આ અધ્યાપક મિત્રો (સામાન્ય માણસો નહિ) કેવળ ગુજરાતી છાપાંઓ ('જાણીતા' - સહુથી વધારે વંચાતા છાપાંઓ) જ વાંચતા હતા, એ ઉમેરવાની જરૂર રહે છે ખરી ? પ્રાદેશિક ભાષાઓમાં પ્રગટ થતાં અખબારો પણ પોતાની સ્થાનિક અને ક્યારેક તો બેત્રણ જિલ્લાઓની આવૃત્તિઓ બહાર પાડે છે, એમાંથી સમગ્ર ગુજરાતનું ચિત્ર આ વાચકોનાં મન ઉપર ઊપસતું નથી. અમદાવાદ, વડોદરા, સૂરતમાં જે કંઈ બને છે, તેનું ઘણું ઓછું રિપોર્ટિંગ રાજકોટમાંથી નીકળતી આવૃત્તિમાં જોવામાં મળે છે, અને એ જ રીતે બીજાં શહેરોમાંથી નીકળતી આવૃત્તિઓમાં પણ ગુજરાતનું આંશિક અથવા ખંડ ચિત્ર જોવા મળે છે. આના કારણે એવી સ્થિતિ ઊભી થાય છે કે ગુજરાતના જુદા જુદા ભાગોમાં જે કંઈ હિંસક ઘટનાઓ બની, એનું એકંદરે સમગ્ર ચિત્ર અમુક જ સ્થાનિક આવૃત્તિ વાંચનારને મળતું નથી. એથી ઊલટું, ગુજરાતમાંથી અને ગુજરાત બહારથી પ્રગટ થતાં અંગ્રેજી અખબારો (અમુક અંશે હિન્દી અને અન્ય ભાષાઓનાં અખબારો)માં એકંદરે સમગ્ર ગુજરાતનું ચિત્ર વ્યક્ત થતું જોવા મળે છે. ગુજરાતનાં મુખ્ય અખબારોના 'પૂર્વગ્રહપ્રેરિત રિપોર્ટિંગ'ને કારણે જે કંઈ બન્યું છે, બની રહ્યું છે, એનું ખંડચિત્ર અને સ્થાનિક આવૃત્તિઓમાં થતું રિપોર્ટિંગ તો ખંડનું પણ ખંડચિત્ર રજૂ કરે છે. એટલે ગુજરાતના સરેરાશ ગુજરાતી વાચકને ખરેખર ગુજરાતમાં જે કંઈ બની ગયું, તેની અત્યંત ઓછી અને ધૂંધળી જાણકારી છે.

આંશિક, ઓછી અને ધૂંધળી જાણકારીથી રચાયેલાં માનસિક વાયુમંડળને જે કોઈ ભેદવાનો પ્રયાસ કરે છે, તે બધા પર સત્તાધારી ભાજપના આગેવાનો પસ્તાળ પાડે છે. એમનું સૌથી મહત્ત્વનું લક્ષ્યાંક અંગ્રેજી અખબારો અને મેગેઝિનો અને અંગ્રેજી ચેનલો છે. એમાં એમને ગુજરાત વિરુદ્ધ કાવતરાની ગંધ આવે છે, ગુજરાત અને ગુજરાતીઓને બદનામ કરવાની સાજિશ દેખાય છે. પાંચ કરોડ ગુજરાતીઓના સમ ખાઈને ગુજરાતના સત્તાધીશો, અરીસો દેખાડનાર સંચાર માધ્યમોને, ગુનેગારોના પિંજરામાં મૂકી દેવાનો બાલિશ પ્રયાસ કરે છે. ગુજરાતની ઘટનાઓનાં અંગ્રેજી અખબારો અને મેગેઝિનોમાં થયેલ રિપૉર્ટિંગ અને વિશ્લેષણને કારણે તેના આંતરરાષ્ટ્રીય પ્રત્યાઘાતો પડ્યા, એને પણ ગુજરાત અને દેશને બદનામ કરવાના આંતરરાષ્ટ્રીય કાવતરા તરીકે ખપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

અંગ્રેજી અખબારો અને મૅગેઝિનોના રિપૉર્ટરો અને કટારલેખકો વિદેશી ગુપ્તચર સંસ્થાઓના પગારદાર હોવાની શંકા પણ એક ગુજરાતી કટારલેખકે તેમની કોલમમાં વ્યક્ત કરી છે. તેમણે સંચારમાધ્યમોની ભૂમિકા પરના એક પરિસંવાદમાં ખુલ્લંખુલ્લા 'નિખાલસપણે' જાહેર કર્યું હતું કે ગુજરાતની ઘટનાઓનાં સંદર્ભમાં તેઓ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના પ્રશંસક અને તરફદાર છે ! ગુજરાતમાં ગોધરા ઘટના પછી જે કંઈ બન્યું, એનો ન તો એમને કોઈ અફસોસ છે કે ન તો દુ:ખ; એમને અંગ્રેજી અખબારો અને સંચારમાધ્યમો પર ભારોભાર ગુસ્સો છે, કારણ કે એમણે ગુજરાતમાં જે કંઈ થયું છે, તેને ઉઘાડું પાડ્યું છે !

ગુજરાતની ઘટનાઓનાં વિશ્લેષણ અને મૂલ્યાંકનની બાબતે ગુજરાતી અને અંગ્રેજી અખબારોમાં જે મુખ્ય ભેદ છે તે તેના સ્વરૂપ વિશે. ગુજરાતી અખબારો અને મોટાભાગના કૉલમ લખનારા (એમાંય અપવાદો છે) ગુજરાતમાં જે કંઈ બન્યું એ મહદંશે ગોધરા ઘટનાના પ્રત્યાઘાતરૂપે બન્યું છે એમ માને છે. એ બાબતે તેમણે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું મૂલ્યાંકન સ્વીકારી લીધું છે. 'હા, થોડું વધારે પડતું થયું છે પણ જે થયું છે, તે સ્વયંભૂ અને પ્રત્યાઘાત રૂપે થયું છે,' પણ એ વિશે ઝાઝો મતભેદ નથી. અંગ્રેજી અખબારોના આકલન પ્રમાણે ગોધરા બાદ ગુજરાતમાં જે હિંસક ઘટનાઓ બની છે, તે ગણતરીપૂર્વકની, આયોજનબદ્ધ, વ્યવસ્થિત, પૂર્વતૈયારી સાથે બની છે અને એમાં લઘુમતીને લક્ષ્યાંક બનાવવામાં આવી છે. એને ચીલાચાલુ અર્થમાં કોમી હુલ્લડો તરીકે ખપાવી શકાય નહિ. એમાં 'રાજ્યે' કાં તો સગવડ કરી આપનારની ભૂમિકા ભજવી છે, અથવા તો જાણીબૂઝીને આંખ આડા કાન કર્યા છે. અનેક બનાવોની તપાસ, ભોગ બનેલાઓની મુલાકાત, તે વખતે થયેલા સૂત્રોચ્ચાર – આ બધાંને આધારે તે માટે જે શબ્દો વાપરવામાં આવ્યા છે તેમાં 'પોગ્રમ', 'એથ્નિક ક્લીન્સીંગ' અથવા 'જેનોસાઈડ'નો સમાવેશ થાય છે. આ શબ્દપ્રયોગ સામે કેટલાકે વાંધો ઉઠાવ્યો છે. શબ્દપ્રયોગ એટલો મહત્ત્વનો નથી, જેટલું મહત્ત્વ એ ઘટનાઓમાં જે એક પેટર્ન ઊભી થાય છે, જે એક માનસિકતા – માઈન્ડ સેટનું તે પ્રતિબિંબ પાડે છે, તેનું છે.

(૧-૫-૨૦૦૨)

## રાષ્ટ્રીય અખબારોની ભૂમિકા / રમેશ બી. શાહ

ગુજરાતમાં ગોધરા કાંડના પ્રત્યાઘાત રૂપે લાંબો સમય ચાલેલાં કોમી રમખાણો વિવિધ વમળો સર્જે એ સહજ છે. વિવાદ અને ચર્ચાનો એક મુદ્દો સમૂહ માધ્યમોની ભૂમિકાને સ્પર્શે છે. ગુજરાતમાં કોમી હિંસા વકરી અને ચાલુ રહી તે માટે સમૂહ માધ્યમોને જવાબદાર ગણવામાં આવ્યા છે. આમાં ટીકા મુખ્યત્વે રાષ્ટ્રીય અખબારો અને ટીવી ચેનલોની કરવામાં આવી છે. તેમની સામે ટીકાના ત્રણેક મુદ્દાઓ છે. એક, ખાસ કરીને ટીવી ચેનલોએ ઉશ્કેરણીજનક દૃશ્યો વારંવાર દર્શાવીને રમખાણો માટે લોકોને ઉશ્કેર્યા છે. બીજું, તેમણે રમખાણોના એકતરફી, એટલે કે મુસ્લિમો તરફી હેવાલો આપીને દેશ તથા વિદેશોને ગેરમાર્ગે દોર્યા છે. ત્રીજું, ગુજરાતનાં કોમી રમખાણોની તેમ તેનાં કેટલાંક પરિણામોની અતિશયોક્તિભરી રજૂઆત કરીને ગુજરાતને બદનામ કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં કરવામાં આવતા આક્ષેપ પ્રમાણે ગુજરાતની ઝડપી પ્રગતિ સામેની અદેખાઈથી પીડાતા લોકો ગુજરાતને બદનામ કરી રહ્યા છે. રાષ્ટ્રીય અખબારો ગુજરાતને બદનામ કરવાની ઝુંબેશ ચલાવી રહ્યા છે એવી ટીકા જ્યારે ગુજરાતના શાસકો કરે છે ત્યારે તેમાં એક મુદ્દો અભિપ્રેત હોય છે. વર્ષો પહેલાં કૉંગ્રેસના તત્કાલીન પ્રમુખ દેવકાન્ત બરૂઆએ 'ઇન્દિરા ઇઝ ઇન્ડિયા' એવું વિધાન કરેલું. આ બાબતમાં આજના શાસકો આત્મનિર્ભર બન્યા છે ! તેઓ પોતે જ એમ માનીને ચાલે છે કે પોતે જ ગુજરાત છે. તેથી તેમની ટીકાઓ ગુજરાતની જ ટીકાઓ ગણાય. રાષ્ટ્રીય અખબારો જે ટીકાઓ કરી રહ્યા છે તેમાં ગુજરાતના પાંચ કરોડથી અધિક લોકો અભિપ્રેત નથી, પરંતુ ગુજરાતના ઔપચારિક અને અનૌપચારિક શાસકો અભિપ્રેત છે. એ ટીકાઓને તેઓ સમગ્ર ગુજરાતી પ્રજાની ટીકામાં ખપાવવાની કોશિશ કરી રહ્યા છે.

અખબારો દ્વારા કરવામાં આવતી ટીકાઓથી શાસકો અકળાઈ જાય એમાં કશું નવું નથી. બધા જ શાસકો તેમનાં ટીકાકાર અખબારો સામે આ જ પ્રકારની ટીકાઓ કરે છે. અગાઉ સ્વ. ઇન્દિરા ગાંધીએ આવી ફરિયાદો કરી જ હતી. આમાં વિલક્ષણ મુદ્દો એક જ છે : પોતાનો પક્ષ કૉંગ્રેસ અને અન્ય પક્ષો કરતાં નોખો હોવાનો દાવો કરનાર ભાજપે કૉંગ્રેસને 'રોલ મૉડેલ' તરીકે સ્વીકારી છે. જ્યારે પણ તેને તેના કોઈ અઘટિત વર્તન માટે બચાવની સ્થિતિમાં મુકાવું પડે છે ત્યારે તે કૉંગ્રેસનો દાખલો ટાંકે છે. ભૂતકાળમાં કૉંગ્રેસ જે અયોગ્ય વર્તન કરી ચૂકી છે એવા જ ભાજપ દ્વારા આચરવામાં આવતા અયોગ્ય વર્તનની ટીકા કરવાનો નૈતિક અધિકાર કૉંગ્રેસને રહેતો નથી તે સાચું, પરંતુ સમાજના અન્ય લોકોને તો એવા વર્તનની ટીકા કરવાનો અધિકાર રહે જ છે. ૧૯૮૪માં દિલ્હીમાં કરવામાં આવેલી શીખોની હત્યાનો કિસ્સો વારંવાર ટાંકવામાં આવ્યો. કૉંગ્રેસને એ કિસ્સાની યાદ આપવામાં આવે તે બરાબર છે, પરંતુ અખબારો માટે કૉંગ્રેસનું એ પાપ કઈ રીતે બાધક બને છે ? ભૂતકાળમાં કૉંગ્રેસે કરેલા ટીકાપાત્ર વર્તનને અન્ય રાજકીય પક્ષો એવા જ ટીકાપાત્ર વર્તન માટેનો પરવાનો ગણી રહ્યા છે, પણ અખબારોને તે માન્ય ન હોય તે સ્વાભાવિક છે.

રાષ્ટ્રીય અખબારોએ એકતરફી અતિશયોક્તિભર્યા સમાચારો આપ્યા છે કે વિવેચનો કર્યા છે એ ટીકા વધારે મહત્ત્વની છે. ગોધરામાં થયેલા ભીષણ હત્યાકાંડ માટે અંગ્રેજી શબ્દ 'કાર્નેજ' વપરાયો, પરંતુ ગોધરાના પગલે પ્રથમ સપ્તાહ દરમિયાન ગુજરાતના વિવિધ ભાગોમાં થયેલા એવા જ ભીષણ હત્યાકાંડ માટે અંગ્રેજી અખબારોએ 'કાર્નેજ'ની સાથે 'પોગ્રમ' અને 'જેનોસાઈડ' શબ્દોનો પણ ઉપયોગ કર્યો. એકમેકના પર્યાય જેવા 'પોગ્રમ' અને 'જેનોસાઈડ' શબ્દોનો રૂઢ અર્થ આ પ્રમાણે છે : અમુક વર્ગના લોકોનું પ્રાયોજિત તથા સામુદાયિક નિકંદન, તેમની સંપત્તિનો વિનાશ. ગુજરાતમાં મુસ્લિમોનું નિકંદન કાઢી નાખવામાં આવ્યું નથી એ એક હકીકત છે. ભાજપના એક નેતાએ કહ્યું તેમ ગુજરાતમાં ૫૦ લાખ મુસ્લિમોમાંથી ૫૦૦-૭૦૦ની હત્યા કરવામાં આવી છે, છતાં તેના માટે 'જેનોસાઈડ' શબ્દ કેવી રીતે વાપરી શકાય ? વળી ગુજરાતમાં અમદાવાદ અને ઉત્તર ગુજરાતનાં કેટલાંક કેન્દ્રોને બાદ કરતાં અન્ય વિસ્તારોમાં મુસ્લિમોની મોટી સંખ્યામાં કત્લેઆમ કરવામાં આવી ન હતી. ઐતિહાસિક રીતે જોઈએ તો નાઝીઓ દ્વારા યહૂદીઓના સંહારની જે ઘટના ઘટી હતી તેના માટે 'જેનોસાઈડ' શબ્દ યોગ્ય હતો. આમ ગુજરાતમાં કેવળ નરસંહારના વ્યાપની રીતે વિચારવામાં આવે તો 'જેનોસાઈડ' અને 'પોગ્રમ' શબ્દ અતિશયોક્તિપૂર્ણ છે. આ શબ્દપ્રયોગો અને તેમને યથાર્થ ઠેરવે તેવી વિગતોને બહોળી પ્રસિદ્ધિ આપીને રાષ્ટ્રીય અખબારોએ કેવળ દેશમાં જ નહિ, દુનિયાના અન્ય દેશોમાં પણ ગુજરાતની ઘટનાઓનું એક ઘેરું બિહામણું ચિત્ર આલેખ્યું છે. બ્રિટનના ત્રણ મુસ્લિમ નાગરિકોની આ કોમી રમખાણોમાં હત્યા થઈ એ ઘટનાએ તેને સમર્થન આપ્યું. ભાજપના પ્રાદેશિક અને રાષ્ટ્રીય નેતાઓને જે અકળામણ છે તે આ પ્રચારની છે.

રાષ્ટ્રીય અખબારોએ 'કાર્નેજ'ના વિકલ્પે કે તેની સાથે

'જેનોસાઈડ' અને 'પોગ્રમ' શબ્દનો ઉપયોગ યથાર્થ રીતે નથી કર્યો એવા નિષ્કર્ષ પર પહોંચતાં પહેલાં તેની બીજી બાજુને તપાસવાનું યોગ્ય થશે. આપણે એ યાદ રાખવું જોઈએ કે બદલાયેલી પરિસ્થિતિમાં થતા નવા અનુભવોને રજૂ કરવા માટે જ્યારે જૂના શબ્દો જ પ્રયોજવામાં આવે છે ત્યારે એ શબ્દોની અર્થચ્છાયા બદલાય છે અથવા તેમાં નવા અર્થો ઉમેરાય છે. વિનોબાજીએ કહ્યું છે તેમ શબ્દને અર્થનો ભાર લાગતો નથી. આ દાખલામાં એવું બન્યું છે. 'જેનોસાઈડ' કે 'પોગ્રમ'માં કેવળ સંખ્યા કે વ્યાપ અગત્યનાં નથી, એ કતલની પાછળનું આયોજન પણ એટલું જ મહત્ત્વનું છે. રાષ્ટ્રીય અખબારોએ એ નરસંહારને 'કાર્નેજ' ને બદલે 'જેનોસાઈડ' તરીકે રજૂ કર્યો તેમાં એ મુદ્દો અભિપ્રેત છે : તા. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ કરીને થોડા દિવસો દરમિયાન મુસ્લિમોની જે હત્યા કરવામાં આવી અને તેમની માલ મિલકતોનો નાશ કરવામાં આવ્યો તેમાં ચોક્કસ સંગઠનોએ કરેલા આયોજનનો મોટો હિસ્સો હતો અને તેમાં રાજ્યની મૂક સંમતિ હતી. એ આયોજિત ખૂનરેજીને મદદ કરવા માટે ગુજરાત સરકારના બે પ્રધાનોએ અમદાવાદ અને ગાંધીનગર ખાતે પોલીસ કન્ટ્રોલ રૂમનો કબજો લીધો હતો. આ આક્ષેપો આરંભથી જ થતા આવ્યા છે. અને તેનો કોઈએ અધિકૃત રીતે ઈન્કાર કર્યો નથી. એટલું જ નહીં, ગુજરાતની મુલાકાતે આવેલા વડા પ્રધાને ગુજરાતના મુખ્યમંત્રીને 'રાજધર્મ' બજાવવાનો ઉપદેશ આપ્યો તેમાં ઉપર્યુક્ત આક્ષેપોનું પરોક્ષ રીતે સમર્થન કરવામાં આવ્યું છે, એવા અર્થઘટનનો પણ ઈન્કાર કરવામાં આવ્યો નથી. રાષ્ટ્રીય અખબારોએ ગુજરાતનું જે ઘેરું અને બિહામણું ચિત્ર આલેખ્યું તેમાં આ મુદ્દો નિર્ણાયક નીવડ્યો છે. આ દાખલામાં કાયદો અને વ્યવસ્થા જાળવીને નાગરિકોના જાનમાલનું રક્ષણ કરવાની પ્રાથમિક જવાબદારી અદા કરવામાં રાજય નિષ્ફળ નહોતું ગયું, ઓછામાં ઓછું પ્રથમ બે દિવસો દરમિયાન રાજ્યે એ જવાબદારી અદા કરવાનું જ માંડી વાળ્યું હતું, એ મુદ્દો સભ્ય સમાજ (સિવિલ સોસાયટી) માટે વધારે ગંભીર હતો. એનાથીયે વધારે ગંભીર બાબત રાજ્યનો કબજો અનધિકૃત સંગઠનો અને વ્યક્તિઓના હાથમાં ચાલ્યો ગયો તે હતી. રાષ્ટ્રીય અખબારોએ નરસંહારમાં સક્રિય સંગઠનો સાથેની સરકારની આ સાંઠગાંઠને અત્યંત ગંભીર ગણીને તેના માટે 'જેનોસાઈડ' અને 'પોગ્રમ' શબ્દો પ્રયોજ્યા છે. દેશમાં જે અત્યંત ટીકાને પાત્ર બની છે તે સરકારની આ ભૂમિકા છે. રાષ્ટ્રીય અખબારો જે બદનામી કરી રહ્યાં છે તે 'ગુજરાત'ની નથી, પરંતુ ગુજરાત સરકારની, વિશેષ કરીને મુખ્યમંત્રીની છે.

રાષ્ટ્રીય અખબારો ગુજરાતની ઘટનાઓની રજૂઆતમાં મુસ્લિમો તરફ ઝૂકેલાં રહ્યાં છે એ વિશે ઝાઝો મતભેદ નથી. અલબત્ત, તેમણે હિંદુઓના સદ્‌ભાવભર્યા વર્તનના કિસ્સાઓ ટાંક્યા છે અને હિંદુઓની હત્યાના સમાચારો આપ્યા છે, પરંતુ કોમી રમખાણો દરમિયાન બનેલી અસંખ્ય ઘટનાઓમાંથી તેમણે મુસ્લિમો માટે સહાનુભૂતિ પ્રગટે એવી ઘટનાઓને વધુ પ્રસિદ્ધિ આપી છે. આનાથી ઊલટું કેટલાક ગુજરાતી અખબારોએ કર્યું છે. તેમણે હિંદુઓ માટે સહાનુભૂતિ પ્રગટે અને મુસ્લિમો માટે નફરત અને ઘૃણા પ્રગટે તથા રોષ ભભૂકી ઊઠે એવા ' સમાચારો' અને એવી વાતોને પ્રસિદ્ધિ આપી છે. બહુમતી હિંદુઓને ગુજરાતી અખબારો તટસ્થ લાગે અને રાષ્ટ્રીય અખબારો પક્ષપાતી લાગે તે સહજ છે.

રાષ્ટ્રીય અને પ્રાદેશિક અખબારોની આ વિભિન્ન ભૂમિકા ધ્યાનપાત્ર છે. એને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં તપાસવા માટે ગુજરાતની જ બે અન્ય ઘટનાઓનો ઉલ્લેખ કરવો જરૂરી છે. રાષ્ટ્રીય અખબારો નર્મદા યોજનાના વિરોધીઓનું સમર્થન કરતાં જણાય છે તેનું એક કારણ યોજનાથી વિસ્થાપિત થનાર આદિવાસીઓ પ્રત્યેની તેમની સહાનુભૂતિ છે. કચ્છના ધરતીકંપ વખતે આપત્તિગ્રસ્ત લોકોની હાલત અને સમસ્યાઓને તેમણે વાચા આપી, એટલું જ નહિ, ધરતીકંપનો ભોગ બનેલા કચ્છની એક વર્ષ પછીની સ્થિતિનું સરવૈયું કાઢીને હજી કેટલું ઓછું કામ થયું છે તે પરત્વે તેમણે રાજ્ય અને સમાજનું ધ્યાન દોર્યું હતું. મુદ્દો એ છે કે આ રાષ્ટ્રીય અખબારો સમાજના આપત્તિગ્રસ્ત લોકોની પીડાઓને વાચા આપવાના કાર્યને તેમનું કર્તવ્ય સમજે છે. એમ કરવામાં ક્યારેક અતિશયોક્તિ થાય છે અને ક્યારેક સરકારી રાહે થયેલી કામગીરી નજર અંદાજ થાય છે, પરંતુ સમાજના આપત્તિગ્રસ્ત લોકોની વેદનાને પ્રસિદ્ધિ આપીને તેઓ એક સરાહનીય કાર્ય કરે છે એ મુદ્દો ભુલાવો ન જોઈએ.

ગુજરાતનાં વર્તમાન કોમી રમખાણોમાં તેઓ તેમના ઉપર્યુક્ત કર્તવ્યને વળગી રહ્યાં છે. ગુજરાતમાં અને દેશમાં મુસ્લિમો લઘુમતીમાં છે તેમાં કેટલાક કટ્ટરપંથીઓ, આતંકવાદીઓ અને ગુનાગારો છે એ સાચું, પરંતુ મુસ્લિમ સમુદાયની બહુમતીને તેમનાથી અલગ પાડીને અને તેમને દેશના નાગરિકો ગણીને તેમની આપત્તિઓની રજૂઆત કરવામાં રાષ્ટ્રીય અખબારો તેમની પરંપરાને જ વળગી રહ્યાં છે. આ દાખલામાં એ વિશેષ જરૂરી છે. ગુજરાતનાં પ્રાદેશિક અખબારો તો મુસ્લિમોની પીડાને વ્યક્ત કરે તેવી અપેક્ષા જ રાખવાની નથી. રાહત છાવણીઓમાં નિરાશ્રિત તરીકે જીવી રહેલા લોકોની હાલત અંગ્રેજી અખબારોએ વર્ણવી છે, સ્થાનિક અખબારોએ તેને અસ્પૃશ્ય ગણી છે. કેન્દ્ર સરકારે કોમી રમખાણોનો ભોગ બનેલાઓના પુનર્વસન માટે પેકેજ જાહેર કર્યું છે તેમાં ઝનૂની કટ્ટરપંથી મુસ્લિમોથી મુસ્લિમોની બહુમતીને અલગ ગણવાનો અને ભારતના નાગરિકો તરીકેના તેમના અધિકારો સ્વીકારવાનો જ મુદ્દો અભિપ્રેત છે. ગુજરાતના મુખ્યમંત્રી હવે બે કોમો વચ્ચે સંવાદિતા અને શાંતિની વાતો કરવા માંડ્યા છે તેમાં બધા મુસ્લિમોને ગુનેગાર અને રાષ્ટ્રદ્રોહી ગણી ન શકાય એ મુદ્દાનો સ્વીકાર રહેલો છે. રાષ્ટ્રીય અખબારોએ નિર્દોષ મુસ્લિમ નાગરિકો માટે પહેલેથી જ સહાનુભૂતિ દાખવીને તેમની આપત્તિઓને વાચા આપી. કોમી રમખાણોનો ભોગ બનેલા હિંદુઓની પીડાને પ્રસિદ્ધિ આપવા માટે સંખ્યાબંધ ગુજરાતી અખબારો છે, મુસ્લિમોને તો કેવળ રાષ્ટ્રીય અખબારોની જ હૂંફ હતી. આ સ્થિતિમાં તેમની રજૂઆત એકતરફી બને તે સહજ છે.

આમાં એક નોંધપાત્ર મુદ્દો છે. આ રાષ્ટ્રીય અખબારો એવા વર્ગોની આપત્તિઓને વાચા આપે છે જેઓ આ અખબારોના વાચકો કે ગ્રાહકો નથી. તેઓ દુકાળનો ભોગ બનેલા ગ્રામીણ નાગરિકોની હાલાકી વર્ણવે છે, ધરતીકંપનો ભોગ બનેલા અને સહાયથી વંચિત રહેલા લોકોની ફરિયાદો રજૂ કરે છે અને કોમી રમખાણોનો ભોગ બનીને કશીયે સગવડો વિનાની રાહત છાવણીઓમાં પશુતુલ્ય જીવન જીવી રહેલા મુસ્લિમ નિરાશ્રિતોની દયનીય હાલત વર્ણવે છે. આ બધામાં તેમનું કોઈ સ્થાપિત હિત નથી. હવે જ્યારે આપણા સાંસદો અને ધારાસભ્યો કશીયે તૈયારી વિના ધારાગૃહોમાં બેસે છે ત્યારે અખબારોની આ કામગીરી વિશેષ અગત્યની બની છે.

(૧૬-૫-૨૦૦૨)

## લંડનનો પત્ર : 'ઘાને રૂઝ વળી છે' / ડાહ્યાભાઈ નાનુભાઈ મિસ્ત્રી

બાંગલાદેશની હજી કલ્પના જ હતી. એ વિસ્તાર ત્યારે પૂર્વ પાકિસ્તાન તરીકે જાણીતો હતો. મુજીબ અને સાથીદારોએ લોહિયાળ જંગ માંડ્યો હતો. તે વખતે પાકિસ્તાની શાસકો આંતરિક બાબતોમાં માથું ન મારવા ભારત સહિત સારાય જગતને ચેતવણી આપતા હતા. એ દિવસોમાં તત્કાલીન ભારતીય વડા પ્રધાન ઇન્દિરા ગાંધીના આવા શબ્દો આજે સાંભરે છે : It is not an internal matter when humanity is involved and its impact is on everyone's conscience.

આ અને આવાં કારણોસર બ્રિટિશ ગુજરાતીઓ બ્લેકબર્ન શહેરમાં શુક્રવાર, ૨૬ એપ્રિલ ૨૦૦૨ની સાંજે મોટી સંખ્યામાં ભેગા થયા હતા. બાટલી, બ્લેકબર્ન, બોલ્ટન, પ્રેસ્ટન, ડારવેન, બર્મિંઘગામ, શિપલી, માંચેસ્ટર, લંડન અને અન્યત્રથી ગુજરાતીઓ આવ્યા હતા. એક સાથે અવાજ ઉઠાવવા, આક્રોશ - ચિંતા - ચેતવણી શાસકો સુધી પહોંચાડવા સૌ ભેગા થયા હતા. એમના ભાઈભાંડુઓની બેરહમ કતલ થઈ છે, હત્યા થઈ છે, મારી નાખવામાં આવ્યા છે અને જેઓ હજારોની સંખ્યામાં બેઘર થઈ ગયા છે અને નિરાશ્રિતોની છાવણીઓમાં સબડે છે, એ બધાની હાલત સાંખી ન જ લેવાય, એ સંદેશો શાસકો સુધી પહોંચાડવા, જાન્સ કોન્ફરન્સ સેન્ટરનો સભાનો ખંડ છલકાઈ ગયો હતો.

ગુજરાતની ગોઝારી ઘટનાઓ પછી બ્રિટનના ગુજરાતી સમાજમાં અશાંતિ અને અવિશ્વાસનું વાતાવરણ સર્જાયું છે અને તેને દૂર કરવા, ભાઈચારા અને એખલાસનો સંદેશો ચોમેર પ્રસારિત કરવા અને ગુજરાતના શાસકોને એનઆરઆઈનો અવાજ પહોંચાડવા સ્થપાયેલી સંસ્થા એટલે 'બ્લેકબર્ન પીસ મિશન'. આવું દૂરંદેશી પગલું ભરવાનું માન બ્લેકબર્ન શહેરના અગ્રગણ્ય આગેવાનો કાઉન્સિલર ઇમ્તિયાઝ પટેલ અને મૌલાના ઇસ્માઈલ લોરગટ તથા તેમના સાથીદારોને ફાળે નોંધાયું છે. સભાનો કેન્દ્રગામી સંદેશો હતો : 'અમે ગુજરાતના છીએ અને ગુજરાતની અમને ખૂબ પડી છે.' આ સભામાં મુખ્ય વક્તાઓ તરીકે સ્થાનિક સાંસદ અને બ્રિટિશ વિદેશ મંત્રી જેક સ્ટ્રૉ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ દાઉદભાઈ ઘાંચી, ''ગુજરાત સમાચાર''ના તંત્રી ચન્દ્રકાન્ત પટેલ, ''ઓપિનિયન''ના સંપાદક વિપુલ કલ્યાણી, ભારતીય મુસ્લિમ સંસ્થાના આગેવાન ઈરફાન ખાન, એ. કે. શકૂર ઉપરાંત બ્લેકબર્નના ઉમરાવ લોર્ડ અહમદ પટેલનો સમાવેશ હતો.

સભામાં ઘણો ઉશ્કેરાટ વર્તાતો રહ્યો. ગુજરાતની પરિસ્થિતિ વિશે ભારત સરકાર સાથે જરૂરી વાટાઘાટો કરીને યોગ્ય પગલાં લેવાનો અનુરોધ સતત થતો રહ્યો હતો. વિદેશ મંત્રી જેક સ્ટ્રૉએ પોતાની સરકારની મર્યાદા સમજાવી હતી. એ કહેતા હતા કે સૌએ ઠંડા દિમાગે વિચાર કરવાનો આ વખત છે, અને બ્રિટિશ સરકાર ગુજરાતી મુસ્લિમો સાથે છે, તેવો સધિયારો તે આપતા રહ્યા હતા. ગુજરાતમાં શાંતિ સ્થપાય તે માટે તેમ જ નિરાશ્રિતોને આર્થિક મદદ આપવા માટે બ્રિટિશ સરકાર ભારત સરકાર સાથે વાટાઘાટ કરી રહી છે તેમ પણ તેઓ જણાવતા હતા.

મુસ્લિમ સમાજે પોતીકું સરવૈયું કાઢવાનો આ સમય છે, એમ દાઉદભાઈ ઘાંચી કહેતા હતા. ભારતીય મુસ્લિમ સમાજમાં નૂતન શિક્ષણનો અભાવ છે. તેમને ધંધારોજગારમાં બહુ સફળતાઓ સાંપડી નથી, તેમનામાં ગરીબી અને પછાતપણું જોવા મળે છે. આવા સંક્રાંતિકાળે ભારતના મુસ્લિમ આગેવાનોએ મુસ્લિમ પ્રજાને બહુ ઝડપથી મુખ્ય પ્રવાહમાં વહેતી કરવા નિર્ણાયક આગેવાની કરવાની તેમણે અરજ કરી હતી. આ નેતાગીરીની આ કસોટી બની રહેવી જોઈએ, એમ આ કેળવણીકાર કહેતા હતા.

ભારતથી દૂર પરદેશે વસેલી ભારતીય મુસ્લિમ વસ્તીને ઘણો આઘાત લાગ્યો છે અને તેમના વતનપ્રેમને ધક્કો પહોંચ્યો છે તેમ બીજા મુસ્લિમ વક્તાઓ કહેતા હતા. એ સૌની માંગણી હતી : એક, હાલની ગુજરાત સરકારને સત્તા પરથી ઉઠાડી લેવી અને મુખ્ય પ્રધાનને સત્તાસ્થાનેથી દૂર કરવા; બે, કોમી રમખાણોનો વિગતવાર અને તાબડતોબ હેવાલ તૈયાર કરવા માટે તટસ્થ કાનૂન-નિષ્ણાતોના એક પંચની નિયુક્તિ કરવી; અને ત્રણ, હત્યાકાંડમાં સંડોવાયેલા શાસકો, પોલીસો, સંસ્થાઓ સામે, યોગ્ય અને કડક કાયદેસરનાં પગલાં લેવાં જરૂરી બને છે. આટલું કેન્દ્ર સરકાર કરે તો જ ફેર વિશ્વાસ સંપાદન કરી શકશે, એમ કહેવાતું હતું.

'ગુજરાત સમાચાર'ના તંત્રી ચન્દ્રકાન્ત પટેલે ઉગ્રતા, આક્રોશ અનુભવતી જનતાને અરજ કરી હતી કે બહુ લાગણીસભર અને ઉતાવળિયા થવાથી આ મામલાનો ઉકેલ લાવવો મુશ્કેલ બની જશે. સદીઓથી <u>બન્ને</u> કોમો સાથે હળીમળીને રહી છે અને એથી બન્ને કોમો વચ્ચે એખલાસ જાળવવા પર તે ભાર મૂકતા હતા.

'ઓપિનિયન'ના સંપાદક વિપુલ કલ્યાણીએ કહ્યું હતું કે ગુજરાતમાં આજે જે કંઈ ચાલી રહ્યું છે તેનું સૌથી મોટું નુકસાન ગુજરાતને જ છે, પરંતુ સાચું પૂછો તો કોઈનેય ગુજરાતની પડી હોય તેમ લાગતું નથી ! કોઈ હિંદુઓનું વિચારે છે તો કોઈ મુસલમાનોનું; કોઈ ભાજપનું તો કોઈ કૉંગ્રેસનું; કોઈ વિશ્વ હિન્દુ પરિષદનું, તો કોઈ જમાને ઈસ્લામીનું... આમાં, મૂળમાં, ગુજરાતી ભળાતો નથી, એમ તેમનો દાવો હતો. ગુજરાતમાં જેની હત્યા થઈ છે અને થાય છે તે દરેક ગુજરાતી છે. જે માલમિલક્ત, સાધનસામગ્રી, વાડીખેતર, ધંધાધાપાની રંજાડ થઈ છે, તેની છેવટની માલિકી ગુજરાતની છે. પરિણામે ગુજરાતને જ પારાવાર નુકસાન થઈ રહ્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વિપુલ કલ્યાણીએ જવાહરલાલ નહેરુની વિમાસણ રજૂ કરીને ફ્રેન્ચ દાર્શનિક, રાજકારણી આન્દ્રે માલરોને ટાંક્યા હતા : "What, Andre Malraux asked Nehru, was the greatest challenge he faced as Prime Minister. "Creating a just state by just means," replied Nehru without hesitation.

Then, after a revealing pause, he added, "Perhaps creating a secular state in a religious country."

ધર્મનિરપેક્ષતાને ખરા અર્થમાં જાણવા માટે તેમણે દરેકને વિનંતી કરી હતી. ધર્મનિરપેક્ષતા એટલે ધર્મનો અભાવ નહીં, ધર્મ ખરો પણ તે દરેક્નો પોતાનો જ હોય. તે ધર્મને માટે સંપૂર્ણ આદર હોય, અવકાશ હોય. ફક્ત શાસન તેથી પર હોય. વળી, મુસ્લિમ સમાજને મુખ્ય પ્રવાહમાં એકરૂપ જોવા સિવિલ કોડ તત્કાળ લાવવા માટેય વિપુલ કલ્યાણીએ અનુરોધ કર્યો હતો.

મંચ પરના વક્તાઓ બાદ, સભામાંથી સવાલજવાબ ઊઠ્યા હતા અને કેટલાય લોકોએ પોતાની કેફિયતની રજૂઆત કરી હતી અને શાંતિ, સમજદારી તેમજ કાયદાના શાસનની તરફદારી કરી હતી.

બર્મિંઘમ વસતા જાણીતા ગુજરાતી નાગરિક પ્રફુલ્લ અમીન કહેતા હતા : ''જ્યારે ગોધરામાં હિંદુ ભાંડુડાંઓની હત્યા થઈ ત્યારે હું રડતો હતો. ગોધરા પછીના અનેક બનાવોમાં સેંકડો મુસલમાનો મરાયા તેથી મારું એ રૂદન અનેકગણું વધી ગયું હતું. હિંદુની હત્યા થાય ત્યારે મુસલમાનની આંખોમાં પાણી ભરાઈ આવે અને મુસલમાનની હત્યા થાય ત્યારે હિન્દુની આંખો ભીની થાય તે મારે મન ભાવગત ભારતીયતા. આટલું થાય ત્યારે બન્ને કોમો, ફરી એકવાર, અમનચમનથી, સહઅસ્તિત્વથી ગુજરાતને બેઠું કરી શકશે. આ અઘરું કામ નથી.''

સભા આટોપાઈ. રાતે ભોજન વેળાએ અનેક લોકો અરસપરસ મન હળવું કરતાં હતાં. વિપુલ કલ્યાણીને તેમને ઉતારે મૂકવા ગયા ત્યારે યોજકોમાંના એક સલીમ લોરગટને કહેતા સાંભળ્યા હતા : ''મારો વિશ્વાસ સાવ તૂટી ગયો હતો, તમારી સંગે રહ્યો, તમને સાંભળ્યા તેથી ઘાને રૂઝ વળી છે. થાય છે કે માનવતા મરી પરવારી નથી. હજુ ગુજરાતીપણું સાચવી લેવાશે તેમ ખાતરી બંધાઈ છે.''

(૧૬-૫-૨૦૦૨)

## નમો અને કલિંગ ? અસંભવ, ત્રિવાર અસંભવ, ભાઈ ગીલ ! / પ્રકાશ ન. શાહ

કલમ ઉપાડું છું ત્યારે જોઉં છું કે આજે ગોધરાનો માસિયો છે. ત્રીજો માસિયો (૨૭/૫). શુચિર્દક્ષ શાસનની સહજ અપેક્ષા નમો તંત્રે ભોંઠી પાડી અને ૧૯૮૪નાં શીખવિરોધી રમખાણોનો આંશિક અપવાદ બાદ કરતાં પ્રજાસત્તાક ભારતમાં પ્રથમ પોગ્રમનું રક્તકલંક ગુજરાતને કપાળે ચોંટાડ્યું, પણ એ વિશે પછીથી કહેવું હોય તે કહીશું. ઍક્શન-રીઍક્શનની નમોપ્રિય થિયરી, કારસેવકોએ અયોધ્યા જતાં અને પાછાં ફરતાં રેલરસ્તે ચલાવેલી મનમાનીના સંદર્ભમાં કેવી રીતે ઘટાવવી એ પ્રશ્ન પણ છોડી દઈશું. ગોધરાકાંડની અમાનુષિતા વિશે ટીકાટિપ્પણથી માંડી નસિયત લગીનું હર કદમ વેળાસર ને ધોરણસર ભરવા વિશેની લાગણી ને માંગણી ખસૂસ દોહરાવશું. પણ આ ક્ષણે, નોંધના આરંભ ટાંકણે મેં અગાઉ માર્ચના પહેલા અઠવાડિયામાં જ પ્રગટ કર્યો હતો તે ખટકો તો જરૂર સંભારીશું - અને તે એ કે સંઘમાન્ય શાસને અને શાસન બહારના સંઘ પરિવારે જે કર્યું તે એવું કર્યું કે કોઈ નહીં ને મુશર્રફ તમારી ને મારી સાથે શિખામણનો ટપલીદાવ ખેલી શકે. એક બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાકને એણે જાળવવાં જોઈતાં ધારાધોરણો વિશે કોઈ સાંપ્રદાયિક મુલકનો લશ્કરશાહ સલાહ આપવા લાગે ત્યારે જેમ એનું ઔચિત્ય કેટલું એ સવાલ જાગે તેમ એ આવી છૂટ લઈ શકે એવા આપણા હાલ શીદને થયા એ સવાલ પણ જાગે જ જાગે.

સવારે સવારે મુશર્રફનું સ્મરણ થઈ આવ્યું. એનું તત્કાળ નિમિત્ત કે. પી. એસ. ગીલના તાજેતરનાં એક બે વિધાનોએ પૂરું પાડ્યું છે. મારે કબૂલ કરવું જોઈએ કે લોકશાહી ધારાધોરણોની અને નાગરિક સમાજની વાતોમાં અને બાબતોમાં લશ્કરી અને પોલીસ વડાઓની આપણને શીખ આપવાની હેસિયત અંગે મારા મનમાં હંમેશ સવાલિયા નિશાન રહેલું છે. લશ્કર અને પોલીસ બેઉ ઓછામાં ઓછાં જરૂરી બની રહે તે સમાજની પુખ્તતાની નિશાની છે, એવી મારી સાદી સમજ છે. ૧૯૮૫માં માધવસિંહ સોલંકીના શાસન વેળાએ, અનામતવિરોધી રમખાણો અને એ રમખાણોને અપાયેલ કોમી વળાંક વેળાએ, ઉમાશંકર જોશીના નેતૃત્વમાં બિનપક્ષીય નાગરિક મંડળ રૂપે અમે રાજ્યપાલ બી. કે. નહેરુ પાસે શહેરને લશ્કર હસ્તક સોંપવાનું કહેવા ગયા ત્યારે અમને એ સ્થિતિ કંઈ ખાસ સુખદ નહોતી લાગી; પણ સરકાર ખુદ જ્યારે હિંસા અને અરાજકતાના મુદ્દે વરવા પક્ષકાર તરીકે શાંતિવિરોધી કારવાઈ પ્રેરી રહી હોય ત્યારે આ સિવાય બીજો વિકલ્પ પણ શો હોય. મને યાદ છે, ઉમાશંકરે ત્યારે રમણભાઈ નીલકંઠની યાદગાર પંક્તિઓ સંભારેલી કે "દુર્વૃત્તિઓ જે જગવે જનોની / એ ખેલ માંડે ભયથી ભરેલો / ભર્યાં તળાવો તણી પાળ તોડી / રોકી શક્યાં છે જળધોધો કોણ ?" એટલે ગુજરાતને લશ્કરનું આવવું અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સુરક્ષા સલાહકાર તરીકે નમો તંત્રની ઇચ્છા વિરુદ્ધ, કહો કે કલમ ૩૫૫ને અન્વયે, ગીલનું નિયુક્ત થવું આ સંજોગોમાં ભલે મનમાં થોડા વહેરા-આંતરા સાથે પણ સ્વીકાર્ય લાગ્યું હોય એ અસ્વાભાવિક નથી.

ગમે તેમ પણ, તમે જુઓ કે હજુ ગયે અઠવાડિયે જ, લશ્કરને ગયે અડતાળીસ કલાક થયા ન થયા અને ગોધરા તથા ગોમતીપુર-રખિયાલ (અમદાવાદ)માં તોફાનોએ દેખા દીધી તો વડોદરાથી ને બીજેથી બૉંબ ફૂટ્યા જેવા હેવાલો પણ જારી છે. જોકે આ માહોલની વચ્ચે મને ગીલનો અવાજ એક નરવો અવાજ લાગે છે. એમણે કહ્યું છે કે હું હિંસા રોકી શકું, પણ સાચું શાંતિ-સ્થાપન એ તો ચૂંટાયેલી સરકાર અને એને હસ્તકના તંત્ર તથા જનતાના હાથમાં છે. પણ આટલું કહેવા સાથે એમણે જે એક માર્કાની વાત કહી અને કરી છે, એ તો કલિંગ ઘટનાની છે. ગીલે સંભારી આપ્યું છે કે કલિંગની ફતેહ પછી આ આખી પ્રક્રિયામાં વહેલાં લોહી અને વેરાયેલા વિનાશે સમ્રાટ અશોકને પુનર્વિચારની પ્રેરણા આપી હતી અને એનો પંથ આખો પલટાઈ ગયો હતો. ગીલે વધુમાં ઉમેર્યું છે કે ગુજરાત પહેલાં મેં જ્યાં જ્યાં હિંસાનિવારક ફાયરફાઈટરનું કામ કર્યું છે ત્યાં ત્યાં સાધારણપણે દસેક દિવસમાં તો પ્રજાકીય અને શાસકીય સ્તરે આવો પુનર્વિચારનો, થતાં શું જે થઈ ગયું અગર કરતાં શું જે કરી નાખ્યું એને વિશે પુનર્વિચારનો, ધક્કો લાગવા માંડ્યાનો મારો અનુભવ છે. પણ અહીં ગુજરાતમાં એક મહિના પર બીજો મહિનો, એમ સમયગાળો વહી રહ્યો છે અને હજુ અશોકને થયો તો એવો કલિંગસ્પર્શ વેગળો અને વેગળો છે.

ગીલને તો બહુ ભોળા ભાળું ને કૈં ! ભલા'દમી, કોણ યાદ કરાવે તને કે અમારી વચ્ચે ક્યારેક એક કાકો હતો, કૃપાલાની સ્તો. ઇંદિરા ગાંધીએ પોતે કૉંગ્રેસ મારફતે મૂકેલ સત્તાવાર ઉમેદવાર સંજીવ રેડ્ડીની સામે વી. વી. ગિરિને મત આપવાની અપીલ ખુદ કૉંગ્રેસ સાંસદોને કરી ત્યારે આ પલટીદાવ વાસ્તે એમણે અંતરાત્માને ધોરણે (વ્હિપ મુજબ નહીં) મતદાનની હિમાયત કરી હતી. દાદા કૃપાલાનીએ લાગલું જ કહ્યું હતું કે મારી બાઈ, ભલી થઈને એટલું તો સમજ કે અંતરાત્મા તો વાલિયા જેવા બડા લુંટારાનો જાગે, નાનીમોટી ચોરી કરી ખાતા તુચ્છ ચોટ્ટાઓને વળી અંતરાત્મા કેવો ને વાત કેવી. હવે આપણી તો કૈં કૃપાલાની સરખી હેસિયત નથી, પણ ગીલને એટલું અવશ્ય કહી શકીએ કે કલિંગસ્પર્શ વાસ્તે અશોકનું કદ અને કાઠી જોઈએ.

અહીં તો ચિત્રમાં કોણ છે ? 'સેમિનાર' (મે ૨૦૦૨) - ગુજરાત વિશેષાંકમાં આશિષ નંદીએ આજથી એક દાયકા કરતાં પણ વધુ વરસ પૂર્વે તે વખતના એક ઓછા જાણીતા સંઘપ્રચારક અગર ભાજપી હોદ્દેદાર નરેન્દ્ર મોદીને મળવાનું થયું હતું ત્યારે પોતાના મન પર પડેલી છાપ તાજી કરી છે : "એ એક લાંબી, અહીંતહીં આથડતી-અમળાતી મુલાકાત હતી, પણ એને અંતે મને એ વાતે લગારે શંકા રહી નહોતી કે આ એક બિલકુલ પ્રશિષ્ટ ને નિષ્ઠુર-નિર્મમ ફાસીસ્ટ કહી શકાય એવી જણસ છે... મને વાચકોને એ કહેતાં સહેજે સારું નથી લાગતું કે માનસચિકિત્સકો, માનસ વિશ્લેષકો અને મનોવિજ્ઞાનીઓએ અધિકારવાદી વ્યક્તિત્વ કેવું હોય એના જે સઘન પ્રયોગાનુભવપૂર્વકના અભ્યાસો કર્યા છે તે મુજબના બધા માપદંડો મોદીને લાગુ પડતા હતા... મને હજુ પણ એની એ અક્ષુબ્ધ અને બિલકુલ એકસરખા અવાજમાં બોલ્યે જવાની રીત બરાબર યાદ રહી ગઈ છે. એણે થિયરી માંડી હતી કે ભારત સામે દુનિયા આખીના સ્તરે એક કાવતરું રચાયેલું છે, અને એમાં દરેક દરેક મુસ્લિમ એક શકમંદ દેશદ્રોહી તેમ સંભવિત આતંકવાદી તરીકે સંકળાયેલ છે. હું આ મુલાકાત પતાવી બહાર આવ્યો ત્યારે એકદમ હલી ઊઠ્યો હતો અને મેં (અચ્યુત) યાજ્ઞિકને કહ્યું હતું કે પાઠ્યપુસ્તકોમાં જેને વિશે વાંચીએ છીએ એવા કોઈ ફાસીસ્ટને હું પહેલી જ વાર મળ્યો છું. જે આવતીકાલનો ખૂની - અરે કદાચ ભવિષ્યનો સામૂહિક હત્યારો પણ પુરવાર થઈ શકે." જો દૂર બેઠા આશિષ નંદીને આ સંભારવું નથી ગમતું તો ગુજરાતના એક નિસબત ધરાવતા નાગરિકને નાતે અને સમાજનવરચનાના સિપાહી તરીકે તમને ને મને પણ એ સંભારવાથી કશો સ્વાદ મળતો નથી. પણ રક્તરંજિત ભટકાવ અને વિખરાવના દોરમાંથી બહાર નીકળવાની પ્રજાકીય મથામણમાં આપણને

આ જોયું ન જોયું, સંભાર્યું ન સંભાર્યું કરવું પાલવે એમ નથી.

તેમ છતાં, પેલી કલિંગ ઘટનાનો કંઈકે સ્પર્શ ગુજરાતના તથાકથિત નેતાને નહીં તોપણ એના વળના કોઈ કોઈ માણસોને અને સવિશેષ તો શરૂના ઉન્માદમાંથી એળે નહીં તો બેળે કંઈકે પાછા ફરી રહેલ પ્રજા વર્ગને થાય એટલા માટે નમૂનાદાખલ હું ગોધરા અને તે પછીના કાંડની ન્યાયિક તપાસ માટેના જસ્ટિસ કે. જી. શાહ પંચ પર જસ્ટિસ જી. ટી. નાણાવટીના વડા ઉમેરણના સંદર્ભમાં થોડીકેક ચર્ચા કરવા માંગું છું. જસ્ટિસ કે. જી. શાહની પોતાની (અને વળી એકલાની) નિમણૂક શરૂથી જ વિવાદાસ્પદ હતી. એની શ્રદ્ધેયતાનો સવાલ, પ્રકારાન્તરે, વિધિસર અગર અવિધિસર રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ અને રાષ્ટ્રીય લઘુમતી પંચ સુદ્ધાંએ ઉઠાવ્યો હતો એમ પણ તમે કહી શકો; કેમ કે સુપ્રીમ કોર્ટના હાલ સેવાપ્રવૃત્ત ન્યાયમૂર્તિ માટેની માંગણી માત્ર આપણી નાગરિક હિલચાલોની જ નહીં કે વિપક્ષનેતા સોનિયા ગાંધીની જ નહીં, વર્તમાન રાલોગ સરકારે નીમેલ લઘુમતી પંચ સુદ્ધાંની હતી. એમાં પણ ગુજરાતના આ નિવૃત્ત ન્યાયમૂર્તિ, નામે કે. જી. શાહના એક ચુકાદાને ઉલટાવતી વેળાએ સુપ્રીમ કોર્ટની બેન્ચે કરેલું એ અવલોકન પણ ત્યારે જાણકારોએ સંભાર્યું હતું કે "આ ચુકાદો જેના ઉપર મંડાયેલો છે તે તારણ કોઈ પુરાવાકીય સમજદારી ઉપર નહીં પણ કલ્પના પર ખડું છે."

હવે સુપ્રીમ કોર્ટના સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિ નાણાવટી આ પંચ પર, સ્વાભાવિક જ એના વડા તરીકે વિરાજી રહ્યા છે ત્યારે પેલા અંદેશા સામે થોડીકેક આસાએશનો ભાવ જરૂર જાગે છે. નાણાવટી ૧૯૮૪નાં શીખવિરોધી રમખાણોની ન્યાયિક તપાસ હાલ કરી રહ્યા છે. ગુજરાત ભાજપ અને એની ટેકેદાર મંડળી વારે વારે ૧૯૮૪નો ચીપિયો પછાડી હાલની જવાબદારીમાંથી છટકવા કોશિશ કરે છે, પણ ખુદ ભાજપના જ વડપણ હેઠળની રાલોગ સરકારે જો ૧૯૮૪ની ખરી ને પૂરી તપાસ માટે નવા પંચની જરૂર જોઈ છે તો ૨૦૦૨ના બનાવો માટે એણે પ્રામાણિક તપાસનો ખ્યાલ સ્વીકારવો જ રહ્યો. ઍક્સપ્રેસ માટે મનોજ મિત્તા સાથેની વાતચીતમાં ન્યાયમૂર્તિ નાણાવટીએ કહ્યું છે કે "સુઆયોજિત હિંસાના આરોપો, સરકારી સામેલગીરી અને નિષ્ક્રિયતાના આરોપો તથા મોટા ભાગના માર્યા ગયેલાઓનું લઘુમતી કોમનું હોવું તે આ બન્ને કાંડો વચ્ચેનું સામ્ય છે." મુદ્દાની વાત અહીં એ છે કે ૧૯૮૪નો હવાલો આપીને ૨૦૦૨નો બચાવ કરનારાઓ જેમ ૧૯૮૪ની નકો નકો તપાસના નાટકને સ્થળે નવેસર તપાસ સારુ લાલાયિત પેશ આવે છે તેમ ૨૦૦૨ની બાબતમાં કેમ મોળા પડે છે ? આ સવાલનો જવાબ, એક રીતે, સાફ છે - અને તે એ કે રેલો પગ નીચે આવેલો છે.

પણ મારે ખાસ તો ન્યાયમૂર્તિ નાણાવટીની નિયુક્તિને લગતી સત્તાવાર સરકારી યાદી તરફ ગુજરાતના વ્યાપક નાગરિક સમાજનું ધ્યાન ખેંચવું છે :

"ગોધરાના રેલવે હત્યાકાંડ અને ત્યાર બાદના હિંસક બનાવોની ન્યાયિક તપાસ કરવાના હેતુથી ગુજરાત સરકારે ન્યાયિક તપાસ પંચની રચના કરી હતી. પરંતુ કમનસીબે કેટલાંક હિત ધરાવતાં તત્ત્વોએ ઉચ્ચ, વિશ્વસનીય અને લોકમાનસમાં સ્વીકૃત એવી, નિવૃત્ત ન્યાયમૂર્તિના ન્યાયિક તપાસ પંચ જેવી સંસ્થાને વિવાદમાં ખેંચી જવાનો પ્રયાસ કર્યો તેમ જ ડહોળાયેલા વાતાવરણનો લાભ લઈને તપાસ પંચને સતત વિવાદનો મુદ્દો બનાવતા રહ્યા.

"હવે જ્યારે ડહોળાયેલું વાતાવરણ શાંત પડ્યું છે તે સંજોગોમાં રાજ્ય સરકારે ન્યાયિક તપાસ પંચ જેવી સંસ્થાની ગરિમા જાળવવા, રાજ્યના ઉજ્જ્વળ ભાવિ અને જાહેર હિત ખાતર તેમ જ રાજ્ય સરકારના ઇરાદા બાબતે કોઈ પણ શંકા-કુશંકા રહે તેવા ઉમદા હેતુસર, મહત્ત્વનો નિર્ણય લઈ હાલના ન્યાયિક તપાસ પંચની પુનઃરચના કરી છે. તદનુસાર હવે પુનઃરચિત ન્યાયિક પંચ જી.ટી. નાણાવટી તથા ગુજરાતની વડી અદાલતના નિવૃત્ત ન્યાયમૂર્તિ કે.જી. શાહનું બનેલું રહેશે."

વ્યાપક લોકમત અને કેન્દ્રીય દબાણને પગલે ગુજરાત સરકારને ન્યાયમૂર્તિ નાણાવટીની સેવાઓ લેવાની ફરજ પડી છે. પણ તે એનો સ્વીકાર લગારે ગરિમાપૂર્વક કરવાને બદલે કેવળ તુચ્છકારની રીતે કરે છે. તમે જુઓ કે સરકારે પોતે ન્યાયમૂર્તિ કે. જી. શાહ પંચ સરખી ન જેવી રચના વાટે વિવાદમુદ્દો ઊભો કર્યો હતો. મુદ્દે, આવું પંચ ઉચ્ચ, વિશ્વસનીય અને લોકમાનસમાં સ્વીકૃત બને એવી કાઠીનું હોવું જોઈતું હતું. રાજ્ય સરકારને એ મોડેથી સમજાયું ત્યારે એણે ખુલ્લા દિલે એનો સ્વીકાર કરવાને, બદલે પોતાને પુનર્વિચાર સારુ પ્રેરનારાં પરિબળો વિશે ભળતાંસળતાં વિધાનો કર્યાં અને એ રીતે કિંચિત દોષદુરસ્તી કરતે છતે છાસિયું કરવામાં નિજનું મોચન લહ્યું. અને આ બધાંને માથે વળી શગ જેવી ઘટના એ બની કે આ પંચ હવે ન્યાયમૂર્તિ નાણાવટીના વડપણમાં કામ કરશે એ કહેવાનો વિવેક એને કદાચ દાખવવાપણું જ ન લાગ્યું ! એની ભૂમિકા નરવા ભૂલ-સુધારની નહીં પણ નાછૂટકાની, થૂંકેલું ચાટવાની નોબત આવી હોય એવી છે.

માર્ચ ૨૦૦૩થી વહેલેરી ચૂંટણી આણવા સબબ ઠીકઠીક થનગનભૂષણો ગુજરાત ભાજપનાં ચોક્કસ વર્તુળોમાં માલૂમ પડે છે. રાજ્યના કેન્દ્રીય પ્રભારી રામદાસ અગ્રવાલની મુલાકાતને પગલે હવે રાષ્ટ્રીય પ્રમુખ જના કૃષ્ણમૂર્તિ પણ એક અંદાજ લઈ ચૂકવામાં છે. જોવાનું એ છે કે જેને કલિંગ ઘટનાનો સ્પર્શ સુદ્ધાં નથી એ નેતૃત્વનો પરવાનો તાજો કરવા વિશે ગુજરાતનો પ્રજામત જેને પુખ્ત કહી શકાય એ રીતે કેટલી માત્રામાં પેશ આવે છે. વિચારધારાથી નિરપેક્ષપણે કેવળ શાસનના શીલની કસોટીએ પણ નમોનો પટો રદ કરવાપણું છે એ વિશે મારા મનમાં લગારે અવઢવ નથી. પણ એનો અર્થ એ નથી કે ગુજરાતના નાગરિક સમાજે આજે ભાજપની અંદર જે નમો-વિરોધ સળવળી રહ્યો છે એ વિરોધના કરવૈયાઓમાં પરબારી આશા રોપવાની છે. નમોની જે ભયાવહ સંભાવનાઓ આશિષ નંદીએ જોઈ હતી તે સંભાવનાઓ જેમ આ નેતૃત્વની પોતાની વૈયક્તિક સિદ્ધિ હશે એમ એને ચોક્કસ વિચારધારાકીય ખાણદાણનો પણ લાભ તો મળ્યો જ હશે ને. વળી આજે જેઓ પક્ષમાં નમો સામે ગઠન કરી રહેલા માલૂમ પડે છે તે સૌ તાજેતરના સંહારસત્રમાં ક્યાં હતા, શું કરતા હતા અને પછીથી એમને પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિતનો 'પ' સુદ્ધાં અડેનડે છે કે કેમ, એ પૂછ્યા વગર ચાલવાનું નથીઃ એટલું જ નહીં પણ વિચારધારાની રીતે તેઓ ક્યાં ઊભા છે, દેશને કોમને નામે વહેરવા વિશે એમને અંશમાત્ર પુનર્વિચારની ઇન્દ્રિય છે કે કેમ,એ પૂછ્યા વગર ગુજરાતનો નાગરિક સમાજ એમને જવા દેશે એ વાતમાં માલ નથી.

મુદ્દાની વાત એ છે કે નાગરિક સમાજનું પોતાનું પોત સરખું બંધાય નહીં ત્યાં સુધી આંતરબાહ્ય ત્રાસવાદ સામેના પ્રજાકીય જંગમાં કશો ભલીવાર આવે નહીં. લશ્કરી દરમ્યાનગીરી ને કામગીરીનો ખપ બેલાશક છે, પણ એ તો નૈમિત્તિક ધોરણે. સરકાર, સત્તાપક્ષ, વિપક્ષ સૌની કાર્યભૂમિકા ખસૂસ છે; પણ એનાં નિકષ, નિશાન અને નીરમ ત્રણે તો એક અને એક જ છે - નાગરિક સમાજ. (૬-૧-૨૦૦૨)

## તને મારા સમ / અદિતિ દેસાઈ

(શાહ આલમને રોજે કામ કરતાં)

મારી જાંઘોની વચ્ચેથી નીકળતો લાલ લાવારસ
તને થીજાવી ના દે, તો, તને મારા સમ.

આજે ભલે હો મારી છાતી પર દાંતનાં નિશાન
કાલે એ જ છાતી, તારી સામે ના થાય,
તો, તને મારા સમ.

હવામાં વીંઝાયા, તરફડયા, કંઈક ધકેલવા મથ્યા
મારા બે હાથ,
કાલે એ જ બે હાથ, તારી ગરદને ન ઝળુંબાય,
તો, તને મારા સમ.

ચીસોથી પડઘાતું આકાશ, કયારેય નહીં ભૂલે મારો
ને એનો નાળનો સંબંધ.
કાલે એ જ પડઘા, પડકાર બની ન ફેંકાય,
તો, તને મારા સમ.

આજે તો છે, બે પગ વચ્ચે માથું ને હું ગરીબ ગાય,
પણ દયા, માયા, કાયા ને જાયા, કાલે બની અગ્નિ
ન ફેલાય,
તો, તને મારા સમ.

થીજેલી હવાને થીજેલો સમય છે, મારા બે સાક્ષી,
કાલે આ બે, વળ છોડી ન વટોળાય,
તો, તને મારા સમ.

ભમ્મરીયા કૂવા ને ઊંડી વાવો મારા બની સાક્ષી,
હવે જો ના જોડાય,
તો, તને મારા સમ.

(૧-૫-૨૦૦૨)

## વેરઝેર વેરઝેર / પ્રવીણ ગઢવી

અમારો જો દેશ એક તો,
ધર્મ ધર્મ વચ્ચે વેરઝેર વેરઝેર.
અમારો જો ધર્મ એક તો,
પંથ પંથ વચ્ચે વેરઝેર વેરઝેર.
અમારો જો પ્રાંત એક તો,
નાતજાત વચ્ચે વેરઝેર વેરઝેર.
અમારી જો જાત એક તો,
પેટાજાત વચ્ચે વેરઝેર વેરઝેર.
અમારો જો પરિવાર એક તો,
ભાઈ ભાઈ વચ્ચે વેરઝેર વેરઝેર.
અમારું જો રક્ત એક તો,
શ્વેતકણ રક્તકણ વચ્ચે વેરઝેર વેરઝેર.

(૧-૭-૨૦૦૨)

## ૨૦૦૨માં જે છે છે ને છે તેની ગઝલ / પ્રીતિ સેનગુપ્તા

હવા ય કાળો કેર કૂટે છે,
શ્વાસે શ્વાસે ઝેર ઘૂંટે છે.

માળા-મંતર ચાલુ રહે છે-
કંઈ કરતાં યે વેર ખૂટે છે ?

બધ્ધા ચહેરા જાણીતા છે-
કોણ આખ્ખું શહેર લૂંટે છે ?

પોતપોતાનો ધ્વંસ કરે છે,
જીવતર કાચની પેર ફૂટે છે.

સંધાશે કે ? તે જ પ્રશ્ન છે-
જ્યારે તેરેય તેર તૂટે છે.

ધડ-મૂળ સુધી કહોવાયું છે,
બદબૂ સઘળી મેર છૂટે છે.

(૧૬-૬-૨૦૦૨)

### વલીના સ્મારકનો અનુરોધ

તારીખ ૨૮/૨/૨૦૦૨ ના રોજ કોમી તોફાનો દરમ્યાન સુપ્રસિદ્ધ ઉર્દૂ કવિ વલી ગુજરાતીની મજાર તોફાની તત્ત્વો દ્વારા તોડી નાખવામાં આવી છે. તેઓ વલી દકની હતા, ઔરંગાબાદી હતા, કે ગુજરાતી હતા તે બાબતે મતમતાંતરો હોઇ શકે પણ તેઓ ઉર્દૂ ભાષાના મહાન શાયર હતા અને અમદાવાદમાં રહેલા તથા ગઝલ જેવા કાવ્ય સ્વરૂપના વિકાસમાં એમનો સિંહફાળો રહ્યો છે તે બાબતે કોઇ બેમત નથી.

સાહિત્યકાર માત્ર કોઇ ભાષા-જાતિ કે ધર્મના જ નથી હોતા પણ માનવજાતના હોય છે. વલી ગુજરાતીની રચનાઓમાં ઠેરઠેર કોમી એકતા અને શાંતિનો સંદેશ જોવા મળે છે. એમનું અવસાન ઇ.સ.૧૭૪૩માં થયેલું તથા એમની મજાર અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં હતી જે ધ્વસ્ત કરવામાં આવી છે.

અમે ગુજરાતી લેખક મંડળ આ ઘટનાને ભાષા-સાહિત્ય તથા સાહિત્યકારના ગૌરવ પર આચરવામાં આવેલા કોમી અત્યાચાર સમાન ગણીએ છીએ. અને આ ઠરાવ દ્વારા સરકારના લાગતા વળગતા તમામ વિભાગોને જણાવવા માંગીએ છીએ કે વલી ગુજરાતીના સ્મારકની પુનઃ સ્થાપના થાય, લેખકના ગૌરવનું પુનઃ સ્થાપન થાય અને તેનું સંરક્ષણ કરવાની કાયમી જવાબદારી લેવામાં આવે કારણકે અમે દૃઢતાપૂર્વક માનીએ છીએ કે વલી ગુજરાતીનું આ સ્મારક સમગ્ર રાષ્ટ્રની સાંસ્કૃતિક પરંપરા અને ઇતિહાસનું ગૌરવપૂર્ણ પ્રતીક છે. વિશેષમાં અમે ગુજરાતની તમામ સાહિત્યિક સંસ્થાઓ તથા સાહિત્યકારોને આ મુદ્દે સક્રિય બનવા અપીલ કરીએ છીએ.

**મનીષી જાની** (પ્રમુખ), **યશવંત મહેતા** (ઉપપ્રમુખ), **સરૂપ ધ્રુવ** (ઉપ પ્રમુખ), **અમિત દવે** (મંત્રી), **કાર્તિકેય ભટ્ટ** (મંત્રી), **વિનય ત્રિવેદી** (ખજાનચી), **હિરેન ગાંધી** (કારોબારી સભ્ય), **પ્રવીણ પંડ્યા** (કારોબારી સભ્ય), **કિરણ ત્રિવેદી** (કારોબારી સભ્ય), **બારીન મહેતા** (કારોબારી સભ્ય), **પ્રણવ અધ્યારુ** (સભ્ય)

(ગુજરાતી લેખક મંડળ, C/o, માનવ મીડિયા, ૩૦૪, આતિશ એનેક્સી, ઑફ સી.જી.રોડ, સમર્પણ ફ્લેટ્સ પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૦૬ )

(૧૬-૩-૨૦૦૨)

## તિર્યંકી

### ગુજરાત દર્શન : બે હજાર બે

### હિમાંશી શેલત

ફેબ્રુઆરી બે હજાર બે પછી ગુજરાતની કાયાપલટ થઈ રહી છે. સફળ નેતૃત્વમાં થાય તેવી. એટલે ગુજરાત દર્શન માટે આવેલા પ્રવાસીઓને હવે જૂનાં અને એકનાં એક સ્થળો દેખાડવાની જરૂર નથી. ખાસ તો પાટનગર કર્ણાવતીમાં અનેક નવીન અને આકર્ષક જગ્યાઓ ઊભી થઈ છે એનો પરિચય આપવાનો અહીં હેતુ છે.

નગરમાં દાખલ થયા પછી બળીઝળીને ખંડેર થયું હોય એવું ઘણું દેખાશે. સ્થાનિક વહીવટીતંત્રની મદદ લઈને કોઈ પણ એક તારાજ થયેલું સ્થાન પસંદ કરી લેવાય. તારાજી જેટલી સંપૂર્ણ અને ભયાવહ એટલું જ એનું ઐતિહાસિક મૂલ્ય વધારે. વળી આ બધું ધર્મ સંદર્ભે થયું હોવાથી માનવસંસ્કૃતિના ઉદ્ભવ અને વિકાસ ક્ષેત્રે સંશોધન કરનારાં માટે આ સ્થળોનું દર્શન અનિવાર્ય લેખાય. સંહારલીલાને અંતે ફૂટી નીકળેલા રાખના ટીંબા યથાવત્ રહેવા દેવાની પ્રજાને વિનંતી કરવી જેથી પ્રવાસીઓને સંહારકની પ્રચંડ તાકાતનો અંદાજ આવે. જો બધું સાફસૂફ અને ચોખ્ખું બનાવી દેવાય તો ભાવી પેઢીને પોતાના પૂર્વજોના અપૂર્વ પરાક્રમનો ખ્યાલ શી રીતે આવશે ?

થોડું આગળ વધીને ડાબી તરફ વળવું. આમાં ગમે તે ગલીમાં આગળ વધાય કારણ કે ક્યાંક ને ક્યાંક લઘુમતી કે બહુમતીનાં ધર્મસ્થાનો આવશે જ આવશે. કાં તો એ ખંડિત હશે કાં તો એની સાથે કોઈ શૌર્યગાથા સંકળાયેલી હશે. જે હશે તે, પ્રવાસી માટે તો એ દર્શનીય સ્થાન જ કહેવાય. દૈવી તત્ત્વોને પ્રાણથી પણ અધિક ચાહતી આ પ્રદેશની પ્રજા ધર્મસ્થાનેથી બહાર પડી કાકડા-પથ્થર ફેંકવાથી માંડીને હત્યા સુધીનાં કામો કેવી કાબેલિયતથી આટોપતી હતી એનો કિંચિત ખ્યાલ આ રીતે મળી શકશે.

નગરમાં જ્યાં જ્યાં ચાર રસ્તાઓ એકઠા થાય છે ત્યાં ત્યાં તૂટેલી લારીઓ, બળેલી ફેકટરીઓની યંત્રસામગ્રી તથા ખુરદો બોલી ગયો હોય તેવાં વાહનોના અવશેષો નજરે ચડશે. પણ આ અવશેષોની ગોઠવણી અત્યંત કલાત્મક અને આકર્ષક હોવાથી આરંભે તો એની સામગ્રી વિશેનું અનુમાન બાંધી નહીં શકાય. ઉલ્લેખનીય બાબત એ છે કે માત્ર બોતેર કલાકથીયે ઓછા સમયમાં આ શહેરના નગરજનોએ આ ભવ્ય ગોઠવણી માટે જરૂરી સામગ્રી અર્થાત્ ભંગારનો ડુંગર ખડકી દીધો હતો. ભારતમાં ગરીબાઈ છે એવી અફવાઓના ખંડન માટે આ સ્થળની મુલાકાત જરૂરી છે અને એ હકીકત પ્રવાસીઓના ધ્યાન પર લવાવી જોઈએ. વળી ગુજરાતના કલાપ્રેમનું દર્શન પણ આ વેસ્ટમાંથી બેસ્ટ જેવી કલાકૃતિ દ્વારા કરી શકાય. જે પ્રજા આવાં સર્જન માટે બસ, ફેકટરી કે વાહનોની તોડફોડ કરી શકે એની દિલેરી અને ન્યોચ્છાવરીનું વર્ણન ગાઇડની શકિત-સજ્જતા પર આધાર રાખે છે.

હવે સુંદર દુકાનો અને શૉ રૂમોથી ઝાકમઝાળ હતો એવો વિસ્તાર આવશે. આ ખાલીખમ દુકાનોનું દર્શન એક અસાધારણ વીરત્વભર્યા બનાવ જોડે સંકળાયું છે. શિવાજીએ સુરત લૂંટયું એની વિગતો જેટલી જ રસપ્રદ આ વિગતો છે. ૨૮ ફેબ્રુઆરી અને એ પછીના બેત્રણ દિવસોના રોમાંચક ગાળામાં અહીં કેટલાંક સાહસિક નરનારીઓએ છાપો માર્યો હતો. ટેલિવિઝન પર આવતા કાર્યક્રમોમાં પાંચ મિનિટમાં કોણ કેટલાં ગુલાબજાંબુ ખાઈ શકે એવી સ્પર્ધાઓ મનોરંજન માટે યોજાય છે. તેમ અહીં સ્પર્ધકોએ એકમેકને મહાત કરવા ચોપ્પન કે સાઠ હજારની સાડીઓ પાંચ મિનિટમાં કે દસ લાખનું ઝવેરાત સાત મિનિટમાં લૂંટી પોતાની ઝડપ અને ચતુરાઈનું પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધકોનો ઉત્સાહ એટલો ગજબનાક હતો કે ઘડીના છઠ્ઠા ભાગમાં એમણે મોટા મોટા શૉ રૂમ ઉજ્જડ કરી દેખાડયા હતા. પીંઢારાઓ મૂળ આ પ્રદેશના જ હશે એવી વાયકાને આથી સમર્થન મળે એવું ઘણું સંશોધકોને આ બનાવમાંથી હાથ લાગશે. આ સ્થળે એક લાઈટ એન્ડ સાઉન્ડ શૉ પણ ગોઠવ્યો છે. ગુજરાતના લાક્ષણિક સંગીત અને ઢોલને તાલે દુકાનો લૂંટતા સ્પર્ધકોના લયબદ્ધ અને ઝડપી હલનચલનને અને પછી મોડેથી કાયદાના રક્ષકો સ્થળ પર આવી ગયા હોવાને કારણે થયેલી દોડધામને તાદશ કરતાં અદ્ભુત દશ્યો માણવાની તક પ્રવાસીઓએ જતી કરવા જેવી નથી.

આ પછી ગાંધીનગર તરફ જવું હોય તો જઈ શકાય પણ એ જોખમી પ્રદેશ છે અને ત્યાં કેટલાક માનવભક્ષીઓનું વિશાળ અભયારણ્ય આવે છે એટલે એ જોવાની ઇચ્છા હોય તો જ ત્યાં જવું. નહીં તો અભયારણ્યની બહાર સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવતાં પાટિયાં રાખ્યાં છે એ વાંચી ફરીને પાછાં વાહનમાં ગોઠવાઈ જવું. સ્થિતપ્રજ્ઞને અને અભયારણ્યને શો સંબંધ એ પૂછવું નહી કારણ કે અમે ગાઇડને પૂછયું ત્યારે એ ઉત્તર આપી શકેલા નહીં.

સાબરમતી આશ્રમનો આંટો મારવાની સગવડ રાખવામાં આવી તો છે પણ એ જોવા બસમાંથી નીચે ઊતરવાની જરૂર નથી. આ પ્રદેશની પ્રજા ગાંધીજીને કેટલી માને છે એ હવે બોલવા-લખવાનો વિષય જ નથી. આખેઆખી પ્રજા એના આગેવાનો સહિત ત્રણ ભાગમાં વહેંચાઈ ગઈ હોય અને પોતાના પ્રિય નેતાનાં મૂલ્યોનું જતન કરતી હોય એવો દાખલો દેશમાં ભાગ્યે જ શોધી શકાશે. અહિંસા અને સમભાવના ઉપાસક એવા ગાંધીજીએ એમને મનપંસદ ત્રણ વાનરો થકી જે સંદેશ આપ્યો હતો તે છેવટે ગુજરાતની ગુણવાન પ્રજાએ ગ્રહણ કર્યો છે એ જાણી કોઈપણ ગુજરાતીનું હૈયું હરખથી ફાટી પડશે. એ ત્રણ વાનરોના પાઠમાં ગુજરાતની પ્રજાએ જાતને ગોઠવી દીધી છે; આંખે હાથ, કાને હાથ અને મોંએ હાથ. રાષ્ટ્રપિતાને આવી ઉત્તમ શ્રદ્ધાંજલિ આપવાની પાત્રતા અંતે તો ગુજરાતની પ્રજાની જ હોય ને ?


[ એક પ્રવાસીએ કાંકરિયાનો પ્રાણીબાગ આ ગુજરાતદર્શનમાં કેમ સામેલ નથી કર્યો એમ પૂછપરછ કરી છે તો એના ઉત્તરમાં જણાવવું રહ્યું કે કોઈ અગમ્ય કારણસર પ્રાણીબાગનાં મોટા ભાગનાં પ્રાણીઓએ આત્મહત્યા કરી છે અથવા તો એકાંતખૂણો પકડી લીધો છે. ફેબ્રુઆરી ૨૮ પછી પ્રાણીઓની આ દશાનો અભ્યાસ એમના મનોચિકિત્સકોએ કર્યા બાદ તારણ આપ્યું છે કે લઘુતાગ્રંથિથી અથવા શરમનો ભાવ અનુભવવાથી પ્રાણીઓ આ પ્રકારનું વર્તન કરે છે. આ ભાવને કારણે તેઓ પોતાની જાતને પ્રદર્શિત કરવાનું ટાળે છે. જોકે પક્ષીઓની ભાષા સમજનાર એક પક્ષીવિદ્ એમ કહ્યું છે કે, કેટલાંક કબૂતરોના કહેવા પ્રમાણે ઘણાં પ્રાણીઓ અને પક્ષીઓએ માણસનું મોં નથી જોવું એમ ઠરાવ્યું છે. સળગતા ઘરમાં માણસે માણસોને ફેંકયા હોવાનાં દશ્યો જોયા બાદ એમણે આ નિર્ણય લીધો છે એમ પેલાં પક્ષીવિદ્નું કહેવું છે. ]

અંતે નગરના મધ્યભાગમાં કાયદાનું પાલન કરાવવાનું કામ જેનું છે એ અધિકારીઓનાં પૂતળાં જોવામાં આવશે. તેઓ આમ તો ગતિશીલ મુદ્રામાં દેખાશે પણ એ રનીંગ ઑન ધ સ્પૉટ જેવી સ્થિતિ હશે એટલે ગતિની ભ્રાંતિ સર્જાય પણ ગતિ હોય જ નહીં એવી કુનેહભરી વ્યવસ્થાનું આ એક નિદર્શન બની રહેશે.

ગુજરાતનું આ નવલું દર્શન દેશવિદેશનાં અને ગુજરાતનાં જ પ્રવાસીઓ માટે આગવું આકર્ષણ બની રહે એવી સંભાવના છે.

(૧-૫-૨૦૦૨)

REGISTERED UNDER RNI NO. GUJGUJ/2009/29656, PSO ON F/N 1ST & 16TH OF EVERY MONTH under Postal Registration No. GAMC777/2012-2014 Ahmedabad, valid upto 31-12-2014




**Publisher, Editor and Printer :** Prakash N. Shah on Behalf of Nireekshak Foundation. 'Prakash' Bunglow, Nr. Abhinandan Flats, B/h.Navarangpura Post Office, Navarangpura, Ahmedabad-380 009. Phone. : 079-26562806 E-mail : prakash.nirikshak@gmail.com
**Printed at :** Shardul Printing Press, B/6, Rambha Com., Income Tax, Ashram R'd, Ahmedababad-14. E-mail : shardul_press rediffmail.com